




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# અનુક્રમણિકા


૧. પાપની અવગણના કરશો નહીં ૧
૨. કંસના વધથી અસુરપણાનો વિનાશ થયો ૨
૩. જ્ઞાન અને વિવેકની સાધના કરીએ ૬
૪. શિક્ષિત સ્ત્રી પોતાના વર્ગને ઊંચો લાવે ૧૦
૫. સ્વાવલંબન માટે પ્રતિભાઓ આગળ આવે ૧૨
૬. સદાચારની જનની-આસ્તિકતા ૧૪
૭. સત્યમ્, શિવમ્, સુન્દરમ્ ૧૭
૮. માની કૃપાથી શું સંભવ નથી ? ૨૦
૯. અભિમન્યુ : એક દંતકથા નહીં, સચ્ચાઈ ૨૩
૧૦. અતિગરમ તાપમાન લાવી રહ્યું છે જળપ્રલય ૨૫
૧૧. વ્યવહાર કુશળતા એક પારસમણિ સમાન ૨૮
૧૨. પરમ પૂજ્ય ગુરુદેવની અમૃતવાણી કેવી રીતે આદર્શ પરિવાર વિકસિત થાય-૧ (પૂર્વાર્ધ) ૩૦
૧૩. હર શ્વાસમાં સંપાદિત દિવ્ય કર્મ જ યજ્ઞ છે ૩૮
૧૪. શ્રીરામ લીલામૃતમ્-ભાગ ૧ ૪૩
૧૫. આત્મીય અનુરોધ ૪૭
૧૬. યુગ નિર્માણ સમાચાર


## ઋષિ ચિંતનના સાંનિધ્યમાં ગ્રંથની સ્થાપના માટે અનેરો ઉત્સાહ..........

યુગ નિર્માણ સાહિત્ય વિતરણ કેન્દ્ર માંજલપુર, ગાયત્રી પરિવાર બોટાદ, ચતુરભાઈ ચોકસી રાણીપ, આર.એમ. ભાવસાર ગાંધીનગર, કેતન અને કપિલાબેન પંચાલ સેટેલાઈટ, શૈલેષભાઈ ઠક્કર શાસ્ત્રીનગર, ગાયત્રી શક્તિપીઠ ગાંધીનગર, ગાયત્રી શક્તિપીઠ રાજકોટ, ઉર્મિલાબેન પટેલ આણંદ, ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ગાંધીધામ, કેશવલાલ પુરોહિત થરાદ, ગાયત્રી શક્તિપીઠ ભરૂચ, ગાયત્રી જ્ઞાન મંદિર જુનાગઢ, ચંચલબેન ધાનેરા, અલકાબેન ભટ્ટ નડીયાદ, મોહનભાઈ પરમાર ડુલુથ (યૂ. એસ. એ.) ગાયત્રી પરિવાર, વડગામ, ગાયત્રી પરિવાર સોલા રોડ, કનુભાઈ ગોસ્વામી ચાંદખેડા, ગાયત્રી પરિવાર ચરાડા, અરૂણાબેન નડીયાદ, પિયુષભાઈ મહેતા મણીનગર, ગાયત્રી શક્તિપીઠ-ભુજ, સુભાષભાઈ સેટેલાઈટ, ગાયત્રી જ્ઞાન પ્રચાર કેન્દ્ર વડોદરા, હરીશંકર પંડયા ભાવનગર, ગાયત્રી પરિવાર સ્વાધ્યાય મંડળ નિર્ણયનગર. ક્રમશઃ

પાંચ કે તેથી વધુ ગ્રંથ એક સાથે જ લેનાર પરિજનો-શાખાની યાદી આ ક્રમમાં પ્રકાશિત થાય છે.

**ભાવનગરના હરીશંકરભાઈ પંડયા નિષ્ઠાવાન પરિજનો, ગાયત્રી સાધકોના સહયોગથી ૧૦૦૧ ઋષિ ચિંતનનાં સાંનિધ્યમાં ગ્રંથોની સ્થાપના કરાવી રહ્યા છે. આવા નિષ્ઠા ભર્યા પરિશ્રમ માટે અભિનંદન.**

૨૦૦થી વધુ ઘરોમાં ઋષિ ચિંતન ગ્રંથને સ્થાપના કરવાનો દૃઢ સંકલ્પ કરનાર શાખા-પરિજનોની યાદી.

| | |
|---|---|
| ગાયત્રી શક્તિપીઠ, ભરૂચ | ૨૫૧ ગ્રંથ સ્થાપના. |
| હર્ષિદાબેન ત્રિવેદી | ૨૦૧ ગ્રંથ સ્થાપના. |
| ગાયત્રી શક્તિપીઠ ભુજ | ૨૨૧ ગ્રંથ સ્થાપના. |
| આશિષભાઈ ત્રિવેદી માંડવી, વડોદરા | ૩૫૧ ગ્રંથ સ્થાપના. |

**યુગ સાહિત્યનાં નિત્ય સ્વાધ્યાય દ્વારા માનવમાં દેવત્વ અને ધરતી ઉપર સ્વર્ગીય વાતાવરણ નિશ્ચિત બને છે.** -શ્રીરામ શર્મા આચાર્ય




**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્

# યુગ શક્તિ ગાયત્રી

: સંસ્થાપક / સંરક્ષક :
વેદમૂર્તિ, તપોનિષ્ઠ યુગદ્રષ્ટા
પં. શ્રીરામ શર્મા આચાર્ય
અને
માતા ભગવતી દેવી શર્મા

: સંપાદક :
પં. લીલાપત શર્મા

: સહ સંપાદક :
ધનશ્યામ પટેલ

: કાર્યાલય :
ગાયત્રી તપોભૂમિ,
મથુરા – ૨૮૧ ૦૦૩
: ટેલિફોન :
(૦૫૬૫) ૫૩૦૩૯૯, ૫૩૦૧૨૮

વાર્ષિક લવાજમ : ૫૫ રૂપિયા
આજીવન લવાજમ : ૭૦૦ રૂપિયા
વિદેશનું લવાજમ
વાર્ષિક ૧૦ પાઉન્ડ / ૧૫ ડૉલર
રૂા. ૬૦૦=૦૦
આજીવન :૧૦૦ પાઉન્ડ/૧૫૦ ડૉલર
ભારતીય મુદ્રામાં રૂા. ૭૦૦૦-૦૦
વર્ષ - ૩૩ અંક - ૩
પ્રકાશન તિથિ ૨૫-૨-૨૦૦૨
માર્ચ - ૨૦૦૨
એક અંક : રૂા. ૬-૦૦

## પાપની અવગણના કરશો નહીં

એવું કાંઈ ના કરશો, જેના કારણે પાછળથી પસ્તાવો કરવો પડે. નકામી વસ્તુઓ મોટા પ્રમાણમાં એકઠી કરી લેવાથી શું લાભ ? જે ઉત્તમ છે તેનો થોડોક સંગ્રહ પણ ઉત્તમ છે.

અવ્યવસ્થિત અને અસંયમી બનીને સો વર્ષ જીવવા કરતાં જ્ઞાન પ્રાપ્ત કરતા રહીને ધર્મપૂર્વક એક વર્ષ જીવતા રહેવું વધારે સારું છે. ધુમાડો પેદા કરીને મોડે સુધી સળગતા રહેતા અને મેંશ પેદા કરતા અગ્નિ કરતાં થોડીવાર ઉજ્જવળ પ્રકાશ આપીને બુઝાઈ જતો અગ્નિ પ્રશંસનીય છે.

જેણે ધર્મનો ત્યાગ કર્યો હોય, જે નિરંકુશ અને સ્વેચ્છાચારીની જેમ વિચારે છે અને કરે છે તેનાથી ખરાબ કર્મો જ થશે, તે ખોટા માર્ગે જ ચાલી શકશે. ધર્મનાં બંધનોથી અનેક સ્થાનેથી બંધાયેલું મન જ ઉદ્દંડ ઘોડાની જેમ કાબૂમાં રહી શકે છે. ઢાળવાળી જમીન પર ફેલાયેલું પાણી ઉપરની તરફ ચઢતું નથી, તે જ પ્રમાણે સ્વેચ્છાચારી મન ન તો સારી વાતો વિચારે છે અને ન સારાં કાર્ય કરે છે. મનને ખોટે માર્ગે જતું રોકવું એ જ સૌથી મોટો પુરુષાર્થ છે. જેણે પોતાની ઉપર સંયમ મેળવ્યો હોય તે આ ત્રિલોકનો સ્વામી છે.

પાપની અવગણના ન કરો. તે થોડાંક હોવા છતાં પણ મોટું અનિષ્ટ કરી નાખે છે. આગની નાની સરખી ચિનગારી પણ કિંમતી વસ્તુઓના ઢગલાને બાળીને ભસ્મ કરી નાંખે છે. ઉછેરેલો સાપ ક્યારે પણ ડંખી શકે છે. મનમાં છુપાયેલું પાપ ગમે ત્યારે આપણા ઉજ્જવળ જીવનનો નાશ કરી શકે છે.

-ઋષિચિંતનના સાન્નિધ્યમાં ગ્રંથમાંથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

શ્રીમદ્ ભાગવત્ કથા

# કંસના વધથી અસુરપણાનો વિનાશ થયો

લગાતાર રાક્ષસો મરાવાથી કંસ પરેશાન હતો. નારદજીએ વિચાર્યું કે કંસને પણ ઠેકાણે પાડી દેવો જોઈએ. તેઓ કંસ પાસે ગયા અને તેને કહ્યું કે કૃષ્ણ, વાસુદેવ-દેવકીના પુત્ર છે અને તેમણે જ તમે મોકલેલા બધા રાક્ષસોને મારી નાખ્યા છે. આ સાંભળી ક્રોધે ભરાયેલો કંસ વાસુદેવને મારવા માટે તલવાર લઈને દોડ્યો. નારદજીએ તેને અટકાવ્યો અને દેવકી સહિત ફરીથી જેલમાં ધકેલી દીધા પછી કેશી નામના દૈત્યને બોલાવીને તેને કૃષ્ણને મારી નાખવા મોકલ્યો.

આટલાથી પણ કંસને સંતોષ ન થયો. જો કેશીના હાથમાંથી કૃષ્ણ બચી જાય તો તેમને છળથી મારી નાખવાની તેણે તૈયારી કરી. તેણે અક્રૂરને બોલાવીને કહ્યું કે તમે કૃષ્ણ-બલરામને મથુરા લઈ આવો. તેમને કહેજો કે મામા કંસે મથુરા નગરીમાં આયોજિત એક વિશિષ્ટ સમારંભ નિહાળવા તમને નોતર્યા છે. નંદજી સહિત બધા ગોપોને પણ સામગ્રી સાથે લઈને આવવા કહેજો. તેઓ અહીં આવશે ત્યારે હું તેમને મારા કુવલયાપીડ હાથી દ્વારા અથવા ચાણૂર, મુષ્ટિક વગેરે પહેલવાનો પાસે મરાવી નાખીશ. જો તેઓ નિષ્ફળ જશે તો ખુદ હું તેમને મારી નાખીશ. અક્રૂર સમજી ગયા કે કંસ કાળનિમિત્ત બન્યો છે. આથી તેણે કંસને ચેતવ્યો, પરંતુ આજ્ઞાનું પાલન કરવા નીકળી પડ્યો.

આ બાજુ કેશી એક મોટા ઘોડાનું રૂપ લઈને વ્રજમાં પહોંચ્યો અને રમતરમતમાં જ કૃષ્ણને હાથે મરાયો. ત્યારે નારદજી ત્યાં પહોંચ્યા અને ભગવાનના સ્વરૂપ-તત્ત્વને જાણનાર દેવર્ષિ નારદ તેમની સ્તુતિ કરવા લાગ્યા.

બધાં જ કાષ્ટોમાં જેમ એક જ અગ્નિ વ્યાપ્ત છે તે જ રીતે આપ એકમાત્ર, સમસ્ત પ્રાણીઓમાં આત્મારૂપ છો, કેમકે આપ પંચકોષરૂપ ગુફાઓની અંદર વસો છો, આમ છતાં પુરુષોત્તમના રૂપમાં, સૌ કોઈના નિયંતાના રૂપમાં અને સૌના સાક્ષીના રૂપમાં આપની અનુભૂતિ થાય છે.

આવા આપે દૈત્યો અને રાક્ષસોનો જેમણે આજકાલ રાજાઓનું રૂપ ધારણ કર્યું છે તેમનો વિનાશ કરવા માટે તથા ધર્મની મર્યાદાઓની રક્ષા કરવા માટે અવતાર લીધો છે.

નારદજી ભગવાનને વંદન કરીને ચાલ્યા ગયા. આ બાજુ અક્રૂર કંસનો સંદેશો લઈને નીકળી પડ્યા. તેમના મનમાં શ્રીકૃષ્ણ, બલરામ અને અન્ય ગોપબાળો પ્રત્યે સદ્ભાવ હતો પરંતુ તેઓ વિચારવા લાગ્યા-

હું કંસનો દૂત છું અને તેના જ મોકલવાથી તેમની પાસે જઈ રહ્યો છું. તેઓ મને તેમનો શત્રુ તો નહિ માની લે ને ? ના, તેઓ એવું તો કદાપિ નહીં સમજી બેસે, કેમકે તેઓ નિર્વિકાર છે, સમદર્શી છે, સમગ્ર વિશ્વના સાક્ષી છે, સર્વજ્ઞ છે, તેઓ ચિત્તની અંદર છે અને બહાર પણ છે. સૂક્ષ્મરૂપે રહીને અંતઃકરણની એકે એક ચેષ્ટાને પોતાની નિર્મળ જ્ઞાનદૃષ્ટિ દ્વારા જોતા રહે છે.

તેમને નથી કોઈ પ્રિય, નથી કોઈ અપ્રિય, ન કોઈ તેમનો આત્મીય આપ્તજન છે, ન કોઈ દુશ્મન. તેમની અવગણનાને પાત્ર પણ કોઈ નથી. આમ છતાં જેવી રીતે કલ્પવૃક્ષ, તેની પાસે જઈને યાચના કરનારાઓને તેમની મોં માગી વસ્તુ આપી દે છે, તે જ રીતે ભગવાન પણ, જે કોઈ તેમને જે રીતે ભજે છે તે જ રૂપે તેઓ પણ તેમને ભજે છે.

આ પ્રમાણે વિચારતા અક્રૂરજી નંદગામમાં પહોંચ્યા. સગાઈ સંબંધની દૃષ્ટિએ અક્રૂરજી વસુદેવજીના ભાઈ હતા. નંદબાબાએ તથા કૃષ્ણ-બળદેવે તેમનો યથાયોગ્ય આદર સત્કાર કર્યો. તેમના સ્વાગત વ્યવહારથી અક્રૂરજીનો બધો થાક ઊતરી ગયો. સાંજના ભોજન પછી ભગવાન શ્રીકૃષ્ણ તેમની સાથે ચર્ચા કરવા બેઠા. પોતાના પરિવારજનોના કુશળ સમાચાર પૂછતાં તેઓ કહેવા લાગ્યા -

અમારા નામ માત્રના કહેવાતા મામા કંસ તો અમારા કુટુંબને માટે ભયંકર વિઘ્નરૂપ છે. જ્યાં સુધી તેમની પ્રગતિ થતી રહે છે ત્યાં સુધી અમે અમારા આત્મીયજનોના અને તેમનાં બાળબચ્ચાંઓના કુશલ મંગલ સમાચાર શું પૂછીએ?

અક્રૂરજીની આ વાત સાંભળીને વિપક્ષના શત્રુઓનું દમન કરનાર ભગવાન શ્રીકૃષ્ણ અને બલરામજી હસવા

**ભાગ્ય એક કોરો કાગળ છે, તેના પર તમે જે ઈચ્છો તે લખી શકો.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

લાગ્યા અને ત્યારબાદ તમણે પોતાના પિતાજી નંદજીને કંસની આજ્ઞા કહી સંભળાવી.

નંદજીએ તરત જ અગ્રણી ગોપોને બોલાવ્યા તથા ગાડા તૈયાર કરવા અને દહીં-માખણ એકઠું કરવા સૂચન કર્યું જેથી વહેલી સવારે મથુરા જવા પ્રસ્થાન થઈ શકે. મથુરામાં યોજાનારા સમારંભને જોવાની લાલસામાં અનેક ગોવાળો તથા ગોપબાળકો પણ તૈયાર થઈ ગયા. પ્રાતઃકાળે બધા લોકો નીકળી પડ્યા. કૃષ્ણ પોતાના માતાપિતાની પાસે જઈ રહ્યા છે. તેઓ સમયસર કદાચ પાછા ફરે ન ફરે એ શંકાથી વ્રજભૂમિના નર-નારીઓ દુઃખી હતાં. શ્રીકૃષ્ણએ તેમને 'હું આવી જઇશ' કહીને આશ્વાસન આપ્યું.

બધા માણસો રવાના થયા, યમુના કિનારે પહોંચીને બધાએ મોં ધોઈ જલપાન કર્યું. કૃષ્ણ-બળદેવજીને ફરીથી રથમાં બેસાડીને અક્રૂરજી સ્નાન કરવા લાગ્યા. પાણીમાં ડૂબકી મારીને તેઓ ગાયત્રીમંત્રનો જપ કરવા લાગ્યા. તેમને પાણીની અંદર બન્ને ભાઈઓના દર્શન થયા, આશ્ચર્યચકિત થઈને તેમણે પાણીની ઉપર આવીને રથ ઉપર નજર નાંખી તો ત્યાં પણ તે બન્નેને જોયા. ફરીથી ડૂબકી મારતાં તેમને ભગવાનનાં દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં ત્યારે અક્રૂરજી ભાવવિભોર બનીને પોતાની દુર્બળતાઓ ભગવાન સમક્ષ પ્રગટ કરતાં કરતાં તેમની સ્તુતિ કરવા લાગ્યા.

હે પ્રભુ ! હું અવિનાશી અક્ષર વસ્તુના જ્ઞાનથી વંચિત છું. આનાથી જ મારા મનમાં અનેક વસ્તુઓની કામના અને તેમની પૂર્તિ કરવાના સંકલ્પો ઉદ્‌ભવતા રહે છે. આ ઉપરાંત એ ઈન્દ્રિયો પણ જે બહુ પ્રબળ અને અપ્રતિરોધ્ય છે, મનનું મંથન કરતી બળપૂર્વક આમતેમ ઘસડી જાય છે, અને આથી જ મારા આ મનને હું રોકી શકતો નથી.

અક્રૂરજીએ કહ્યું, હે પ્રભુ ! પૃથ્વીમાં, આકાશમાં કે જળમાં અને સમગ્ર જગતમાં જેટલા અદ્‌ભુત પદાર્થો છે, તે બધા આપ પોતે જ છો, કેમકે આપ વિશ્વરૂપ છો. જ્યારે હું આપને જ જોઈ રહ્યો છું ત્યારે એવી કોઈ અદ્‌ભુત વસ્તુ રહી જાય છે, જે મેં જોઈ ન હોય. ભગવાનના વિશ્વરૂપનાં દર્શન થયા પછી સંસારની દરેક વસ્તુ પોતાની પરિચિત તથા પોતાના જેવી જ લાગવા માંડે છે. આ દરમિયાન ભગવાને પોતાનું દિવ્ય રૂપ-સ્વરૂપ સમેટી લીધું. અક્રૂરજી પાણીની બહાર આવ્યા અને સ્ફૂર્તિથી તૈયાર થઈને રથમાં બેસી ગયા. આ દિવ્ય દર્શનની ચર્ચા શ્રીકૃષ્ણ સાથે કરતાં કરતાં ચાલી નીકળ્યા. મથુરા પહોંચીને બધાએ નગરની બહાર એક બગીચામાં તંબુ તાણી દીધા. અક્રૂરજી પ્રેમવશ શ્રીકૃષ્ણ-બળદેવને ઘેર આવવા માટે આગ્રહ કરવા લાગ્યા. તેમણે આ સમય તે માટે યોગ્ય નથી તેમ સમજીને તેમને સમજાવી વિદાય કરી દીધા.

> *પર્વત પરથી નદી વહેવા લાગી. શિલાખંડોએ કહ્યું, આગળ ન જઈશ. સૂકી ધરતીમાં સુકાઈને તારું અસ્તિત્વ જ ખતમ થઈ જશે. પરંતુ નદી તો શાંતભાવે વહેતી રહી. તેણે તો તૃષિતો સુધી પાણી પહોંચાડવાનું હતું. તે સુકાઈ નહીં તેને એક એક કરીને અન્ય પ્રવાહો મળતા ગયા અને તે વિશાળ બનતી ગઈ. વિતરણ કરવાથી તે વધી જ, ઘટી નહિ.*

બીજા દિવસે પ્રાતઃકાળે બધા લોકો વ્યવસ્થા અને તૈયારીમાં લાગી ગયા. ત્રીજા પહોરે શ્રીકૃષ્ણ પોતાના ભાઈ (બળરામ) તથા મિત્રોની સાથે મથુરા નગર જોવા નીકળ્યા. તેમણે નગરમાં દુષ્ટ અને સજ્જન બન્ને પ્રકારના લોકોને જોયા. દુષ્ટ વ્યક્તિઓ કંસની સમર્થક હતી તથા તેનાથી રક્ષાયેલી હતી અને તેથી ઉદ્ધત પણ હતી. સજ્જનો કંસના ડરથી દબાઈને રહેતા. શ્રીકૃષ્ણએ નીડરતાપૂર્વક દુષ્ટોને ભયભીત કરવાનું અને સજ્જનોને સંતુષ્ટ કરવાનું શરૂ કરી દીધું. નગરમાં સુદામા નામે એક માળી રહેતો હતો, તે બહુ જ્ઞાની અને ભક્ત હતો. શ્રીકૃષ્ણ અને બળરામ તેને ત્યાં પહોંચ્યા, તેણે તેમનું સ્વાગત કર્યુ તથા તે ભાવપૂર્વક તેમને વંદન કરવા લાગ્યો.

આપ બન્ને સમગ્ર જગતના પરમ કારણરૂપ છો. આપ સંસારના અભ્યુદય, ઉન્નતિ અને નિર્લેપ મોક્ષ માટે જ આ પૃથ્વી પર પોતાના જ્ઞાન, બળ આદિ અંશો સાથે અવતર્યા છો.

આ રીતે બન્ને ભાઈઓ પોતાના મિત્રો સહિત મથુરા નગરના બધા દર્શનીય સ્થળો જોતા રહ્યા. કેટલીય જગ્યાએ ઉચ્છૃંખલ અભિમાની દુષ્ટોની સાથે તેમનો મુકાબલો થયો. તેમણે તેમની દુષ્ટતાની તેમને યોગ્ય સજા આપી. કંસના સૈનિકો તેમના રાજાના સમર્થનમાં આવી પહોંચ્યા. ત્યારે બન્ને ભાઈઓએ મળીને તેમને મારીને ભગાડી દીધા. તેમના દ્વારા અનીતિનો સાહસિક



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સામનો તથા સજ્જનોના માન-સન્માન અને સમર્થનની અનેક ઘટનાઓની સમગ્ર શહેરમાં ચર્ચા થવા લાગી. જ્યારે નગરવાસીઓએ બન્ને ભાઈઓના આ અદ્ભુત પરાક્રમની વાત સાંભળી અને તેમના તેજ, સાહસ તથા અનુપમ રૂપનાં દર્શન કર્યા ત્યારે મનમાં તેમણે એજ નિશ્ચય કર્યો કે કહો ન કહો, આ બન્ને શ્રેષ્ઠ દેવતાઓ છે. આ પ્રકારે એક જ દિવસમાં આખું નગર જોઈને, દુષ્ટોનું મનોબળ તોડીને તથા લોકમાનસને પોતાના પક્ષે કરીને બન્ને ભાઈ પોતાના તંબુ પર પાછા ફર્યા. પછીથી હાથ-પગ ધોઈને શ્રીકૃષ્ણ અને બલરામે દૂધમાંથી બનાવેલ ખીર વગેરે પદાર્થોનું ભોજન કર્યું અને કંસ હવે પછી આગળ શું કરવા ધારે છે તેની જાણકારી મેળવીને તે રાત્રે ત્યાં જ આરામથી પોઢી ગયા.

આ બાજુ કંસ આખી રાત બેચેન રહ્યો, તેના મનમાં જાતજાતના અશુભ વિચારો ઊઠતા રહ્યા અને એ જ પ્રકારનાં દૃશ્યો તેને દેખાવા લાગ્યા. સવારે સૂર્યોદયની સાથે જ વિશેષ સમારંભનો આરંભ થયો. રંગભૂમિમાં બધા લોકો યથાસ્થાને જઈ ગોઠવાયા. કંસ સિંહાસન પર આરૂઢ થતાં જ પહેલવાનો પોતાની જાંઘ થપથપાવવા લાગ્યા અને ઢોલ-નગારાં વાગવા લાગ્યા. નાહી ધોઈને સંધ્યા વગેરેથી નિવૃત્ત થઈને બન્ને ભાઈઓએ જ્યારે નગારાનો નાદ સાંભળ્યો તો તેઓ પણ જોવા માટે રંગભૂમિ તરફ નીકળી પડ્યા. રંગભૂમિના મુખ્ય દ્વાર પર જ કુબાલયાપીડ હાથી માર્ગ આંતરીને ઊભો હતો. મહાવતે તેમને જવાનો રસ્તો આપવાને બદલે તેમના ભણી હાથી દોડાવ્યો. શ્રીકૃષ્ણ તેની સાથે થોડો સમય રમત કરતા રહ્યા, તેને ખૂબ બહેકાવ્યો પછી તેની સૂંઢ પકડીને તેને નીચે પાડી મહાવત સહિત તેને મારી નાંખ્યો. બન્ને ભાઈઓએ તેના દાંત હાથમાં લઈને મિત્રો સાથે રંગભૂમિમાં પ્રવેશ કર્યો.

જે સમયે ભગવાન શ્રીકૃષ્ણ બલરામજીની સાથે રંગભૂમિમાં પધાર્યા તે સમયે તેઓ પહેલવાનોને વજ્ર જેવા કઠોર શરીરવાળા, સાધારણ માણસોને નરરત્ન, સ્ત્રીઓને મૂર્તિમંત કામદેવ, ગોપબાળાને સ્વજન, દુષ્ટોને દંડ આપનાર શાસક, બાળકોને મન માતાપિતા સમાન અને વૃદ્ધોને શિશુરૂપ, કંસને મૃત્યુરૂપ, જ્ઞાનીઓને વિરાટરૂપ વિદ્વાન, યોગીજનોને પરમ તત્ત્વરૂપ અને ભક્ત શિરોમણિ વૃષ્ણિ-વંશીઓને પોતાના ઈષ્ટદેવ જેવા જણાવા લાગ્યા. શ્રીકૃષ્ણને આ રીતે કુબલયાપીડ હાથીથી બચીને આવતા જોઈ ચાણૂરે કપટી શબ્દોમાં કહ્યું, "આવો, રાજા કંસને પ્રસન્ન કરવા માટે આપણે બન્ને કુસ્તી લડીએ. જંગલમાં ગોવાળો ખૂબ પ્રેમથી કુસ્તી લડે છે -" કૃષ્ણએ કહ્યું ઠીક, રાજાની પ્રસન્નતા માટે આપણે પ્રયાસ કરવા જોઈએ. પરંતુ ચાણૂર, અમે હજી બાળકો છીએ એટલા માટે અમે અમારા જેટલા બળવાળા બરોબરિયાં બાળકો સાથે જ કુસ્તી કરવાની રમત રમીશું. કુસ્તી સમાન બળવાળાઓની સાથે જ થવી જોઈએ. જેથી જોનાર પ્રેક્ષક સમુદાયને અન્યાયના પોતે સમર્થક બન્યા હોવાનું પાપ ન લાગે.

ચાણૂરે કૃષ્ણની વાત સાંભળીને કહ્યું, "તમે બન્ને ભાઈઓ બાળકો કે કિશોરોની કક્ષામાં નહિ, શ્રેષ્ઠ પહેલવાનોની કક્ષામાં આવો છો. તમે હજાર હાથીઓ સમાન બળવાળા કુબલયાપીડને રમત માત્રમાં જ મારી નાખ્યો છે એટલા માટે કૃષ્ણ તું મારી સાથે અને બલરામ મુષ્ટિક સાથે કુસ્તી લડો. આમાં કોઈ અનીતિ નથી."

જેમ ફૂલોના ગજરાના ભારથી ગજરાજ ચલિત થતા નથી તેમ ભગવાન શ્રીકૃષ્ણ સહેજ પણ ડગ્યા નહિ. તેમણે ચાણૂરના બન્ને હાથ પકડી લીધા અને અવકાશમાં ખૂબ વેગથી અનેકવાર ઘુમાવ્યો. શુકદેવજી કહે છે, હે પરીક્ષિત, ચાણૂરના પ્રાણ તો તેને ઘુમાવ્યાની સાથે જ ઉડી ગયા હતા. કૃષ્ણએ તેને જમીન પર પટક્યો. તેના વસ્ત્રો અસ્તવ્યસ્ત થઈ ગયાં, વાળ અને માળાઓ વેરવિખેર થઈ ગઈ. તે ઈન્દ્રધ્વજની પૂજા માટે ઊભા કરાયેલા મોટા ઝંડાની જેમ જમીન પર તૂટી પડયો. આ બાજુ મુષ્ટિકે બલરામજી પર મુક્કાબાજી કરી. તેના બદલામાં બલરામજીએ તેને તમાચા માર્યા. તમાચો પડતાં તે કંપી ઊઠ્યો અને આંધીમાં ઉખડી પડેલાં વૃક્ષની જેમ અત્યંત વ્યથિત અને અંતે નિષ્પ્રાણ થઈને લોહી ઓકતો ઓકતો ધરતી પર જઈ પડ્યો. ચાણૂર અને મુષ્ટિકને ધરાશાયી થયેલા જોઈને કૂટ, શલ અને તોશલ નામે પહેલવાનો એકી સાથે બન્ને ભાઈઓ પર તૂટી પડ્યા. આ બન્ને વીરોએ એક એક પ્રહારમાં જ તેમને પ્રાણહીન કરી દીધા.

આ અદ્ભૂત પરાક્રમ જોઈને લોકો ધન્ય ધન્ય પોકારી ઉઠ્યા, પરંતુ કંસ અત્યંત ક્રોધાયમાન થઈ ગયો. તે પોતાના સેવકોને કહેવા લાગ્યો કે આ બાળકોને શહેરમાંથી તગેડી મૂકીને ગોપજનોની બધી સંપત્તિ જપ્ત કરી લો અને વસુદેવ તથા ઉગ્રસેનને મારી નાખો. આ સાંભળતાં જ કૃષ્ણ ઉછળીને તેના



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સિંહાસનની પાસે જઈ પહોંચ્યા, કંસ ઢાલ-તલવાર લઈને તેમના પર પ્રહાર કરવા લાગ્યો, પરંતુ કૃષ્ણએ ખૂબ સ્ફૂર્તિ-ચપળતાથી તેના પ્રહારોથી બચીને તેને પકડી લીધો. આ જ વખતે કંસનો રાજમુગટ પડી ગયો અને ભગવાને તેના વાળ પકડીને તેને પણ તે ઊંચા મંચ પરથી રંગભૂમિમાં પટકી દીધો. પછી આત્મ સંયમિત અને સમગ્ર વિશ્વના આશ્રયરૂપ ભગવાન શ્રીકૃષ્ણ સ્વયં તેના પર કૂદી પડ્યા. શ્રીકૃષ્ણ જેવા કંસ પર કૂદયા કે તરત જ તેના પ્રાણ પરવારી ગયા. આ જોઈને ન્યોગ્રોધ કંસના આઠે ભાઈઓ બદલો લેવાની ભાવનાથી એકીસાથે કૂદી પડ્યા. જ્યારે બલરામજીએ જોયું કે તેઓ ખૂબ વેગથી દોડતા આવી રહ્યા છે, ત્યારે તેમણે સિંહ જેમ પશુઓને હણી નાખે છે, તેમ હળ ઉઠાવીને તેમને હણી કાઢ્યા.

કંસના વધથી દેવતાઓ અને સજ્જનો પ્રસન્ન થઈ ઉઠ્યા તથા તેના ભાઈઓની પત્નીઓ વિલાપ કરવા લાગી. તેઓ પશ્ચાત્તાપ કરતી તેમને કહેવા લાગી હે સ્વામી ! આપે નિરપરાધી પ્રાણીઓની સાથે ભયંકર દ્રોહ કર્યો હતો, અન્યાય કર્યો હતો તેનાથી જ તમારી આવી અવગતિ થઇ. સાચું જ છે કે, જે જગતના જીવોની સાથે દ્રોહ કરે છે, તેમનું અહિત કરે છે એવો કયો પુરુષ શાંતિ પામી શકે ? ત્યારબાદ શ્રીકૃષ્ણ બળરામજી સાથે પોતાના માતાપિતા પાસે પહોંચ્યા અને પ્રણામ કરીને કારાવાસમાંથી તેમને મુક્ત કર્યા. પ્રેમવિભોર બનીને સૌ એકબીજાને મળ્યા, વસુદેવ તેમની પ્રશંસા કરવા લાગ્યા, પરંતુ શ્રીકૃષ્ણએ કહ્યું કે અમે આટલા લાંબા સમય સુધી આપને સુખ ન આપી શક્યા, આપની સેવા ન કરી શક્યા એ અમારું કમનસીબ છે.

પિતા અને માતા જ આપણા આ શરીરના જન્મદાતા છે અને તેઓ જ ભરણ-પોષણ કરે છે, ત્યારે જ આ શરીર ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિનું સાધન બને છે. જો કોઈ મનુષ્ય સો વર્ષ સુધી જીવિત રહીને માતા અને પિતાની સેવા કરે છે, ત્યારે પણ તે તેમના ઉપકારના ઋણથી મુક્ત નથી થઈ શકતો. જે પુરુષ સમર્થ હોવા છતાં પણ વૃદ્ધ માતા-પિતા, પત્ની, બાળક, સંતાન, ગુરુ, બ્રાહ્મણ અને શરણાગતનું ભરણ-પોષણ કરતો નથી, તે જીવતો હોવા છતાં મુડદા સમાન જ છે. મડદું ભલે ગમે તેનું હોય, તેથી ઘૃણા જ જન્મે છે અને તેને તરત જ નષ્ટ કરી દેવાનું ઉચિત માનવામાં આવે છે. પોતાની જવાબદારીઓની ઉપેક્ષા કરનાર વ્યક્તિની સાથે પણ આવું જ બને છે.

દેવકીનંદન ભગવાન શ્રીકૃષ્ણએ આ પ્રકારે પોતાના માતાપિતાને સાંત્વન આપીને પોતાના માતામહ ઉગ્રસેનને યદુવંશના રાજા નિયુક્ત કર્યા. ઉગ્રસેનને જ્યારે સિંહાસન પર બેસાડવામાં આવ્યા, ત્યારે તેમણે શ્રીકૃષ્ણને કહ્યું કે તમે તમારા પરાક્રમથી કંસનો ઘાત કર્યો છે, તેથી તમે જ રાજ્યના અધિકારી છો. ત્યારે શ્રીકૃષ્ણ કહેવા લાગ્યા, 'હે નરેશ્વર, મને રાજ્યની કોઈ અપેક્ષા નથી. મને ન તો રાજ્યની અભિલાષા છે કે ન મેં રાજ્યલોભથી કંસને માર્યો છે. મેં લોકહિત માટે અને દુષ્ટોના દમનની મારી પોતાની સનાતન પ્રતિષ્ઠાની રક્ષા માટે ભાઈઓ સહિત આપના પુત્રને માર્યો છે, જે કુળનું વિકૃત (સડી ગયેલા) અંગરૂપ હતો.'

> ***ઘેટાનું ઊન કપાઈ ગયું, રીંછ હસ્યું અને બોલ્યું, "પાગલ ! હવે શિયાળામાં ઠંડીને કારણે મરીશ. ત્યારે ઘેટીએ કહ્યું, "ભાઈ ચિંતા ન કરીશ. હું તો ભગવાને દીધેલી સંપત્તિનું વિતરણ કરવામાં વિશ્વાસ ધરાવું છું. શિયાળા સુધીમાં મને તો ફરીથી ઊન મળી જશે, પરંતુ તને મનુષ્યનો પ્રેમ અને સન્માન ક્યારેય મળી નહીં શકે."***

કંસની દુષ્ટતાથી દુઃખી બનેલા અનેક ભલ માણસો, ઘરબાર છોડીને અન્ય સ્થળે જઈ વસ્યા હત . શ્રીકૃષ્ણએ શોધી શોધીને યદુ, વૃષ્ણિ, અંધક, મધુ, દાશાહ અને કુકુર વંશના બધા સ્વજનોને બોલાવ્યા અને સાંત્વન આપીને પોતપોતાના સ્થાને વસાવ્યા, કેમ કે જેમનો અધિકાર ઝૂંટવાઈ ગયો છે, તેમને ફરીથી તેમનો મતાધિકાર મેળવી આપવો તે ન્યાયપૂર્ણ છે. શ્રીકૃષ્ણ અને બળદેવજીએ રાજ્યમાં ગણતંત્રની વ્યવસ્થાનો અમલ કર્યો. પોતે પદથી મુક્ત રહીને બધાની સુરક્ષાની અને માર્ગદર્શન આપવાની જવાબદારી સ્વીકારી. હવે યદુકુળના તમામ યદુવંશીઓ ભગવાન શ્રીકૃષ્ણ અને બળરામજીના બળથી સુરક્ષિત હતા. તેઓની કૃપાથી તેમને કોઈ પ્રકારની પીડા નહોતી, દુઃખ નહોતું. તેઓ કૃતાર્થ થઈ ગયા હતા. આજે તેઓ પોતપોતાના ઘરોમાં આનંદથી વિહાર કરી રહ્યા હતા.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# જ્ઞાન અને વિવેકની સાધના કરીએ

એકવાર કેટલાક લોકો એક અંધને પ્રકાશ વિશે સમજાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. તેમણે પોતાની બધી બુદ્ધિ વાપરી નાખી પરંતુ તેઓ નિષ્ફળ જ રહ્યા. અંધ કહેતો હતો કે પ્રકાશ મારા હાથમાં આપો હું તેને હાથ ફેરવીને તેના વિશે જાણી શકીશ. ગજબની મૂંઝવણ હતી. પ્રકાશ તે શું કાંઈ સ્પર્શ કરવાની વસ્તુ છે ? મૂંઝાઈને તેઓ તેને ભગવાન બુદ્ધ પાસે લઈ ગયા અને કહ્યું,'આપ તો જ્ઞાની છો, આ અંધને પ્રકાશ વિશે સમજ આપો. અમે તો હાર્યા.' બુદ્ધે કહ્યું, તમે આને ખોટી જગ્યાએ લઈ આવ્યા છો આને કોઈ વૈદ પાસે લઈ જાવ. જ્યારે તેની આખો સારી થઈ જશે ત્યારે તે આપોઆપ પ્રકાશ વિશે જાણી જશે. અંધની ચિકિત્સા કરવામાં આવી. તેની આંખો સારી થઈ ગઈ અને પ્રકાશને જોઈને તે આનંદિત થઈ ઊઠ્યો. તેણે ભગવાન બુદ્ધને કહ્યું, આપની કૃપાથી હું પ્રકાશને જોવામાં અને સમજવામાં સમર્થ બન્યો છું. બુદ્ધે કહ્યું એમાં વળી મારી કૃપા શાની ? પ્રકાશ તો હતો જ, આંખોમાં દૃષ્ટિ ન હોવાને કારણે તું તેને જોઈ શકતો નહોતો. હવે એ વિઘ્ન તો દૂર થયું છે, તેથી તું પ્રકાશને જોઈ અને સમજી શકે છે. આ વાર્તા એક આધ્યાત્મિક રહસ્યને સ્પષ્ટ કરે છે. જેવી રીતે પ્રકાશને જાણવા પિછાણવા માટે નેત્રોની જરૂર છે, તે જ રીતે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવા માટે જ્ઞાન અને વિવેકની આવશ્યકતા છે. જેના વિના આપણું જીવન વ્યર્થ છે. માણસની મુખ્ય વિશેષતા પર પ્રકાશ પાથરતા પુરાણમાં ભગવાન શ્રીકૃષ્ણ ગરુડને કહે છે - ચોર્યાશી લાખ અવતારોમાં માનવદેહ જ તત્ત્વજ્ઞાનનો આશ્રય છે. આ સિવાયની અન્ય યોનિઓમાં તત્ત્વજ્ઞાન સંભવિત નથી.

એટલું તો સ્પષ્ટ છે કે આપણા જીવનનો કોઈ નિશ્ચિત ઉદ્દેશ છે તથા એ ઉદ્દેશને આપણે અવશ્ય પરિપૂર્ણ કરવાનો છે પરંતુ વિચારણીય બાબત એ છે કે બીજાઓ આમાં આપણને ક્યાં સુધી સહાય કરી શકશે? શાસ્ત્ર અથવા મહાપુરુષ આમાં આપણને સહાય તો કરી શકે પરંતુ જો આપણી પાસે દૃષ્ટિ ન હોય તો શું કોઈ આપણને પ્રકાશ વિશે જણાવી શકે ? કદાપિ નહીં. આપણે પોતે જ તત્ત્વજ્ઞાનની અનુભૂતિ કરવી પડશે તથા તેને માટે વિવેકની પરમ આવશ્યકતા છે. આવો, આપણે વિચારીએ કે એવું તે ક્યું વિઘ્ન છે, જેને કારણે આપણે આપણા ઉદ્દેશમાં સફળ થઈ શકતા નથી. શુકદેવજી પરીક્ષિતને કહે છે - તમોગુણનું સ્વરૂપ છે અજ્ઞાન, તેનો સ્વભાવ છે આળસ અને મતિની મૂઢતા. જ્યારે તે વૃદ્ધિ પામીને સત્ત્વગુણ અને રજોગુણને દબાવી દે છે ત્યારે જીવ જાતજાતની આશાઓ સેવે છે, શોક-મોહમાં ગરકાવ થઈ જાય છે, હિંસા આચરવા લાગે છે અથવા નિદ્રા-આળસને વશ વર્તીને નિષ્ક્રિય પડ્યો રહે છે.

એક જ શબ્દમાં કહીએ તો મુખ્ય વિઘ્ન તો અજ્ઞાન જ છે, જેને કારણે આપણે આપણા ધ્યેય તરફ આગળ વધી શકતા નથી. આ એક જ આપણો શત્રુ છે, એકોહિ શત્રુર્ન દ્વિતીય રસ્તિ, અજ્ઞાન તુલ્યો પુરુષસ્ય રાજન્ પુરુષ' અર્થાત્ અજ્ઞાન સિવાય અન્ય કોઈ શત્રુ નથી. તેથી હવે આપણે અજ્ઞાનના ઉચ્છેદ માટે જ બધા પ્રયાસો કરવા પડશે. આ સિવાય અન્ય કોઈ ઉપાય નથી. જો આપણે આના પર વિજય મેળવી લીધો તો આપણા અંતઃકરણમાં જ્ઞાનનો પ્રકાશ ઝળહળી ઊઠશે. ભગવાન શ્રીકૃષ્ણ પોતાના પરમપ્રિય મિત્ર ઉદ્ધવને કહે છે - જે જ્ઞાન અને વિજ્ઞાનથી સંપન્ન સિદ્ધપુરુષ છે તેઓ જ માત્ર મારા વાસ્તવિક સ્વરૂપને પિછાને છે. આ માટે જ્ઞાની પુરુષ મને સર્વાધિક પ્રિય છે- ઉદ્ધવજી, જ્ઞાની પુરુષ પોતાના જ્ઞાન દ્વારા સતત મને પોતાના અંતઃકરણમાં ધારણ કરે છે.

આથી એટલું તો સ્પષ્ટ થાય છે કે જ્ઞાનદૃષ્ટિના અભાવે આપણે આત્મપ્રકાશનો અનુભવ કરી શકતા નથી. પરંતુ તેનો ઉપાય શો ? જેવી રીતે કુશળ અને અનુભવી ચિકિત્સક જ નેત્રોની સારવાર દ્વારા આપણને દૃષ્ટિ પ્રાપ્ત કરાવી શકે છે. જે જ્ઞાન આપવામાં સમર્થ હોય તેને ગુરુ કહેવામાં આવ્યા છે. ગુરુને આટલું અધિક મહત્ત્વ એટલા માટે આપવામાં આવ્યું છે કે તે મનુષ્યને

**જીવન બહુ મૂલ્યવાન છે, તેને નિરર્થક હેતુઓ માટે ખર્ચી ન કાઢો.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ્ઞાન આપે છે, જીવનની સાર્થકતાની દિશાનો બોધ આપે છે તથા તે માર્ગે આગળ ધપવામાં સહયોગ પણ આપે છે. ગુરુનો અર્થ એવો નથી કે ગુરુપદ ઊભું કરીને ગુરુ પરંપરાનો એક વ્યવસાય ઊભો કરવામાં આવે. આ તો એક નિંદનીય કૃત્ય છે. સાચો ગુરુ નિસ્વાર્થ જ્ઞાનરૂપ તથા તીર્થરૂપ હોય છે. આ સંદર્ભમાં શ્રીકૃષ્ણ યુધિષ્ઠિરને કહે છે - બે પ્રકારનાં તીર્થો ગણાવવામાં આવ્યા છે - સ્થાવર અને જંગમ. તીર્થ શ્રેષ્ઠ છે, કેમકે તેનાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ લોકમાં પુણ્યકાર્યના અનુષ્ઠાનથી વિશુદ્ધ થયેલા પુરુષના હૃદયમાં જ બધાં તીર્થો છે. તે તીર્થસ્વરૂપ તરીકે ઓળખાય છે. ગુરુરૂપી તીર્થથી પરમાત્મા સંબંધી જ્ઞાન પ્રાપ્ત થાય છે, તેટલા માટે તેનાથી ચઢિયાતું કોઈ તીર્થ નથી. જ્ઞાનતીર્થ સર્વશ્રેષ્ઠ તીર્થ છે અને બ્રહ્મતીર્થ સનાતન છે.

જ્ઞાન જ સાચું તીર્થ છે તથા તેમાં જ પોતાના અંતઃકરણને સ્નાન કરાવીને આપણે અજ્ઞાનથી મુક્ત થઈ શકીએ છીએ. જો આ રહસ્ય આપણી સમજણમાં આવી ગયું હોત, તો આપણે સમસ્યાના સમાધાનનો પ્રયાસ કર્યો હોત. તો આપણે છૂટક-છૂટક પૂજાપાઠ અથવા કાંઈ નહીં, સરોવરમાં ડૂબકી લગાવી દેવા માત્રથી પોતાના કર્તવ્યની ઈતિશ્રી ન માની હોત, પરંતુ જ્યારે અજ્ઞાન માથે ચડી બેસે છે તો ઊંધી બાબત પણ સીધી લાગવા માંડે છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ અજ્ઞાન આપણને સ્થળે સ્થળે ભટકાવતું રહે છે તથા જીવનના અંતમાં આપણે જોઈએ છીએ કે આપણે જ્યાં હતા ત્યાંના ત્યાં જ છીએ અને એ સ્વપ્ન સેવીને સ્વપ્ન સાથે સંસારથી વિદાય લઈએ છીએ કે ભલે આ લોકમાં નહિ, પરલોકમાં તો અમને સુખ-શાંતિ મળશે જ, પરંતુ જે આ લોકને જ સુધારી નથી શક્યો તે પરલોકમાં શું કરી શકવાનો ? આપણો દુશ્મન અજ્ઞાન તો આપણી પાછળ પડેલો જ રહે છે. વિદ્યાધર ચિત્રકેતુની ભૂલને કારણે જ્યારે તેને પાર્વતીજીએ શાપ આપ્યો ત્યારે પોતાની ભૂલનો સ્વીકાર કરતાં તેણે પાર્વતીજીને કહ્યું, "હે દેવી ! આ જીવ અજ્ઞાનથી મોહાંધ બની રહ્યો છે અને આ જ કારણે આ સંસારચક્રમાં ભટકતો રહે છે તથા સદા-સર્વદા સર્વત્ર સુખ અને દુઃખ ભોગવતો રહે છે."

આ બધાં અજ્ઞાનનાં કારસ્તાન છે. જીવ જ્યાં પણ જાય છે તે તેની પાછળ પડેલું રહે છે. ચિત્રકેતુ એક રાજા હતો. પોતાની તપશ્ચર્યાના પ્રભાવથી તેમણે વિદ્યાધરનું પદ પ્રાપ્ત કર્યું હતું તથા વિમાનમાં બેસીને ત્રણે લોકમાં વિચરણ કરતો રહ્યો હતો. તેમને પોતાની તપશ્ચર્યા અને જ્ઞાનનું ખૂબ અભિમાન હતું. એક દિવસ મહર્ષિઓની સભામાં પાર્વતીજીને શિવજીની સાથે બેઠેલા જોઈને તેમણે પોતાના સંયમના અહંકારવશ બનીને ભગવાન શિવજીની નિંદા કરી. પરિણામસ્વરૂપે પાર્વતીજીના શાપને કારણે તેમને વૃત્રાસુર બનવું પડ્યું. આ ઘટનાથી જાણવા મળે છે કે દેવપદ પ્રાપ્ત કરી લીધા પછી પણ જો અજ્ઞાનથી આપણો પિંડ છૂટતો નથી તો પછી આપણે પતનની ખાઈમાં પડવું પડશે. તેથી આપણે તેનો મૂળથી જ નાશ કરવાનો પ્રયાસ કરવો જોઈએ. આ જ કારણે આપણે તત્કાલીન મહાપુરુષોને ઓળખવામાં પણ અસમર્થ બની રહીએ છીએ તથા તેમના ગયા પછી તેમને ભગવાન બનાવી દઈને તેમની પૂજા કરવા લાગીએ છીએ. ન તો આપણે તેમના જીવનકાળ દરમિયાન તેમની પાસેથી કશું શિક્ષણ પ્રાપ્ત કરતા કે ન તેમના ચાલ્યા ગયા પછી, આ જ તો આપણું દુર્ભાગ્ય છે. ભગવાન શ્રીકૃષ્ણના પરમધામમાં પધાર્યા પછી ઉદ્ધવ વિદુરજીને કહે છે, 'ઓહ, આ મનુષ્યલોક બહુ જ કમભાગી છે અને તેમાંય તે યાદવો તો બિલકુલ ભાગ્યહીન છે, જેમણે નિરંતર શ્રીકૃષ્ણની સાથે રહીને પણ તેમને ઓળખ્યા નહીં, જેવી રીતે અમૃતમય ચન્દ્રમાના સમુદ્રમાં રહેવાના સમય દરમિયાન માછલીઓ તેમને પિછાણી શકી નહોતી.'

ઉદ્ધજીના કથનમાં કેટલી વ્યથા છે ! કોણ જાણે કેટલી વાર ભગવાન તથા મહાપુરુષો આ ધરતી પરના

**એક મુસાફર જંગલમાં ભૂલો પડ્યો. રાત્રિ પડી. વરસાદથી ભીંજાઈને તે ઠૂંઠવાઈ રહ્યો હતો. એક વૃક્ષ નીચે ભૂખ્યો-તરસ્યો સંકોચાઈને બેઠો હતો. ઉપર કબૂતરોએ તેને જોયો. તેમણે વિચાર્યું-બિચારો આ કષ્ટમાં ન જાણે સવાર સુધી જીવતો રહેશે કે નહિ ? તેમણે તેને અગ્નિ લાવી આપ્યો અને તેના ભોજન માટે ખુદ પોતાનું શરીર અર્પણ કરી દીધું. ખુદ અગ્નિમાં કૂદી પડ્યું અને તેની પીડાઓનું નિવારણ કર્યું.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ધામમાં પધાર્યા, પરંતુ આપણા પોતાના અજ્ઞાનને કારણે તેમનો જરા પણ લાભ ન ઊઠાવી શક્યા. હવે આપણે ગંભીરતાપૂર્વક આ સમસ્યા પર વિચાર કરવો જોઈએ. જ્યારે અજ્ઞાનથી મુક્ત થવા સિવાય બીજો કોઈ માર્ગ જ નથી તો આપણે તેનાથી છુટકારો મેળવવો જ પડશે. પરંતુ અજ્ઞાનની વિરુદ્ધ યુદ્ધ આરંભતા પહેલાં આપણે તેનું સ્વરૂપ સમજી લેવું જોઈએ. જેનાથી આપણે આપણા દુશ્મનને પૂરેપૂરો ખતમ કરી શકીએ. અજ્ઞાનનું સ્વરૂપ સમજાવતાં ભગવાન શ્રીકૃષ્ણ આદિ પુરાણમાં કહે છે -'જે મને ત્યજીને કોઈ બીજી વસ્તુની પાછળ દોડે છે તે વિવેકહીન અને મૂર્ખ છે. તેના હાથમાં કેવળ દુઃખ જ આવવાનું છે, તેને તો ત્રણે કાળમાં હાનિ જ પહોંચવાની છે અને મળવાનું તો કશું જ નથી.'

ઈશ્વર આદર્શ ગુણોનું કેન્દ્ર છે. ઈશ્વરને છોડીને અન્યની પાછળ ભાગવાનો અર્થ છે - ઉચ્ચ આદર્શોને ત્યજીને નાના પ્રકારના સ્વાર્થો તરફ દોડી જવું. આ રીત અજ્ઞાનને કારણે સમજદારી જેવો લાગે છે, પરંતુ તેમાં થાય છે તો હાનિ જ.

પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે માણસ આવું શા માટે કરે છે ? તેનું કારણ છે - વિવેકનો અભાવ. વિવેક ન હોવાને કારણે વિષય-ભોગોના આકર્ષણથી મનુષ્ય અંજાઈ જાય છે તથા પોતાના વાસ્તવિક હાનિ-લાભનો નિર્ણય નથી કરી શકતો. આ અનર્થકારી આક્રમણથી માત્ર વિવેક જ તેની રક્ષા કરી શકે. ભગવાને મનુષ્યને પ્રચુર માત્રામાં સક્ષમ સાધનો આપીને મોકલ્યો છે. તે આ સાધનોનો યોગ્ય રીતે ઉપયોગ કરી બતાવે તો તેને અનંત શાંતિનો અધિકારી માની લેવામાં આવે છે. કામ, ક્રોધ, આદિ શત્રુ મનુષ્યની પરીક્ષા કરવા માટે છે. તેમને પરાજિત કરવાના બધાં સાધનો મનુષ્યની પાસે હોય છે, પરંતુ અજ્ઞાનવશ સંશયમાં પડીને શું કરું, શું ન કરું આ ગૂંચવણમાં જ તે ફસાઈ જાય છે અને સાધનનો ઉપયોગ નથી કરી શકતો. સંશયરૂપી મૂંઝવણોના તાણાવાણા જ્ઞાનની તલવારથી જ કાપી શકાય છે. આ સંદર્ભમાં નારદજીનું કથન છે - આ મનુષ્યશરીરરૂપી રથ જ્યાં સુધી પોતાના વશમાં છે અને ઈન્દ્રિય, મન વગેરે બધાં સાધનો સારી હાલતમાં વિદ્યમાન છે, ત્યારે શ્રી ગુરુદેવના ચરણકમળોની સેવાપૂજાથી સજાવેલી જ્ઞાનરૂપી તીક્ષ્ણ તલવાર લઈને ભગવાનના આશ્રયથી આ શત્રુઓનો નાશ કરીને પોતાના સ્વરાજ્ય સિંહાસન પર વિરાજમાન થઈ જઈએ અને પછી અત્યંત શાંત ભાવથી આ શરીરનો પણ ત્યાગ કરી દઈએ.

નારદજીએ આ મનુષ્યશરીરને રથની ઉપમા આપી છે. તેમાં ઈન્દ્રિયો તે ઘોડા, મન તે લગામ, બુદ્ધિ એ સારથિ તથા આત્મા તે રથી છે. જેવી રીતે ક્યાંક જવા માટે જ આપણે રથ પર સવાર થઈએ છીએ, તે જ રીતે આત્માને પરમાત્મા સુધી પહોંચવા માટે આ શરીરરૂપી રથ આપણને મળેલ છે, પરંતુ જે રીતે રથીના આળસને કારણે સારથિ અને ઘોડાઓ મનમાની કરવા લાગે છે તે જ રીતે આપણા પ્રમાદને કારણે આપણો જીવનરથ પણ ખોટા માર્ગે જઈ રહ્યો છે. આપણે યાદ રાખવું જોઈએ કે એક નિશ્ચિત અવધિ માટે જ આપણને આ શરીરરૂપી રથ પ્રાપ્ત થયેલ છે. સમય વીતતો જાય છે તેથી ડહાપણ એમાં જ છે કે જેટલી બની શકે તેટલી જલદી પોતાની યાત્રા આપણે સમાપ્ત કરીએ. જો સમગ્ર જીવન રથની સાજ સજાવટમાં જ વીતી ગયું તો યાત્રિક અને તેની યાત્રાનું શું થશે ? આપણે આપણા સ્વરૂપને સમજીને આપણા સિંહાસન પર બેસવું જોઈએ. પછી આપણે જોઈ શકીશું કે જેવી રીતે રાજાની સામે કોઈપણ કર્મચારી અપરાધ કરવાની હિંમત નથી કરી શકતો, તે જ રીતે આત્મજ્ઞાન પ્રાપ્ત થતાં જ આપણી બુદ્ધિ, મન અને ઈન્દ્રિયો પણ કેવી રીતે આપણી દુશ્મન ન રહેતાં

રાજા કુંભવર્માને દારૂ પીવાની લત લાગી. ધીરે ધીરે તેનામાં બીજા પણ ઘણા દોષો ઉમેરાતા ગયા. રાજા સ્વભાવે ચીડિયો અને ખુશામતપ્રિય બની ગયો. આ દોષને કારણે નિષ્પક્ષ ન્યાય આપવાનું સંભવિત ન રહ્યું અને રાજ્યમાં અનીતિનું આચરણ વધવા લાગ્યું. જનતા ચિંતિત બની અને સૌએ મળીને મંત્રી પરિષદને તેમની જવાબદારીઓની યાદ તાજી કરાવી. મુખ્યમંત્રીએ રાજાને વસ્તુસ્થિતિની જાણ કરી અને મંત્રી પરિષદે વ્યવસ્થા સંભાળી લીધી. રાજા ક્રોધે ભરાયો પણ જનતાના (મંત્રી પરિષદને) સમર્થન આગળ તેનું કાંઈ ન ઉપજ્યું. યુવરાજ શંભુવર્માને ગુરુકુળના વિદ્યાભ્યાસનો સમય પૂરો થતાં જ બોલાવીને તેનો રાજ્યાભિષેક કરી દેવામાં આવ્યો. કુંભવર્મા માટે રાજ્યથી દૂર સામાન્ય નાગરિકની જેમ જીવન નિર્ગમન કરવાની વ્યવસ્થા કરી દેવામાં આવી.

ઉત્કૃષ્ટ ચિંતન અને આદર્શ કર્તૃત્વની નીતિ જ અધ્યાત્મની સાચી સાધના છે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સહાયક બની રહે છે. જો આપણે આ પ્રમાણે કરી ન શક્યા, તો પરિણામ સ્પષ્ટ જ છે. નારદજી આગળ કહે છે - નહીં તો સહેજ પણ પ્રમાદ પેદા થતાં આ ઈન્દ્રિયોરૂપી દુષ્ટ ઘોડાઓ અને તેમની સાથે મૈત્રી રાખનાર બુદ્ધિરૂપી સારથિ રથના સ્વામી-જીવને ખોટા રસ્તા પર લઈ જઈને વિષયરૂપી લૂંટારાના હાથમાં સોંપી દેશે. આ ડાકુ સારથિ અને ઘોડાઓ સાથે આ જીવને મૃત્યુ દ્વારા અત્યંત ભયાનક અને અંધકારમય, સંસારના કૂવામાં ગબડાવી પાડશે.

હકીકતમાં જ્ઞાન, આત્માની જાગૃતિનું પ્રતીક છે. ઈન્દ્રિયો, મન વગેરે આત્માને ગાફેલ જોઈને મનમાન્યું વર્તન કરવા લાગે છે. જેવી રીતે માલિકની ગેરહાજરીમાં દરેક નોકર પોતાની જાતને જ માલિક ગણાવવા માંડે છે, તે જ રીતે આત્મા સૂતો રહેતાં આ શરીરરૂપી ઘરના અનેક જણ માલિક બની જાય છે. આ શરીર, આત્માને પોતાનું લક્ષ્ય પૂર્ણ કરવા માટે મળ્યું છે. મન અને ઈન્દ્રિયોની વાસનાપૂર્તિ માટે નહીં. આપણે આપણા ઉદ્દેશને સમજીને આપણું યોગ્ય સ્થાન ગ્રહણ કરી લેવું જોઈએ. નહિ તો આપણી સર્વ સિદ્ધિઓ બેકાર સાબિત થશે. આ વિવેક આપણે હંમેશાં જાગૃત રાખવો જોઈએ. વિવેકને રુંધી રાખનાર દોષોથી બચીને ચાલવું જોઈએ. જ્યારે દેવી સતી વગર આમંત્રણે પોતાના પિતાએ યોજેલા યજ્ઞમાં જવા માટે તૈયાર થયા ત્યારે તેમને સાવધાન કરતાં શિવજી કહે છે -

વિદ્યા, તપ, ધન, મજબૂત શરીર, યૌવન અને ઉચ્ચ કુળ. આ છ સત્પુરુષોના ગુણો તો છે જ પરંતુ નીચ પુરુષમાં આ જ બધા અવગુણો બની બેસે છે, કેમકે તેનાથી તેમનું અભિમાન વધી જાય છે અને દૃષ્ટિ દોષયુક્ત બની જાય છે અને વિવેકશક્તિ નષ્ટ થઈ જાય છે. ભગવાન શંકર કહે છે, નીચ પુરુષની બધી વિશેષતાઓ તેના પતનનું કારણ બની રહે છે. જેવી રીતે સાપને દૂધ પિવડાવવાથી તેના વિષમાં વૃદ્ધિ થાય છે તેવી જ રીતે નીચ પુરુષના ગુણો જ તેનામાં અભિમાનવૃદ્ધિનાં કારણ બની રહે છે. નીચ એટલે દૂષિત દૃષ્ટિકોણવાળી વ્યક્તિ. આથી દૃષ્ટિકોણનું મહત્ત્વ સર્વોપરિ છે. આપણે શું કરીએ છીએ તે કરતાં એ શા માટે કરીએ છીએ તે મહત્ત્વનું છે. આથી આપણે સિદ્ધિઓ પ્રાપ્ત કરતાં પહેલાં આપણા દૃષ્ટિકોણને પરિશુદ્ધ કરવો જોઈએ. આનો જ અર્થ છે વિવેકી બનવું. જો કે આ માર્ગ મુશ્કેલીઓથી ભરેલો છે, પરંતુ જો આપણે પ્રામાણિકતા અને સતર્કતા સાથે આપણી ચિત્તવૃત્તિઓનું નિરીક્ષણ કરતા રહીશું તો એક ને એક દિવસે પોતાના લક્ષ્યને અવશ્ય આંબી જઈશું. સંસારમાં ચડતીપડતી તો દરેક વ્યક્તિના જીવનમાં આવે જ છે, જ્યારે બુદ્ધિ લથડિયાં ખાવા લાગે છે પરંતુ વિવેકશીલ વ્યક્તિ સાવધાનીપૂર્વક તેવા સંજોગોમાં પણ રસ્તો શોધી કાઢે છે. વિવેકશીલ વ્યક્તિનું વર્ણન કરતાં ભગવાન શ્રીકૃષ્ણ ઉદ્ધવજીને કહે છે - જો કે વિવેકી પુરુષનું ચિત્ત પણ ક્યારેક ક્યારેક રજોગુણ અને તમોગુણના વેગથી વિક્ષુબ્ધ થાય છે, તેમ છતાં તેની વિષયો ભણી દોષદૃષ્ટિ બની રહે છે, તેથી તે ખૂબ જ સાવધાનીથી પોતાના ચિત્તને એકાગ્ર બનાવવાની કોશિશ કરતો રહે છે. જેનાથી તેની વિષયોમાં આસક્તિ રહેતી નથી.

આપણા ચિત્ત પર અનેક જન્મોના પશુઓના સંસ્કારો જામેલા છે. તેથી આપણી ચિત્તવૃત્તિઓ વારંવાર વિષયો ભણી આકર્ષિત થવાની જ. આપણે તેમને રોકીને લક્ષ્ય ભણી કેન્દ્રિત કરવી જોઈએ. આનું જ નામ સાધના તથા તેમાં વિવેક સિવાય આપણો કોઈ સાથી-સંગાથ નથી. આ જ પ્રકારે આપણે આપણા લક્ષ્યને પ્રાપ્ત કરી શકીએ છીએ. એટલા માટે જ આ બાબત પર બધા મહાપુરુષોએ ખૂબ ભાર મૂક્યો છે.

❋❋❋

વાલિનો પુત્ર અંગદ, જેને મરતી વખતે વાલિ, ભગવાન રામને સોંપી ગયો હતો. તે પોતાના પિતાની ઈચ્છા મુજબ શ્રીરામના કાર્યમાં સદાય તત્પર રહેતો. અંગદ, રામની સેનાના વરિષ્ઠ સેનાપતિઓમાંનો એક હતો. રાવણની સભામાં જઈને પોતાના બળ-પરાક્રમનું પ્રદર્શન કરીને તેણે સૌને આશ્ચર્યચકિત કરી મૂક્યા. ખુદ રાવણ પણ તેના પડકારનો સામનો ન કરી શક્યો. નાના એવા ધર્માત્માનું બળ અનીતિમાન સેનાપતિથી પણ અધિક હોય છે.

નલ અને નીલ વાનરસેનાના કુશળ એન્જિનિયર હતા. તેમણે આરામ કર્યા વિના સમુદ્ર પર પુલ બાંધવાને તૈયાર કર્યો. સમુદ્ર પર પુલ બાંધવાથી માંડીને રાવણની સાથે યુદ્ધ કરવા સુધી રામસેનાનો પ્રત્યેક વાનર પોતાના જીવનની પરવા ન કરતાં કામ કરતો રહ્યો.

વાનરો અલ્પ શક્તિવાળા હતા, તો પણ તેમણે અધર્મનો વિરોધ કરવામાં પોતાનું સર્વસ્વ સમર્પી દીધું અને રાક્ષસો વડે પોતે માર્યા જશે તે બાબતની સહેજ પણ ચિંતા ન કરી. આવા શૂરવીર ધર્માત્માનું જીવન જ આ સંસારમાં ધન્ય મનાય છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જાગૃતિ સ્તંભ

# શિક્ષિત સ્ત્રી પોતાના વર્ગને ઊંચો લાવે

સમાજના સ્તર અને વાતાવરણનું નિર્માણ કરવામાં સંસ્કારી અને શિક્ષિત નારી જ મુખ્ય ભૂમિકા ભજવે છે. બીજા લોકો તો તેના સહાયક, સમર્થક જ બની રહે છે. નારી ઉત્કર્ષ અભિયાન વિવિધ પ્રકારે પરિવારોને સ્વર્ગ સમાન બનાવવાનું એવું સર્જનાત્મક કામ છે, જેના સત્પરિણામોના વિચારમાત્રથી આંખો ચમકી ઊઠે છે.

દલિત પીડિત સ્ત્રી પાસેથી કોણે શું મેળવ્યું ? તે પોતાના પાલકના ગળે પડીને ભારરૂપ બનીને રહી ગઈ. કેદી પણ કારાવાસમાં કશુંક તો કરે જ છે, પણ જેલર પાસે તેનો હિસાબ માગતાં તે સ્પષ્ટપણે સ્વીકાર કરશે કે આ તો ખોટનો ધંધો છે. કેદી જે કમાય છે તેના કરતાં કેટલાય ગણો વધારે ખર્ચ તેની પાછળ થાય છે. પ્રતિબંધિત સ્ત્રી પણ પોતાના સંરક્ષકોને માટે કઈ રીતે ઉપયોગી અને લાભદાયક સિદ્ધ થઈ શકે ?

જો સ્ત્રીને તેના મૌલિક માનવીય અધિકારો પાછા આપવામાં આવે તો તેમાં પુરુષ નહિ, અનાચારની જ હાર થશે. આ વિજય નારીનો નહિ, ન્યાયનો વિજય હશે. જે લોકો ન્યાય, ઔચિત્ય, સમાનતા, માનવતા, ધર્મ, કર્તવ્ય વગેરેનું સમર્થન, પ્રતિપાદન કરે છે અને અનિચ્છનીયતાઓને નિર્મૂળ કરવા ઇચ્છે છે તેમણે આ કાર્ય પોતાના ઘરથી જ શરૂ કરવું જોઈએ. આપણા કુટુંબોમાં પ્રત્યેક નારીને એ અનુભવ થવો જોઈએ કે તેઓ કેદીની જેમ લાચારીપૂર્વક નહિ, ઓશિયાળી નહિ પણ આ ઘરમાં સર્જકશિલ્પી બનીને વસી રહી છે.

વિકસિત સ્ત્રી પોતાના વ્યક્તિત્વને સમુન્નત બનાવીને રાષ્ટ્રીય સમૃદ્ધિના સંવર્ધનમાં કેટલું મોટું પ્રદાન યોગદાન કરી શકે તેમ છે! એ બાબતને તે દેશોમાં જઈને આંખોથી જોઈને અથવા સમાચારોથી જાણી શકાય છે. જ્યાં નારીને 'મનુષ્ય' માનવામાં આવી છે અને તેના અધિકારો તેને સોંપી દેવામાં આવ્યા છે. ઉપયોગી શ્રમ કરીને તે ત્યાં રાષ્ટ્રીય પ્રગતિના કાર્યમાં પ્રદાન કરી રહી છે, પોતાના કુટુંબની આર્થિક સમૃદ્ધિ વધારી રહી છે. પોતે સુયોગ્ય બનીને ગૌરવશાળી હોવાનો અનુભવ કરી રહી છે. પોતાના કુટુંબની આર્થિક સમૃદ્ધિ વધારી રહી છે. પોતે સુયોગ્ય બનીને ગૌરવશાળી હોવાનો અનુભવ કરી રહી છે અને પોતાના કુટુંબને નાનકડું ઉદ્યાન બનાવવામાં અને તેને સુગંધમય પત્ર-પુષ્પોથી ભર્યુંભર્યું બનાવવામાં સફળ નીવડી રહી છે. પુરુષ સાથે ખભેખભા મિલાવીને કામ કરનાર નારી કોઈના પર બોજરૂપ નથી બનતી પરંતુ સાથીઓએ સહારો આપીને પ્રસન્ન થતી અને બીજાઓને પ્રસન્ન રાખતી તે જોવા મળે છે. આપણે વિકસિત દેશોના પ્રંશસકો છીએ, તેમની ભાષા, પોશાક વગેરે અપનાવવામાં ગર્વ અનુભવીએ છીએ, તો પછી શું એવું ન બની શકે કે તેમના વ્યવહારમાં આવનારી સામાજિક ન્યાય અને નીતિને પણ અપનાવીએ અને ઓછામાં ઓછું આપણા પોતાના ઘરોમાં સ્ત્રીની સ્થિતિ સુવિધાપૂર્ણ અને સન્માનનીય બનાવવામાં પાછળ ન રહીએ.

સ્ત્રીએ પ્રજનનની જવાબદારી ઉઠાવવાને કારણે શારીરિક રીતે થોડા નબળા ભલે રહેવું પડ્યું હોય પરંતુ આત્મીય વિભૂતિઓની વિપુલતા જોઈને તે ઈશ્વરીય દિવ્ય અનુકંપાની વિશેષ અધિકારિણી બની છે. આવનારા દિવસોમાં તેજ ગતિએ આગળ ધપતો નવયુગ નિશ્ચિતરૂપે આધ્યાત્મિક માન્યતાઓથી ભર્યોભર્યો હશે. મનુષ્યોના ચિંતન અને દૃષ્ટિકોણ પણ એ જ સ્તરનાં હશે. વ્યવસ્થાઓ અને પરંપરાઓ એ જ માળખામાં ઢળેલી હશે. સામાન્ય જનોની ગતિવિધિઓ તે જ દિશામાં ઉન્મુખ હશે. શાસનતંત્ર, ધર્મતંત્ર, અર્થતંત્રનું સમગ્ર માળખું તે જ સ્તરનું પુનર્જીવિત હશે. આવી પરિસ્થિતિમાં સ્ત્રીએ દરેક ક્ષેત્રમાં વિશેષ ભૂમિકા નિભાવવી પડશે, વિશેષ જવાબદારીઓ સંભાળવી પડશે. કારણ કે અધ્યાત્મની વિભૂતિઓ જન્મજાતરૂપે તેને જ અધિક માત્રામાં ઉપલબ્ધ થઈ છે.

નારીના ઉત્કર્ષની આવશ્યકતાનું પ્રતિપાદન કરવાના અને ઔચિત્ય સિદ્ધ કરવાનાં અનેક પ્રમાણો છે. તેમાંથી કોઈને પણ અપનાવીને વિચાર કરવામાં

**આત્મ નિયંત્રણ વિના કોઈનું પણ જીવન સફળ નથી થઈ શકતું.**



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવે તો અવશ્ય જણાશે કે સમયની માગ પ્રમાણે ઉજ્જવળ ભવિષ્યનું સૌથી મોટું કામ આ જ જણાય છે.

### પોતાના સ્થાન-કક્ષાને પોતે જ ઊંચા ઉઠાવીએ

પોતાની જાતિનું પછાતપણું દૂર કરવાને માટે ઘણું કરીને બધાં ક્ષેત્રોમાં ભાવનાશાળી અને દૂરદર્શી વ્યક્તિ આગળ આવે છે. વેપારી, કર્મચારી, ખેડૂત, દલાલ વગેરે પોતપોતાના વર્ગ-સમૂહની સમસ્યાઓને લઈને કોઈક યોજના બનાવે છે અને રચનાત્મક તથા સંઘર્ષાત્મક - જ્યારે જેવી જરૂર પડે છે ત્યારે તેવા કાર્યક્રમો નિર્ધારિત કરે છે. હકીકતમાં પોતાના વર્ગની વ્યક્તિ જ પોતાના સમાજને ઊંચો લાવવામાં આગળ ધપાવવામાં અને વિપત્તિઓથી બચાવવામાં વધુ સારી રીતે સફળ થઈ શકે છે. વર્ગચેતના સ્વાભાવિક પણ છે. પોતપોતાના સાથીદારોની સ્થિતિને વધુ સારી રીતે સમજી શકાય તેમ છે.

મહિલા જાગૃતિની આવશ્યકતાને પૂરી કરવા માટે સુયોગ્ય અને સેવાભાવી મહિલાઓએ આગળ આવવું જોઈએ. ભારતની સ્થિતિ કંઈક વિચિત્ર છે. અહીં સ્ત્રી પુરુષનો સંપર્ક સંકુચિત દૃષ્ટિએ જોવામાં આવે છે, તે બાબતે નાક ચડાવવામાં આવે છે અને આંગળી ચીંધવામાં આવે છે. આવી સ્થિતિમાં પુરુષો માટે મહિલા જાગૃતિનું કામ હાથ ધરવું મુશ્કેલ છે. આ કામમાં તેમને સફળતા ઓછી સાંપડે છે અને મૂશ્કેલી ખૂબ પડે છે. આ હાલતમાં એ જ એક માર્ગ બાકી રહે છે કે આ અભિયાનને આગળ વધારવા માટે મહિલાઓ પોતે આગળ આવે. કેટલીયે મહિલાઓ એવી ભાગ્યશાળી હોય છે કે તેમના પરિવારમાં એટલી સંકુચિતતા હોતી નથી. ત્યાં સ્ત્રીને પણ મનુષ્ય ગણવામાં આવે છે અને તેના ઘરથી બહાર જવાને પણ વિશ્વાસથી જોવામાં આવે છે. કેટલાય ઉદાર કુટુંબો એવાં છે જે પોતાના ઘરની મહિલાઓને સાર્વજનિક સેવાકાર્યોમાં સમય ફાળવવામાં તેમને રોકતા નથી. અનુકૂળતાથી નવરાશના સમયનો એવો સદુપયોગ કરવામાં આવે તો તેઓ આ સારી ઈચ્છાને આવકારી તેનું સમર્થન કરે છે. આવા પરિવારોની મહિલાઓએ પોતાના શિક્ષણ અને સગવડ, અનુકૂળતાનો લાભ પોતાના વર્ગના પછાત સમૂહની સેવા માટે, મહિલા જાગૃતિ માટે આપવાનું સાહસ ઉપાડી લેવું જોઈએ. આવી સેવાભાવી, સુયોગ્ય અને સાહસિક મહિલાઓના આગળ આવ્યા વિના મહિલા જાગૃતિની મહાન સમસ્યાનું સમાધાન કોઈ પ્રકારે થઈ શકશે નહિ. જેમના બાળકો મોટા થઈ ગયાં છે, કુટુંબની અન્ય વ્યક્તિઓ ગૃહવ્યવસ્થાને સંભાળી લેનાર છે, નોકર વગેરેની સગવડ છે તેમના માટે તો આ વિશેષ કર્તવ્ય બની રહે છે કે તેઓ મહિલા જાગૃતિ માટે નિયમિતરૂપે સમય ફાળવવાનું શરૂ કરી દે. પરિવારજનો ક્યારેક અનિચ્છા પ્રગટ કરતા હોય, તો પણ તેમણે વિનંતી વિનય સાથે, દુઃખ-અસંતોષ પ્રગટ કરીને તર્ક-દલીલથી કારણ સમજાવીને એ પ્રયત્ન કરવો જોઈએ કે તેમના પર લાગેલાં બંધનો ધીમે ધીમે સીમિત બનવા લાગે.

જે મહિલાઓનાં બાળકો મોટા થઈને આત્મનિર્ભર બની ગયાં છે, ઘરમાં વહુ આવી ગઈ છે તેમના માટે તો આ સેવાકાર્ય એક પ્રકારે સુવર્ણ અવસર જ છે. નિવૃત્ત મહિલાજીવનનો આનાથી વધારે સારો ઉપયોગ હોઈ જ ન શકે કે તેઓ પોતાના પછાત વર્ગની સેવા માટે વધુમાં વધુ અનુદાન, ત્યાગ, બલિદાન, પ્રસ્તુત કરવા માટે આગળ આવે. વિધવાઓ, વયસ્ક અવિવાહિતાઓ, સંતાનવિહોણી અધ્યાપિકાઓ વગેરે મહિલાઓ સાહજિક રીતે જ આ કાર્ય માટે સમય ફાજલ પાડી શકે છે. વર્તમાન પરિસ્થિતિમાં તો સ્ત્રીઓએ જ આગળ આવવું પડશે. પ્રત્યેક દેશ, પ્રત્યેક સમાજ, પ્રત્યેક વર્ગ પોતપોતાના કાર્યમાં, પ્રભાવ ક્ષેત્રમાં કાંઈક કરી છૂટવાના પ્રયાસમાં સંલગ્ન છે. સ્ત્રીએ પણ પોતાના ક્ષેત્રના ઉત્કર્ષની લગામ પોતે જ સંભાળવી પડશે. પોતાના પગ પર ઊભા રહેનારની જ સહાય બીજાઓ કરે છે, ઈશ્વર પણ તેઓને જ સહાય કરે છે અને પરિસ્થિતિ પણ તેમને જ અનુકૂળ થઈ પડે છે, જે પોતે જ પોતાને સહાય કરે છે.

ભારતનો સ્ત્રી-સમાજ સંકોચ, ભય છોડી દઈને મહિલા ઉત્કર્ષના મહાન અભિયાનમાં સમ્મિલિત થાય, એ જ આ યુગનો પોકાર છે. ત્યાગ-બલિદાનની તો તેમાં ઊણપ નથી. પતિ માટે, બાળકો માટે તેનું સમગ્ર જીવન જ ત્યાગ-બલિદાનથી ઓતપ્રોત વ્યતીત થાય છે. એટલા માટે તેને લોભ, મોહ છોડી દેવાની વાત કહેવાની, કષ્ટ-પીડા સહન કરવા તૈયાર રહેવા ઉદ્‌બોધન કરવાની તો આવશ્યકતા જણાતી નથી. આ ગુણ તો તેમનામાં કુદરતી અને જન્મજાત છે જ. ઉદ્‌બોધન ફક્ત સંકોચ અને ખચકાટ છોડવા માટેનું જ છે. જો આવું થઈ શકે તો ભારતભૂમિ હજારો ઈન્દિરા ગાંધી, શ્રીમતી બંડારનાયકે, ગોલ્ડામેયરની નવાજેશ વિશ્વને કરી શકે તેમ છે.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## સ્વાવલંબન

# સ્વાવલંબન માટે પ્રતિભાઓ આગળ આવે

કોઈપણ દેશની ખુશાલી તેના સ્વાવલંબી નાગરિકો પર ટકેલી હોય છે. સ્વાવલંબી રાષ્ટ્ર જ પ્રગતિ તરફ ગતિથી આગળ વધી શકે છે, બીજાઓને માર્ગદર્શન આપી શકે છે. ભૂખની ચિંતા અને દેવાંના બોજથી દબાયેલા દેશવાસીઓની પહેલી માગ છે કે સૌ પ્રથમ તેમના જીવનનિર્વાહનો કોઈ મજબૂત આધાર બને.

અર્થતંત્રને મજબૂત કરવા માટે એ આવશ્યક છે કે આપણે આપણી પરિસ્થિતિ અને સંશોધનોને સારી રીતે સમજીએ. ભારત કૃષિપ્રધાન અને ગ્રામપ્રધાન દેશ છે. ગામડાંઓમાં શ્રમનું પ્રાધાન્ય તો છે જ, પ્રાકૃતિક સંસાધનો પણ ખૂબ છે, પરંતુ ધનનો અભાવ છે. જો દેશના અર્થતંત્રને વિકસિત કરવું હોય, તો ધનનો ઓછામાં ઓછો ઉપયોગ અને શ્રમશક્તિનું પૂરેપૂરું નિયોજન કરવાથી જ આ કાર્ય શક્ય બની શકે છે. આપણે આપણાં ગામોને એ રીતે વિકસિત કરવાં પડશે જેથી ત્યાંનાં ઉપલબ્ધ સાધનોનો પૂરેપૂરો ઉપયોગ થઈ શકે. આ સંજોગોમાં પ્રગતિનો એકમાત્ર માર્ગ છે કે આર્થિક સ્વાવલંબન માટે આપણી પ્રાચીન પરંપરાને અનુરૂપ કુટિર ઉદ્યોગને પુનર્જીવિત કરવામાં આવે. તેના પુનર્જીવનમાં એક લાભ એ પણ છે કે તેને માટે કૌશલ્ય પ્રાપ્ત કરવા માટે શૈક્ષણિક સંસ્થાઓ સામે આંખો ફાડીને બેસી રહેવાનું નથી, પરંતુ વંશપરંપરાગત શિક્ષણ અથવા સહઅભ્યાસથી પણ તે શીખી શકાય છે.

કુટિર ઉદ્યોગો સ્થાપવા માટે સૌથી મહત્ત્વની આવશ્યકતા છે આપણા દૃષ્ટિકોણમાં પરિવર્તન લાવવાની. આજના ઉપભોગવાદી યુગમાં અર્થોપાર્જનની કોઈ મર્યાદા રહી નથી. ધનવાન બનવા માટે આજકાલ વ્યાવસાયિક સંસ્થાઓ ખોલવામાં આવે છે, જ્યારે આધ્યાત્મિક દૃષ્ટિકોણથી તેને પણ સેવા કરવાની એક તક જ માનવી જોઈએ. વ્યવસાયમાં નફો જરૂરી છે, પરંતુ આ ધન આપણે માટે જીવનપાલન સુધી જ સીમિત રાખવું જોઈએ, બાકીનું સમાજના ઉત્કર્ષના કાર્યમાં ખર્ચાય. પરમપૂજ્ય ગુરુદેવે એક ધર્મ, એક ભાષા, એક રાષ્ટ્રના યુગની જે વાત કહી છે તેમાં એ પણ કહ્યું છે કે આ યુગનો માનવ ઐચ્છિક સામ્યવાદ અપનાવશે. જો આ માન્યતા આપણને સારી રીતે સમજાય તો પછી શહેરો તરફ ભાગવાની કોઈ લાલસા જ નહિ રહે. ગ્રામોદ્યોગમાં આપણા શ્રમ અને ધનના નિયોજન અને તેનાથી સીમિત લાભ સ્વીકારવા પણ આપણે પ્રસન્નતાપૂર્વક તૈયાર થઈ જઈશું.

આપણી સંસ્થા બ્રાહ્મણ સંસ્થા છે અર્થાત્ પરમાર્થપરાયણ સંસ્થા છે. ધર્મ અને સંસ્કૃતિના વિકાસ માટે આપણે સદાય સક્રિય રહ્યા. સમયદાન અને અંશદાન પણ કર્યું. ધર્મતંત્રના વિકાસ માટે શક્તિપીઠ મંદિરનું પણ નિર્માણ કર્યું. હવે આવશ્યકતા એ બાબતની છે કે ધર્મતંત્ર સાથે સંકળાયેલા લોકો અર્થતંત્રના વિકાસ માટે આગળ આવે અને શ્રમમંદિરોની, 'સ્વાવલંબન કેન્દ્રો'ની સ્થાપના કરે. આજના શિક્ષણની એ કમનસીબી છે કે ભણેલો ગણેલો વર્ગ બેકાર રહેવા છતાં પણ શ્રમસાધ્ય અને ઓછા નફાવાળા કામોમાં હાથ નાખવા નથી ઈચ્છતા. આજે આવશ્યકતા છે કે ઉપલબ્ધ પ્રચુર શ્રમશક્તિ અને સાધનોના નિયોજન માટે પરમાર્થ પરાયણતાના દૃષ્ટિકોણથી પહેલ કરવામાં આવે. અનુભવી અને સમર્થ ગ્રામજનો સહકારના આધારે પોતાના ઉદ્યોગો સ્થાપિત કરાવવા આગળ આવે. પોતાની પ્રતિભા, કૌશલ્ય અને અર્થશક્તિનો લાભ તેમને અપાવે. જેથી આજના સ્પર્ધાત્મક યુગમાં તેઓ સફળ ઉદ્યોગો વિકસાવી શકે અને તેમના ઉત્પાદનોની ગુણવત્તા વધે.

ઉદ્યોગની સફળતામાં ઉદ્યમી મનોવૃત્તિને જ ઈચ્છિત સફળતા સાંપડે છે. જે લોકો રોજગાર મેળવવા માટે ઉદ્યોગની સ્થાપના કરવા માટે તત્પર છે એવા મોટાભાગના લોકોમાં આ મનોવૃત્તિનો અભાવ જ જોવા મળે છે. તેમને સ્થાપિત કરવા માટે અનુભવી માર્ગદર્શકની જરૂર છે. જે તે ક્ષેત્રની આવશ્યકતાને અનુરૂપ ઉદ્યોગની પસંદગી, ઉપયુક્ત કૌશલ્ય અને ટેકનિક ઉપલબ્ધ બનાવવા, જે ક્ષમતા પ્રાપ્ય છે તેના ઉપયોગનું તારણ કાઢવા, સાધનો કામે લગાડવા, ઉત્પાદનોના વેચાણની વ્યવસ્થા કરવા તથા ઉપાર્જિત ધનની વિતરણ વ્યવસ્થા ગોઠવવા જેવાં કાર્યો માટે

ક્રોધ કરવો એ ગાંડપણ છે, તેનાથી સત્ય સંકલ્પોનો વિનાશ થાય છે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

પ્રતિભાશાળીઓના સહયોગની ખૂબ આવશ્યકતા છે.

આવાં નાનાં યંત્રોની શોધ માટે, જે શ્રમને અધિક ઉત્પાદક અને સરળ બનાવી શકે, ઉત્પાદનોને ઓછાં ખર્ચાળ બનાવી શકે, જે શ્રમની ઊર્જાથી ચાલી શકે, જે પ્રદૂષણ ન ફેલાવે, જેમાં પેટ્રોલિયમ, વીજળી, કોલસાનો ઉપયોગ ન થતો હોય એવાં મશીન યંત્રો શોધવા વૈજ્ઞાનિકોએ આગળ આવવું જોઈએ.

યુગઋષિ પરમપૂજ્ય ગુરુદેવે લખ્યું છે - શ્રમની પ્રચુરતા અને નિયોજનના હેતુસર પૂંજીની અલ્પતાની સ્થિતિમાં કુટિર ઉદ્યોગ એકમાત્ર વૈકલ્પિક સમાધાન આપી શકે તેમ છે. આ કુટિર ઉદ્યોગ જ બેરોજગારી દૂર કરવાનો અને અસંખ્ય ગ્રામવાસીઓની સરેરાશ આવક વધારવાનો શાશ્વત આધાર બની શકે છે. કુટિર ઉદ્યોગને ઘર ઘરમાં સ્થાન મળે, દરેક ખાલી હાથને કામ મળે.

### ઉદ્યોગો કેવા હોવા જોઈએ ?

શ્રમ પર આધારિત ઉદ્યોગો સ્થાપિત થાય જેથી શ્રમ ખપી શકે. શ્રમને સરળ અને અધિક ઉત્પાદનલક્ષી બનાવનારાં મશીનોના ઉપયોગમાં કાંઈ વાંધો નથી. આ ઉદ્યોગોથી લોકો પોતાની રોજબરોજની જરૂરિયાતો માટે આત્મનિર્ભર બને. આનાથી ઉત્પાદનોની ખપતનું પણ સમાધાન થશે. ઉદ્યોગો, પ્રદૂષણ ફેલાવનારાં ન હોય, પ્રકૃતિ સંતુલનમાં સહાયક હોય. ઉદ્યોગો એટલા સહજ, સરળ અને સ્વાભાવિક હોય કે ગ્રામજનોની મર્યાદાઓ (નિરક્ષરતા, અનુભવ અને તાલીમની ઊણપ, મૂડીની ઊણપ) તેમાં અવરોધક ન હોય. ગ્રામોદ્યોગ, ખેતીવાડીને પૂરક અને સહાયક હોય. તે સ્થાનિક સાધનો (કૃષિ અને કૃષિ ઉત્પાદન, પશુધન, પ્રાકૃતિક સંપત્તિ)ના ઉપયોગ પર આધારિત હોય.

### કુટિર ઉત્પાદનની વેચાણ વ્યવસ્થા

કુટિર ઉદ્યોગો સ્થાપવામાં કુટિર ઉત્પાદનોના વેચાણનો પ્રશ્ન સૌથી વધુ મહત્ત્વપૂર્ણ છે. તેમને માટે વેચાણની વ્યવસ્થા કરવાનું જેટલું મુશ્કેલ છે તેટલું કાચો માલ મેળવવાનું અને ઉત્પાદનોની ક્ષમતા પ્રાપ્ત કરવાનું મુશ્કેલ નથી. આને માટે નીચેની બાબતો પર ધ્યાન આપવાનું છે -

ઉત્પાદનની ગુણવત્તા (પ્રામાણિકતા) સુનિશ્ચિત કરવી પડશે. કુટિર ઉત્પાદનોના ઉપયોગને રાષ્ટ્રભક્તિ, રાષ્ટ્રભાવના, રાષ્ટ્રગૌરવ સાથે સાંકળવાનો રહેશે. ગાંધીજીએ ખાદી ધારણ કરવાની બાબતને રાષ્ટ્રભક્તિનું એક મુખ્ય ચિન્હ બનાવવાની માનસિકતા વિકસિત કરી હતી. આ જ પ્રકારનું લોક આંદોલન ઊભું કરવાનું રહેશે. પોતાના માધ્યમ દ્વારા બનાવાયેલા કુટિર ઉત્પાદનોનો ઉપયોગ કરવાનો ખુદ સંકલ્પ લઈ, બીજાઓને પ્રેરિત કરે તથા વચન આપે. ગામડાંઓમાં જુદા પ્રકારનો સામાન બને અને તેનું મોટાભાગનું વેચાણ તે જ ગામોમાં થવા લાગે.

### ગોપાલનને ગ્રામીણ સ્વાવલંબનની ધરી બનાવવામાં આવે

ગૌ (ગાય) આધારિત કૃષિ, સ્વાસ્થ્ય, ઊર્જા અને ઉદ્યોગ જ ગામને સ્વાવલંબી બનાવશે. આનાથી કૃષિ (ખેતીવાડી) માટે પૌષ્ટિક, પ્રદૂષણરહિત, સસ્તું ખાતર, ગોમૂત્રના રૂપમાં કીટનાશક, આરોગ્ય માટે પૌષ્ટિક દૂધ, છાણ-ગોમૂત્રથી બનેલી દવાઓ, કૃષિ પરિવહન અને ઘરગથ્થુ ઈંધણ-બળતણ માટે પ્રદૂષણરહિત ઊર્જા ઉપલબ્ધ થઈ શકશે તથા કેટલાય પ્રકારનાં કુટિર ઉત્પાદનો બનાવી શકાય છે.

### મરમ્મત (દુરસ્તી) નું કામ વધે

તૂટેલી વસ્તુઓની મરામત (રીપેરીંગ) કરવાની પ્રથાને રાષ્ટ્રીય હિતમાં ગરીબી નાબૂદીની એક મહત્ત્વની નીતિ માનવામાં આવે. તૂટેલી વસ્તુઓની સમારકામની દુકાનો ખોલી શકાય, તો દરેક ગામમાં કેટલાય ગરીબ પરિવારોનું ગુજરાન થઈ શકે છે અને લોકો જૂના સામાનથી જ બે ગણા સમય સુધી કામ ચલાવતા રહીને આર્થિક બચત કરી શકે છે. તૂટેલા સામાનના સમારકામના કૌશલ્યને ઘરઘરમાં સ્થાન મળવું જોઈએ.

### મહેરબાની કરી આટલું ધ્યાન રાખો -

ધ્યાન આપવા જેવી બાબત એ છે કે ગાયત્રી શક્તિપીઠો, જ્ઞાનપીઠો, પ્રજ્ઞાપીઠો, પ્રજ્ઞા મંડળોમાં ઉદ્યોગનો આરંભ કરીને આપણે ઉદ્યોગપતિ બનવું ન જોઈએ. આપણા મૂળભૂત ઉદ્દેશને ભૂલી જવો ન જોઈએ. મુખ્યત્વે આપણું કાર્ય વ્યક્તિત્વ નિર્માણ કરવાનું છે. ઉદ્યોગ સ્થાપીને ઉદ્યોગપતિ બનીને આપણે આપણા માર્ગથી ચલિત થઈ જઈશું. સ્વાવલંબનના ક્ષેત્રમાં આપણી જવાબદારી માર્ગદર્શન, પ્રશિક્ષણ અને ઉત્પાદનોના પ્રચાર સુધી સીમિત રહેવી જોઈએ. પ્રજ્ઞાસંસ્થાનો ઉપર પ્રશિક્ષણ અને માર્ગદર્શનનું કાર્ય શરૂ કરી દેવું જોઈએ. પોતે જ ઉદ્યોગ સ્થાપીને ઉદ્યોગપતિ અને ઉત્પાદનોને વેચીને વેપારી ન બની જવું જોઈએ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આસ્તિકતા સંવર્ધન આંદોલન

# સદાચારની જનની-આસ્તિકતા

આસ્તિકતા મનુષ્યસમાજની સુખ અને શાંતિનો મૂળ આધાર છે. તે જીવનના અંતરતમમાં પ્રવેશીને સાચી પ્રેરણા, યોગ્ય માર્ગદર્શન આપે છે. વ્યક્તિગત આવશ્યકતાઓની પરિપૂર્તિથી માંડીને સામાજિક કર્તવ્યોના પાલન સુધીના આંતરિક શિક્ષણનો બોધ કરાવનાર પણ તે જ છે. મનુષ્યસમાજની વ્યવસ્થા અને લોકોની દૂષિત મનોવૃત્તિઓ પર નિયંત્રણ માટે અંતરદર્શન અને આત્મનિયંત્રણની આવશ્યકતાની પૂર્તિ આસ્તિકતાથી જ સંભવિત છે.

'ઈશ્વર છે'- એટલું માની લેવું એ જ માત્ર આસ્તિકતા નથી. ઈશ્વરની સત્તામાં વિશ્વાસ મૂકવો એ પણ આસ્તિકતા નથી, કેમકે આસ્તિકતા વિશ્વાસ નહિ પણ એક અનુભૂતિ છે, 'ઈશ્વર છે' એ એક બૌદ્ધિક વિશ્વાસ છે. ઈશ્વરનો પોતાના હૃદયમાં અનુભવ કરવો, તેની સત્તાને સંપૂર્ણ ચરાચર જગતમાં ઓતપ્રોત થયેલી જોવી અને તેની અનુભૂતિથી રોમાંચિત થઈ ઊઠવું એ જ સાચી આસ્તિકતા છે. આસ્તિક વ્યક્તિ જગતને ઈશ્વરમાં અને ઈશ્વરને જગતમાં ઓતપ્રોત થયેલો જુએ છે. તે ઈશ્વરને પોતાનાથી અને પોતાને ઈશ્વરથી ભિન્ન અનુભવતો નથી. તેને માટે જડ-ચેતનમય સમગ્ર સંસાર ઈશ્વરરૂપ જ હોય છે. તે ઈશ્વર સિવાયની ભિન્ન સત્તાના અથવા પદાર્થના અસ્તિત્વને જ નથી માનતો.

આસ્તિકતા દ્વારા ધર્મપ્રવૃત્તિની જાગૃતિ થાય છે, પરંતુ એ જરૂરી નથી કે જે ધર્મકાર્ય કરે છે, તે આસ્તિક પણ હોય. અનેક લોકો દેખાવ માટે જ ધર્મકાર્ય કરતા રહે છે. તેઓ ઈશ્વર પ્રત્યે પોતાનો વિશ્વાસ, શ્રદ્ધા તથા ભક્તિને પણ વ્યક્ત કરે છે, પરંતુ તેમની એ અભિવ્યક્તિ મિથ્યા અને પ્રદર્શન પૂરતી જ હોય છે. જેમ કે લોકો આવશ્યકતા, પરિસ્થિતિ, શિષ્ટાચાર અથવા સ્વાર્થવશ કોઈના પ્રત્યે લાગણી ન હોવા છતાં સ્નેહ, પ્રેમ, શ્રદ્ધા અથવા ભક્તિ દેખાડ્યા કરે છે. આસ્તિકતા દ્વારા ઉત્પન્ન ધર્મમાં પ્રદર્શન સંભવિત નથી. જે અણુઅણુમાં ઈશ્વરની ઉપસ્થિતિનો અનુભવ કરે છે, તેની સાથે પ્રેમભાવ રાખે છે તે મિથ્યા પ્રદર્શનનું સાહસ કરી જ નથી શકતો. સાચા ધાર્મિક, જેમની ધાર્મિકતાનો જન્મ આસ્તિકતામાંથી થયો હોય છે, તેઓ પોતે ધર્માચરણમાં વ્યસ્ત રહે છે. તેમને પ્રયત્નપૂર્વક આવો દેખાડો કરવાની જરૂર નથી હોતી. જીવમાત્રને આત્મવત્, તથા સંપૂર્ણ જગતને પરમાત્માનું રૂપ માનનાર ધર્માત્માથી અસંગત, અનુચિત તથા ન કરવા જેવું કાર્ય થવાનું શક્ય નથી.

એક ક્ષણ પણ બાહ્ય ધર્મકર્મ ન કરનાર વ્યક્તિ પણ જો મનુષ્યોનું સારી રીતે મૂલ્યાંકન કરે છે, સમાજ પ્રત્યેની પોતાની જવાબદારીનું પાલન કરે છે, બધાને ઈશ્વરના રૂપો માનીને ઈર્ષ્યા, દ્વેષ નથી રાખતો, જેનું હૃદય પ્રેમ, સહાનુભૂતિ તથા સંવેદનાથી સભર છે, તે જ સાચો ધાર્મિક અને આસ્તિક છે. સાચી આસ્તિકતામાં જ્યાં એક પ્રેરણા હોય છે, ત્યાં એક પ્રકારનું આર્કષણ પણ હોય છે. આસ્તિકતા જેમ મનુષ્યને ઈશ્વર તરફ પ્રેરિત કરે છે, તેમ ઈશ્વરીય તત્ત્વને પણ મનુષ્ય તરફ આકિર્ષત કરતી રહે છે. જેનાથી શીઘ્ર મનુષ્ય તથા ઈશ્વર વચ્ચેનું અંતર સમાપ્ત થઈ જાય છે. આસ્તિક ભગવાનના અને ભગવાન આસ્તિકના દ્વાર સુધી પહોંચવા માટે એક સાથે ચાલી નીકળે છે. પોતાની જવાબદારીનું ધ્યાન રાખતાં પરમાત્મા આસ્તિક વ્યક્તિને સદાય અસત્ કાર્યોથી બચાવીને સત્કર્મો ભણી ચાલતો રાખે છે. પોતાના અસ્તિત્વને પરમાત્મામાં વિલીન કરી દેતાં આસ્તિકને જીવનની સફળતા-નિષ્ફળતાની ચિંતા નથી રહેતી. આસ્તિકભાવમાં ડૂબી જવાનો અર્થ છે - પરમાત્માની ગોદમાં ચાલ્યા જવું - જ્યાં કેવળ આનંદ જ આનંદ છે.

સાચો આસ્તિક પ્રત્યેક જીવને પોતાના ભાઈબહેન જ માને છે અને તે અનુસાર તેની સાથે પ્રેમપૂર્ણ વ્યવહાર કરે છે. સંપર્કમાં આવનાર જયારે પ્રત્યેક વ્યક્તિ પોતાના ભાઈબહેન જ છે ત્યારે સાચો આસ્તિક તેમની સાથે કઠોર, ક્રૂર અથવા છળ-કપટભર્યો વ્યવહાર કઈ રીતે કરી શકે ? તે તો બધા સાથે પ્રેમપૂર્ણ, નિષ્કપટ અને યોગ્ય વ્યવહાર જ કરશે. બંધુભાવથી પ્રેરાયેલો તે પ્રત્યેકને સહાય કરવા હંમેશાં તૈયાર રહેશે. તે કોઈની સાથે સ્વાર્થપૂર્ણ અથવા અવિશ્વાસભર્યો વ્યવહાર કદાપિ કરશે નહિ. આ રીતે સાચો આસ્તિક સહજમાં જ

અસત્ થી સત્ તરફ, અંધકારથી પ્રકાશ તરફ આગળ વધવાનું નામ સાધના છે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આત્મકલ્યાણકારી યશભાવનાનો અધિકારી બની રહે છે. જ્યારે મનુષ્યનું મન મલિન અથવા અરક્ષિત હોય છે ત્યારે જ કામ, ક્રોધ અથવા લોભરૂપી શત્રુ આક્રમણ કરે છે. આસ્તિક વ્યક્તિનો ઈશ્વરીય વિશ્વાસ અને પરમાત્માની અનુભૂતિ તેના હૃદયને પ્રસન્ન અને ઉજ્જવળ બનાવવામાં સહાયક નીવડે છે. તેની ભાવનાઓમાં હંમેશાં પરમાત્માનો વાસ હોય છે. તેના સુરક્ષિત હૃદય પર આસુરી વૃત્તિઓ આક્રમણ નથી કરી શકતી.

આસ્તિકતા સદાચારની જનની છે. જે આસ્તિક હશે, જે બધામાં અને બધી જગ્યાએ ભગવાનની ઉપસ્થિતિ અનુભવશે, તે કોઈ દુરાચાર કરવાનું સાહસ જ નહિ કરે. સદા સર્વદા એવાં જ કાર્યો કરવાનો અને ભાવનાઓ સેવવાનો પ્રયત્ન કરશે, જે સાચા આસ્તિકને અને ઈશ્વરના અનુયાયીને અનુરૂપ હોય. ઈશ્વરીય નિર્દેશ અને આદેશ સત્યમ્, શિવમ્, સુન્દરમ્ સિવાય બીજું કાંઈ હોઈ જ શકે નહિ. પ્રેમ, સહાનુભૂતિ, સહયોગ, સત્ય તથા સેવાભાવ આસ્તિકના વિશેષ ગુણો છે. ચોરી, છેતરપિંડી, છળકપટ, ઈર્ષ્યા, દ્વેષ, લોભ, મોહ, કામવાસના, આદિ દુષિત પ્રવૃત્તિઓથી આસ્તિક વ્યક્તિને કોઈ સંબંધ નથી હોતો. આસ્તિકતા દ્વારા ઈશ્વર સાથે ભાવનાત્મક સંપર્ક રાખનાર તો તેને અનુરૂપ જ પોતાના જીવનને ઉન્નત અને ઉત્કૃષ્ટ બનાવવાનો પ્રયત્ન કરશે. આજે વિશ્વ જે શાંતિ, વ્યવસ્થા તથા સહયોગ ભાવનાની જરૂરત અનુભવે છે તે આસ્તિકતા દ્વારા સાહજિક રીતે પ્રાપ્ત થઈ શકે છે.

જો વિશ્વની પ્રત્યેક વ્યક્તિ પૂર્ણરૂપે આસ્તિક બનીને ઈશ્વરીય આદર્શ પર ચાલવા માંડે તો ન કોઈ કોઈને સંતાપે અને ન કોઈ કોઈને ઠગવાનો પ્રયત્ન કરે. દરેક વ્યક્તિ પોતાની મર્યાદાઓમાં સંતુષ્ટ બનીને શાંતિપૂર્વક જીવન જીવે. આજે જગતભરમાં ફેલાયેલો બધો દુરાચાર એ જ કારણે છે કે લોકો કેવળ પોતાના સ્વાર્થને જ જુએ છે, કોઈ બીજાનાં સુખ-સગવડ અથવા અધિકાર ક્ષેત્રનું ધ્યાન રાખતું નથી. જો આજે આસ્તિકતાનો વ્યાપક પ્રચાર થઈ જાય, લોકો ઈશ્વરને સાચી ભાવનાથી જાણવા-માનવા લાગે અને તેનાથી ડરીને ચાલે તો આવતીકાલે જ બધા અપરાધોનો અંત આવી જાય અને દીર્ઘકાળથી ઝંખેલું રામરાજ્ય સાકાર થઈ ઊઠે.

વિવેક રૂપે યોગ્યને અપનાવવાની અને અયોગ્યથી બચવાની પ્રક્રિયા પણ ઈશ્વર હરપળે પૂરી કરે છે. પ્રત્યેક સત્કાર્ય આપણને આંતરિક સંતોષ આપે છે અને પ્રત્યેક દુષ્કાર્યના પ્રયાસથી છાતી ધડકી ઊઠે છે. અંતર્દ્વન્દ્વ ઊભું થાય છે અને પગ ધ્રૂજવા માંડે છે. ઔચિત્ય માટે પ્રોત્સાહન આપનાર અને અનૌચિત્ય માટે નિરુત્સાહ પેદા કરનાર આ અંતર-પ્રકાશને ઈશ્વરીય સત્તાના અસ્તિત્વ રૂપે જાણી શકાય છે.

કરુણા, પ્રેમ, દયા, શ્રદ્ધા જેવી સદ્ભાવનાઓ અસીમ આત્મસંતોષ અર્પે છે. તેને સાકાર કરવા માટે થોડું કષ્ટ ભોગવવું પડે છે સંયમથી વર્તવું પડે છે અને ત્યાગ કરવો પડે છે તો પણ તેનાથી દુઃખ ઊપજતું નથી, કિન્તુ સંતોષ જ અનુભવાય છે. આને ઈશ્વરીય ચેતનાનું દિવ્ય શિક્ષણ ગણી શકાય. ઉત્કૃષ્ટતાની ભૂખ અદમ્ય છે. ન્યાય અને ઔચિત્યનું સમર્થન કાયમી છે. ચોર પણ ચોરીના સિદ્ધાંતનું સમર્થન નથી કરી શકતો, તે પોતાને ઘરે ચોરને નોકર તરીકે રાખવા તૈયાર નહીં થાય. આ સત્યનો, ઈશ્વરનો દિગ્વિજય છે. આપણે સતત ઈશ્વરીય વાણીની ઉપેક્ષા અને પ્રેરણાની અવગણના કરી છે, એટલે એવી જ આદત પડી ગઈ છે. ધૂળ જામ્યા કરવાથી દર્પણ ધૂંધળું થઈ ગયું છે, અન્યથા હર કોઈ વ્યક્તિ અંતરાત્માની અંદર મહાનતાની દિશામાં આગળ


**ફાર્મ-૪**

| | |
|---|---|
| ૧. પ્રકાશનનું સ્થાન | મથુરા |
| ૨.પ્રકાશનનો પ્રકાર | માસિક |
| ૩. મુદ્રકનું નામ | પં. લીલાપત શર્મા |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | યુગ નિર્માણ પ્રેસ, મથુરા |
| ૪. પ્રકાશકનું નામ | પં. લીલાપત શર્મા |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | યુગ નિર્માણ યોજના, મથુરા |
| ૫. સંપાદકનું નામ | પં. લીલાપત શર્મા |
| રાષ્ટ્રીયતા | ભારતીય |
| સરનામું | યુગ નિર્માણ યોજના, મથુરા |
| ૬ સત્વાધિકારી | યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ, ગાયત્રી તપોભૂમિ, મથુરા |

હું લીલાપત શર્મા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતોવાળું નિવેદન મારી જાણ અને માન્યતા પ્રમાણે સાચું છે.

પ્રકાશકની સહી-લીલાપત શર્મા





**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ધપવાની પ્રેરણા રૂપે હંમેશ જીવંત પરંતુ આછી બનાવી દેવાયેલી ચેતનાનાં દર્શન કરી શકે છે.

આસ્તિકની માન્યતાને સુસ્થિર બનાવવા માટે પૂજા-ઉપાસનાના વિભિન્ન કર્મકાંડો રચવામાં આવ્યા છે. આપણે માનવીય આદર્શોથી ગુમરાહ થઈને પશુપ્રવૃત્તિઓમાં રચ્યાપચ્યા રહીએ છીએ. આ અનિચ્છનીય સ્થિતિથી ઉગરવા માટે પ્રાર્થનાનો પોકાર પાડવામાં આવે છે. ઈશ્વરની સાથે જીવનના અસીમ અંતરને નિકટતા, ઘનિષ્ઠતામાં બદલવા માટે ઉપાસના કરવામાં આવે છે. તેની જ ઈશ્વરભક્તિ સાર્થક છે, જે કર્મના ફળ પર અતૂટ વિશ્વાસ કરે અને પોતાના જીવનને આદર્શમય બનાવવાના સોગંદ લે. આસ્તિક તે જ છે, જે ચારિત્ર્યનિષ્ઠ રહે છે અને લોકમંગલ માટે ઉત્સાહથી પોતાનો ફાળો આપે છે. આવી વાસ્તવિક ઈશ્વરભક્તિ જ અમૃત, પારસ અને કલ્પવૃક્ષની જેમ મનુષ્યને સર્વગુણ સંપન્ન બનાવે છે અને તેના જ આધારે જીવને બ્રહ્મ, નરને નારાયણ, પુરુષને પુરુષોત્તમ, વામનને વિરાટ અને દીન-દુર્બળને રિદ્ધિ-સિદ્ધિ સંપન્ન બનવાનો સુયોગ સાંપડે છે.

આજની પરિસ્થિતિમાં આસ્તિકતા અને ઈશ્વરની નવી પ્રગતિશીલ વ્યાખ્યા કરવાનું અનિવાર્ય બની ગયું છે. પારંપરિક શબ્દાવલીમાં તેમાંથી એ જ ભાવ ઉત્પન્ન થાય છે જે આપ્ત વચનોની વધાઈ દેતા અસંખ્ય ધર્મોપદેશક આપતા રહ્યા છે. હકીકતમાં આસ્તિકતા ઈશ્વરીય અનુશાસનને ઘૂંટી ઘૂંટીને આપણા ચિંતન, ચરિત્ર અને વ્યવહારમાં ઉતારવાનું નામ છે. જે આસ્તિક છે તેઓ ભલે મંદિરો, પૂજાગૃહોમાં ન જતા હોય પરંતુ જો તે પરમસત્તાનું અનુશાસન જીવનમાં ઉતારે છે, જીવન યોગ્ય માર્ગે જીવે છે, સૃષ્ટિને એક ઉપવન માનીને માળીની જેમ તેનું જતન કરે છે, તો તે સાચા અર્થમાં આસ્તિક છે. નાસ્તિક તો તે છે, જે બાહ્યાડંબર કેટલોય કરે, દેખાતો ધાર્મિક હોય, પરંતુ જીવનના કોઈપણ ખૂણેથી આદર્શવાદ, સુચારિત્ર્ય, ઉત્કૃષ્ટતાનો એક અંશ પણ ઝળકાવી ન શકે.

ઈશ્વર, તે નિરાકાર બ્રાહ્મી સત્તા છે, જે સત્પ્રવૃત્તિઓના, સદ્ગુણોના, શ્રેષ્ઠતાના સમુચ્ચય રૂપે તથા સમષ્ટિગત અનુશાસનરૂપે આપણી ચારેબાજુ વિદ્યમાન છે. એ પરમ સત્તા આપણને દેખાય ભલે નહિ, પરંતુ આપણા રોમરોમમાં વસીને આપણને હરપળે પોતાના અસ્તિત્વનો આભાસ કરાવે છે. જો ઈશ્વરની, આ સ્વરૂપે આપણને સતત અનુભૂતિ થવા લાગે તો આપણા જીવનના ક્રિયાકલાપો બદલાઈ જશે, આપણે સાચા અર્થમાં આસ્તિક કહેવડાવવાને યોગ્ય બનીશું.

*બંદા વૈરાગી એક સાધુ હતા અને એકાંતમાં પોતાનું જીવન ભગવદભજનમાં વીતાવતા. ગુરુ ગોવિંદસિંહની એક વાર વૈરાગી સાથે મુલાકાત થઈ. તેમણે એકાંત સેવનને આપત્તિકાળમાં હાનિરૂપ ગણાવીને કહ્યું, 'બંધુ, જ્યારે દેશ, ધર્મ, સંસ્કૃતિની મર્યાદાઓ નાશ પામી રહી છે, આપણે ગુલામીનું જીવન વ્યતીત કરી રહ્યા છીએ, ત્રાસવાદીઓના અત્યાચાર આપણા પર થઈ રહ્યા છે, ત્યારે આ ભજન, પૂજન, ધ્યાન, સમાધિ વગેરે શા કામનાં છે ?' ગુરુ ગોવિંદસિંહની યુક્તિપૂર્ણ વાણી સાંભળીને બંદા વૈરાગી તેમના અનુયાયી બની ગયા અને ગુરુની જેમ તેમણે પણ આજીવન દેશને સ્વતંત્ર બનાવવાની, અધર્મીઓનો નાશ કરવાની અને સંસ્કૃતિની રક્ષા કરવાની પ્રતિજ્ઞા લીધી. આ ઉદ્દેશ માટે જ બંદા વૈરાગી આજીવન પ્રયત્નશીલ રહ્યા. મુસલમાનો દ્વારા વૈરાગી પકડાયા, તેમને એક પાંજરામાં પૂરવામાં આવ્યા. મોત અથવા ધર્મ પરિવર્તનની શરત મૂકવામાં આવી, પરંતુ પોતાની પ્રતિજ્ઞા પર દૃઢ રહેનાર બંદા વૈરાગી પોતાના ધ્યેયથી તલભારેય ડગ્યા નહીં. અંતમાં ત્રાસવાદી જુલ્મગારોએ તેમના શરીરના ટુકડે ટુકડા કરી નાખ્યા. બંદા અંત સુધી મલકાતા રહ્યા.*

આધ્યાત્મિક વિકાસમાં સૌથી મોટો અવરોધ મનુષ્યના અહંકારભર્યા વિચાર જ છે



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

## સાચું સૌંદર્ય | સત્યમ્, શિવમ્, સુન્દરમ્

સૌંદર્યની અભિલાષા કોને નથી ? સુંદરતાની ચાહના કોને નથી ? દરેક વ્યક્તિ સુંદર બનવા ઈચ્છે છે અને કોઈ ને કોઈ રૂપે તેના તરફ આકર્ષિત થાય છે. આમ તો પ્રકૃતિનું દરેક તત્ત્વ સુંદરતાનો પર્યાય છે. પરંતુ ફરક દૃષ્ટિકોણનો છે કે કોણ કોને સુંદર માને છે અને તે કોનો પૂજારી છે. હકીકતમાં અંતરમનને ઉલેચ્યા વિના વાસ્તવિક સૌંદર્યનું દર્શન સંભવિત નથી. અંતરદૃષ્ટિથી એટલે હૃદયની આંખોથી જ તેને જોઈ શકાય છે અને આનંદ પામી શકાય છે.

ગ્રીસના ખ્યાતનામ દાર્શનિક સોક્રેટીસે સૌંદર્યની વ્યાખ્યા કરીને ઉલ્લેખ કર્યો છે કે જે આંખ અને કાનના માધ્યમથી પ્રીતિકર હોય, તે જ સુંદર છે અર્થાત્ જે આંખોને પસંદ પડી જાય તથા જેના વિશે સાંભળવું પણ સારું લાગે તે જ સુંદર છે એટલે કે સુંદરતાને માટે રૂપ જ નહિ ગુણોનું પણ મહત્ત્વ છે. તેમના શિષ્ય પ્લેટોએ સૌંદર્યને સૃષ્ટિનું મૂળ તત્ત્વ ગણ્યું છે. તેમના મતાનુસાર સત્ય જ સુંદર અને શ્રેષ્ઠ છે. એક અન્ય દાર્શનિક કાંટના મતે આ પ્રમાણે બે રીતે બને છે. આ મતના સમર્થનમાં તેમણે તર્કશાસ્ત્રનો આધાર લેતાં સ્પષ્ટ કર્યું છે કે એક સૌંદર્ય શુદ્ધ પવિત્ર અને નિરપેક્ષ હોય છે અને બીજું સાપેક્ષ હોય છે. એક પોતે સુંદર છે તેના માટે કોઈ પણ વસ્તુનું હોવું જરૂરી નથી. ઈશ્વર સુંદર છે. તે દરેક સ્થિતિમાં સુંદર જ હોય છે. પરંતુ સાપેક્ષ સુંદરતા તેની આસપાસ રહેલ કોઈ અન્ય વ્યક્તિ, વસ્તુ અને સ્થિતિની તુલના પર આધારિત હોય છે.

વાસ્તવિક સૌંદર્યમાં દેવત્વ અને દિવ્યત્વનો ભાવ જોડાયેલો હોય છે. હીગેલે આવી સુંદરતાને ઈન્દ્રિયોની અનુભૂતિ માની છે, પરંતુ યથાર્થ સૌંદર્ય તો ઈન્દ્રિયો અને મનના અનુભવથી પર છે, તેને કઈ રીતે પ્રતિપાદિત કરી શકાય તેમ છે ? તે તો આ બધાથી ઉપર જ છે. તેથી જ કાલિદાસે કહ્યું છે, આવું સૌંદર્ય ગતિશીલ અને નિત્ય નૂતન પ્રભાવિત હોય છે. આ રીતે ભારતીય દર્શનશાસ્ત્ર પણ સૌંદર્યથી પ્રભાવિત થયા વિના નથી રહ્યું, પણ તેણે પોતાની અભિવ્યક્તિનું માધ્યમ બદલીને તેને ઈન્દ્રિયાતીત કહ્યું છે. અર્થાત્ સૌંદર્યની દિવ્યતા એટલી છે કે તે ઈન્દ્રિયો દ્વારા ગ્રહણ નથી કરી શકાતી. આ જ કારણસર વેદાંતે તેને અનિર્વચનીયવાદના કલેવરથી અલંકૃત કર્યું.

સૌંદર્યના તત્ત્વને બધાએ પોતપોતાના ઢંગથી પરિભાષિત અને વિશ્લેષિત કર્યું છે. આ સંદર્ભમાં શૈવદર્શનને તેણે કલાના રૂપે માન્યતા પ્રદાન કરી છે. કલાપારખુઓ જ તેને ઉચિત સન્માન અને આદર આપી શકે છે. તેથી તેમણે સૌંદર્યને કલા રૂપે સ્વીકાર્યું. ભક્તિ સાહિત્યમાં તે દિવ્ય સૌંદર્યને દૈહિક અંગ-પ્રત્યંગના હાવભાવ અંતર્ગત જોઈ અને પારખી શકાય છે. તેના મત અનુસાર શરીર જ એવું માધ્યમ છે, જે તેને સાચી રીતે અભિવ્યક્ત કરી શકે છે. તેના દ્વારા જ ઈશ્વરની અદ્ભુત સુંદરતાનો અનુભવ કરી શકાય છે. જો કે તેમના અનુસાર એ પૂર્ણ સત્ય નથી પરંતુ આ અનુભવની જાણકારી કરાવનારું તે એક યંત્ર તો હોઈ જ શકે છે.

ઈશ્વરીય સૌંદર્યને જેણે જેટલી માત્રામાં હૃદયસ્થ કર્યું તેમાં તે તે જ પ્રમાણમાં અવતાર પામે છે. અગર જો તે શરીરમાં ઉતરે છે તો તેની ચમક, તેનું તેજ અને રૂપરંગ નિખરી ઊઠે છે. પછી શરીર હંમેશાં સ્વસ્થ, નીરોગી અને પ્રસન્ન રહે છે. દેહ સુંદર હોય કે કદરૂપો પણ એ તો કુદરતની દેન


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

છે. તેના પ્રાકૃતિક સ્વરૂપમાં જ સુંદરતા રહેલી છે. પ્રાકૃતિક દિનચર્યાનું અનુસરણ કરીને પ્રકૃતિદત્ત આ શરીરના સૌંદર્યને ટકાવી રાખી શકાય તેમ છે.

અષ્ટાવક્ર અને સોક્રેટીસના શારીરિક સૌંદર્યથી કોણ પરિચિત નથી ? શારીરિક દષ્ટિકોણથી તેઓ ભલે એટલા સારા નહોતા, પરંતુ તેમણે ઈશ્વરીય સૌંદર્યને પોતાની ભીતરમાં ઊતાર્યું હતું અને તેઓ દિવ્ય બની ગયા હતા. તેમનું કદરૂપું શરીર પણ પ્રભુનું યંત્ર બન્યું અને અત્યંત સુંદર બની ગયું. જેની સૃષ્ટિમાં આટલી સુંદરતા ભરી પડી છે, તેનો સર્જક-રચયિતા કેટલો સુંદર હોઈ શકે છે, તે કલ્પનાતીત બાબત છે. તો પછી તેના સ્પર્શથી શું આ દેહ સુંદર ન બની શકે ? શું આ કાયા તેજસ્વી ન બની શકે ? શરીરની વાસ્તવિક સુંદરતા સ્વસ્થ અને નીરોગી રહીને પ્રભુનું યંત્ર બની રહેવામાં જ છે. શરીર દ્વારા જ ભગવદ્કાર્ય સંપાદિત થાય છે. તેથી શરીર ભલે ગમે તેવું હોય તેને એવું બનાવવું જોઈએ જેથી તેના માધ્યમથી કર્મના રૂપે ભગવત્-ચેતના વહી શકે. આ જ શરીરનું સાચુકલું સૌંદર્ય છે.

મનનું સૌંદર્ય તેના દિવ્ય વિચારોમાં રહેલું છે. શ્રેષ્ઠ અને સદ્વિચારોથી મનના સૌંદર્યમાં હંમેશાં નિખાર આવે છે. ચિંતન અને મનન દ્વારા એ પુષ્ટ થાય છે અને તેનો આધાર છે સ્વાધ્યાય. સ્વાધ્યાયની પ્રક્રિયામાં જ મનનું અપ્રિતમ સૌંદર્ય છુપાયેલું પડ્યું છે. તે અત્યંત સહજ-સુલભ છે અને દરેક જણ તેને પ્રાપ્ત કરી શકે છે. મનસ્વી વ્યક્તિનું મન ખૂબ સુંદર હોય છે. તેનું ગૂઢ રહસ્ય છે સ્વાધ્યાય. તેના અભાવે મનરૂપી દિવ્ય દર્પણમાં કુવિચારોની ધૂળ જમા થતી રહે છે અને તેની નૈસર્ગિક સુંદરતા નષ્ટ થઈ જાય છે. આવું મન ખૂબ જ કુરૂપ અને વિકૃત હોય છે. આ સમસ્ત માનવીય મનોવિકારોનો જનક છે. આ મન કુમાર્ગે લઈ જનાર હોય તો શરીરને પણ સત્કર્મોથી વિમુખ બનાવી દે છે, કેમકે તે જ શરીરને નિયંત્રિત અને નિયમિત કરે છે. જેનામાં આવા કુરૂપ મનનો વાસ હોય છે, તેનું શરીર દેખાવમાં ભલે કેટલુંય સારું કેમ ન હોય, પણ સુંદર નથી હોતું. તેથી મનના સૌંદર્યને ઉપસાવવામાં આવે, જેથી તેમાં શ્રેષ્ઠ અને સુંદર વિચારો ઉદ્ભવી શકે. નિત્ય સ્વાધ્યાય દ્વારા મનરૂપી દર્પણને સદાય સ્વચ્છ અને સાફ રાખવું જોઈએ. જેમાં આંતરિક સુંદરતાની ઝલક-ઝાંખી થઈ શકે. મન જ એ તત્ત્વ છે જે બાહ્ય અને આંતરિક બન્ને પ્રકારના સૌંદર્યનો અનુભવ કરી શકે છે.

ગંગા હિમાલયમાંથી નીકળી તો હિમાલયે તેને ઘણી રોકી. ગંગાએ કહ્યું, મારે લોકકલ્યાણ માટે જવું જ પડશે. તે નીકળી પડી. તરસી ધરતી, સૂકી ખેતી અને વ્યાકુળ જીવજંતુઓને શીતળ જળ લુંટાવતી ગંગા આગળ વધી તો હિમાલયનું હૃદય દ્રવિત થઈ ઊઠ્યું. એણે જળ છોડવાનું શરૂ કર્યું અને ગંગા જેટલી ગંગોત્રીમાં હતી તેના કરતાં સો ગણી થઈને ગંગાસાગરમાં સમુદ્રને જઈ મળી.

પ્રકૃતિનો નિયમ છે કે જે સતત દાન કરે છે તે જ નિર્બાધ પુણ્ય પ્રાપ્ત કરે છે. આજનું આપેલું કાલે હજારગણું થઈને પાછું મળે છે. તિથિ ગણશો નહીં. સમયની પ્રતીક્ષા કરશો નહીં. વિશ્વાસ રાખો કે જે આજે આપશો તેનું કાલે તમને અનેકગણું ફળ મળશે. આજે આપણે લોકમંગલ માટે પોતાની ક્ષમતાઓ અને સંપદાઓનું દાન કરી દઈએ તો કાલે આપણી ક્ષમતાઓ. યોગ્યતાઓ. વૈભવ અને વિભૂતિઓ હજારગણાં વધશે. સમય ભલે લાગે. પરંતુ ત્યાગ અને દાન તથા પરોપકાર અર્થે કરેલો ઉત્સર્ગ જ જીવનને પરિપૂર્ણ બનાવે છે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

જ્યાં વિચારોનું સૌંદર્ય હોય છે ત્યાં હૃદયની ભાવનાઓના સૌંદર્યનું પ્રતિનિધિત્વ કરે છે. વૈચારિક સૌંદર્ય ખૂબ જ પ્રખર અને પ્રબળ હોય છે, પરંતુ ભાવનાઓના સૌંદર્યમાં ચાંદની જેવી શીતળતા હોય છે. કોઈ પીડિતની પીડાથી તે દયાર્દ્ર બની જાય છે અને તેના પ્રત્યે મીણબત્તીની જેમ પીગળવા લાગે છે. પોતાની ઉચિત સેવા અને સહયોગ-સહકાર દ્વારા તેની પીડા અને કષ્ટનું નિવારણ કરવા માટે તત્પર બની રહે છે. જેમનામાં પણ આવી સ્થિતિ આવવા લાગી છે અને જેઓ દુઃખીઓના દુઃખથી તથા પીડિતોની પીડાથી વ્યથિત થવા લાગ્યા હોય તો સમજી શકાય તેમ છે કે તેની ભાવનાત્મક સુંદરતામાં વૃદ્ધિ થવા લાગી છે.

સેવા અને સહકારના માધ્યમથી ભાવનાઓના સૌંદર્યમાં અભિવૃદ્ધિ થાય છે, કેમકે તેનાથી ગર્વ ગળી જાય છે. અભિમાન જ એવું દૃઢ મલિન આવરણ છે, જે ભાવનારૂપી હૃદયને આચ્છાદિત કરતું રહે છે. આ હૃદયમાં જ તે પરમ ઐશ્વર્યવાન પરમાત્માનો ગુપ્ત વાસ છે, જેને આત્મા રૂપે જાણી શકાય છે. અહંકાર ગળ્યા વિના, તેનું આવરણ હટ્યા વિના કેવી રીતે આત્મિક સૌંદર્યનો રસાસ્વાદ કરી શકાશે ? સેવા જ આ આવરણને દૂર હટાવવાની દિવ્ય સાધના છે. જેના દ્વારા આપણને તે પરમ સૌંદર્યની ઝાંખી-ઝલક જોવા મળે છે. તેથી આત્મિક સૌંદર્યના આકાંક્ષીએ સદૈવ સેવાનું વ્રત અપનાવતા રહેવું જોઈએ. આ વ્રતથી હૃદય એટલું પવિત્ર અને વિશુદ્ધ થઈ જાય છે કે જીવમાં શિવના પાવન સૌંદર્યનો બોધ થવા લાગે છે.

આ જ સત્યનો અનુભવ કરીને ઋષિઓએ સૌંદર્યને 'સત્યમ્ શિવમ્ સુંદરમ્' રૂપે પ્રમાણિત કર્યું છે. નિશંક રીતે એ જ સાચું સૌંદર્ય છે જે મંગલકારી અને કલ્યાણકારી હોય. જીવનમાં ચરિત્ર, ચિંતન અને વ્યવહારને ઉત્કૃષ્ટ અને પરિશુદ્ધ કરીને જ આવા દિવ્ય સૌંદર્યનો અનુભવ થાય છે. જ્યારે આ પરમ સૌંદર્યનો અનુભવ થાય છે ત્યારે તે જીવન સૌંદર્યનો પર્યાય બની રહે છે. આવું સૌંદર્ય જ મહાન છે અને તેની જ અભિલાષા રાખવી જોઈએ. જે આપણને પરમાત્માના દિવ્ય સૌંદર્ય સાથે તદ્રૂપ-એકાકાર કરી દે...

***

મહારાણા પ્રતાપે અકબર સાથે સુલેહ ન કરી. રાજા માનસિંહ વગેરેએ તેમને સમજાવ્યા, "સમયનો પ્રવાહ પારખો. બધા જ રાજ્ય-રજવાડાં પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે શહેનશાહ સાથે સુલેહ-સમાધાન કરી રહ્યાં છે." મહારાણા પ્રતાપે કહ્યું, "મારા વારસામાં બાપા રાવળની પરંપરા મળી છે. અન્ય રાજા-રજવાડાં પોતાની પરંપરા અને ઈમાન જોઈને નિર્ણય લે. માટે મારી પરંપરા અને ઈમાન-ધર્મ જોઈને નિર્ણય લેવાનો છે. મને મારી પરંપરા અને અંતઃકરણ રાષ્ટ્રીય ગૌરવ ખોઈને સુખ-સગવડો મેળવવાની પરવાનગી નથી આપતા. સુલેહની વાત સમજાવવી હોય તો બાદશાહને સમજાવો. અમારા સાંસ્કૃતિક ગૌરવની રક્ષા કરવી તે અમારું કર્તવ્ય છે, એ જ અમે કરી રહ્યા છીએ."

મહારાણા પ્રતાપે આદર્શોની કસોટી પર પોતાનું કર્તવ્ય નિર્ધારિત કર્યું. જનપ્રવાહની કસોટી પર કરત તો ઈતિહાસના મૂલ્યવાન 'અડીખમ પહાડ' તરીકે ન ઓળખાત.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પુરુષાર્થ — માની કૃપાથી શું સંભવ નથી ?

"ચણા લો ચણા, ભૂંજેલા મસાલેદાર ચણા"- આ અવાજ અસંખ્ય લોકોને ચણાની સ્વાદિષ્ટતાનો અહેસાસ કરાવી દેતો. પરંતુ તેમાં જે પીડા હતી, દર્દ હતું, જે વ્યાકુળતા-લાચારી હતી તેની પ્રતીતિ થોડા ગણ્યા-ગાંઠ્યાને જ હતી. સ્કૂલમાંથી આવતાં જ અનિરુદ્ધ કશું ખાધાપીધા વિના ડોલચામાં ચણા ભરીને વેચવા માટે નીકળી પડતો. ચણા વેચતાં વેચતાં તે પોતાના અભ્યાસની બાબતો પણ વિચાર્યા કરતો.

અનિરુદ્ધના પિતા રઘુવીર સ્વદેશી કોટન મિલમાં કામ કરતા હતા, પરંતુ મિલની હકાલપટ્ટીમાં તેમને ફારેગ કરી દીધા. હવે તે બેરોજગાર હતા, કામની શોધમાં ઠેર ઠેર ભટકતા. ઘરની આર્થિક સ્થિતિ દિવસે દિવસે વણસતી જતી હતી. બે વખતની લૂખીસૂકી રોટી પણ મળવી મુશ્કેલ હતી. હવે કેવળ અનિરુદ્ધની મા શકુંતલાની મહેનત-મજૂરીનો સહારો હતો. તે કેટલાંક સાધન-સંપન્ન ઘરોમાં કચરા પોતાનું અને વાસણ માંજવાનું કામ કરતી હતી. આ બાજુ અનિરુદ્ધ પણ રોજ ચણા વેચતો. આ રીતે જેમતેમ ઘર ચાલતું. શંકુતલાને બધો સમય અનિરુદ્ધના ભણતરની ચિંતા સતાવતી. જેમતેમ અનિરુદ્ધે પણ સંજોગો સામે ઝઝૂમતાં હાઈસ્કૂલની પરીક્ષા પ્રથમ શ્રેણીમાં પસાર કરી. હવે તેણે ૧૧મા ધોરણમાં પ્રવેશ મેળવવાનો હતો. પરંતુ તેની પાસે પ્રવેશ મેળવવા દાખલ ફીના પૈસા નહોતા. શકુંતલા આથી બહુ પરેશાન હતી, અનિરુદ્ધ પણ ઉદાસ હતો. એવામાં શકુંતલાને મેનેજર સાહેબની પત્ની - પોતાની શેઠાણીનું સ્મરણ થયું. તે સવારે જ તેમના ઘેર જવા નીકળી પડી.

અનિરુદ્ધ એ આશાએ અધ્ધર જીવે બેઠો હતો કે માની વાત શેઠાણી કદી નહીં ટાળે. તેના પ્રવેશ માટે પ્રવેશ ફીની વ્યવસ્થા ત્યાં જરૂર થઈ જશે. કેમકે તેની માએ દરેક મુસીબત અને પરેશાની ઉઠાવીને તેની ખૂબ સેવા કરી હતી.

અનિરુદ્ધ પોતાના ઘરના દરવાજા પર ઊભો ઊભો બહુ બેચેનીપૂર્વક પોતાની માતાની વાટ જોઈ રહ્યો હતો. છેવટે જ્યારે તેણે માને આવતી જોઈ તો તેને થોડી રાહત થઈ, પરંતુ જ્યારે તેણે મા સામે ધ્યાનપૂર્વક જોયું તો તેની મૂંઝવણ વધી ગઈ. માનો ચહેરો મુરઝાયેલો હતો. ઉદાસીનતાની કાળી ઝાંય તેના ચહેરા પર ઢંકાયેલી હતી. આવતાંની સાથે તેના તરફ જોયા વિના જ તે ઘરની અંદર ચાલી ગઈ અને ચટાઈ પર ધબ દઈને બેસી ગઈ. એવું લાગતું હતું જાણે તેના શરીરમાંથી કોઈએ બધું લોહી નીચોવી લીધું હોય. માને કંઈ પૂછવાની અનિરુદ્ધની હિંમત ન ચાલી. તો પણ અચકાતાં અચકાતાં તેણે માને પૂછ્યું, "મા તારી તબિયત તો ઠીક છે ને ?"

"બેટા, હું હારી ગઈ" માએ આંસુ લૂછતાં લૂછતાં કહ્યું. "શેઠાણી સાવ ના મક્કર ગયાં. તેમના પર મને પૂરો ભરોસો હતો. પરંતુ તે મારી વાત સાંભળતાં જ પોતાનાં ખુદનાં રોદણાં રડવા લાગી. બીજી પણ થોડી જગ્યાએ કોશિશ કરી, પરંતુ વાત કંઈ બની નહીં. મોટા માણસો છે. જ્યારે જે મરજીમાં આવે તે બોલવા સ્વતંત્ર છે. શું કરું ? કાંઈ સમજાતું નથી. મને માફ કરી દે બેટા"

આજે પ્રવેશ મેળવવાનો છેલ્લો દિવસ હતો અને હજી સુધી ફીના અભાવે અનિરુદ્ધનો પ્રવેશ બની શક્યો ન હતો. મા-બેટો બન્ને આના વિચારમાં ઉદાસ બની બેઠાં હતાં. ત્યારે ત્યાંથી અનિરુદ્ધના શિક્ષક રામશરણ ત્યાં થઈ નીકળ્યા. તે અનિરુદ્ધની પાસે જઈને બોલ્યા, "શું વાત છે અનિરુદ્ધ ? તેં હજી સુધી કોલેજ જવાનું શરૂ નથી કર્યું ?"

અનિરુદ્ધે ઊભા થઈને પોતાના માસ્તર સાહેબને પ્રણામ કર્યાં અને ગળગળા થતાં કહ્યું, "કોલેજ કેવી રીતે જાઉં મને તો પ્રવેશ જ નથી મળ્યો." તે પછીની બાબત મા-દીકરાના ચહેરાઓએ કહી દીધી. જે રામશરણજી મૂક રહીને સમજી ગયા. સમગ્ર પરિસ્થિતિનો અનુભવ કરીને તેમણે કહ્યું, "બેટા, મૂંઝાઈશ નહિ. હું તારી વ્યવસ્થા કરીશ અને સાથોસાથ તને એ મહાશક્તિનો પરિચય કરાવીશ, જેના સ્મરણ માત્રથી જીવનનાં બધાં દુઃખો દૂર થઈ જાય છે."

શ્રી રામશરણજી ગાયત્રીના સાધક હતા. ગાયત્રી મહામંત્ર તેમના જીવનનો પ્રાણ હતો, પરંતુ તેઓ પોતાની સાધના ખૂબ ગુપ્ત રીતે કરતા હતા. કોઈને પણ તેમની આ ગહન સાધનાની જાણ ન હતી. પરંતુ આજે તેમણે અનિરુદ્ધની સામે પોતાની સાધનાનું રહસ્ય વિધિપૂર્વક સમજાવી દીધું. સૂર્યમંડળમાં સ્થિતિ ગાયત્રી મહાશક્તિનું ધ્યાન, ચોવીસ અક્ષરોવાળા ગાયત્રી મહામંત્રની જપવિધિ તેમણે અનિરુદ્ધને કહી સંભળાવી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સાથે સાથે તેમણે જણાવ્યું, 'બેટા અનિરુદ્ધ, તપ વગરનો જપ એવો છે જેવો ગરમી વગરનો અગ્નિ. જપની સાથે જ્યાં સુધી તપની પ્રક્રિયાનો સંયોગ નથી હોતો, ત્યાં સુધી જપનો પ્રભાવ નથી પડતો.'

એ સાથે તેમણે તેને તપનાં ચાર સૂત્રોનો ઉપદેશ આપ્યો. તેમણે કહ્યું, 'તપનાં ચાર સૂત્રો છે (૧) અર્થસંયમ (૨) સમય સંયમ (૩) ઈન્દ્રિય સંયમ (૪) વિચાર સંયમ - આ ચતુઃસૂત્રી સાધનાની સાથે કરવામાં આવતી ગાયત્રી ઉપાસના બધા અસંભવને સંભવિત બનાવવામાં સક્ષમ અને સમર્થ છે. તું સમગ્ર વિશ્વાસ સાથે આદિશક્તિ માતા ગાયત્રીનો પાલવ પકડી લે. ગાયત્રી માતાની કૃપાથી તારી બધી મુશ્કેલીઓ દૂર થઈ જશે.'

આ બધી બાબતો જણાવીને તેમણે તે જ દિવસે અનિરુદ્ધનો કોલેજ પ્રવેશ કરાવી આપ્યો. તેનાં પુસ્તકો અને અન્ય અભ્યાસ સામગ્રીનો પ્રબંધ કર્યો. બીજી બાબતો માટે માસ્તર સાહેબે સાંત્વન આપ્યું. કોઈ પણ મુશ્કેલી હોય તો મને કહેજે અને કદીય હિંમત હારીશ નહિ. હંમેશાં મહાયોગી શ્રી અરવિંદના આ વચનને યાદ રાખજે. Everything can be possible if God touch is there અર્થાત્, ''જો પ્રભુનો સ્પર્શ હોય તો બધું જ સંભવિત છે.''

અનિરુદ્ધે માસ્તર સાહેબને પ્રણામ કર્યાં અને જીવનસાધનાના પંથ પર ચાલી નીકળ્યો. માસ્તરજીએ તેના ભણતરનું પૈડું તો ચાલુ કરી આપ્યું હતું, પરંતુ ઘરનું પૈડું હજી સુધી કળણમાં ફસાયેલું હતું. આ કારણે અનિરુદ્ધે ચણા વેચવાનું કામ સતત કરવું પડતું હતું. પોતાની ચતુઃસુત્રી સાધનાની સાથે દરેક માસે સવાલાખ ગાયત્રી મહામંત્રના અનુષ્ઠાનની સાથે તે અભ્યાસની જ્યોત પણ જલતી રાખતો. તેને માસ્તરજી દ્વારા કહેવાયેલું મહર્ષિ અરવિંદનું વચન - જો પ્રભુનો સંસ્પર્શ હોય તો બધું જ સંભવ છે-હંમેશાં યાદ રહેતું. તેથી ચણા વેચવાનો થાક લાગવા છતાં પણ તે પોતાની સાધના અને અધ્યયનને કદી ન ભૂલતો.

ગાયત્રી મહામંત્રની વિધિપૂર્વકની ઉપાસનાથી તેની બુદ્ધિ તીવ્રથી વધુ તીક્ષ્ણ અને અત્યંત તેજસ્વી બની ગઈ. બધા જ પ્રકારની મુશ્કેલીઓ વચ્ચે તેણે ઈન્ટર અને બી.એ. પાસ કર્યું. આ ઝંઝાવાતોની વચ્ચે એક દિવસ તેણે એમ.એ.ની પરીક્ષા પણ પ્રથમ શ્રેણીમાં ઉત્તીર્ણ થઈ પસાર કરી.

શકુંતલાના ચહેરા પર આ ખુશખબરે એક અનોખી આભા પ્રસરાવી. તેની આંખો ખુશીથી છલકાઈ પડી. માની આંખોમાં આવેલાં આંસુ જોઈને તે બોલ્યો, ''મા હવે ચિંતા શા માટે કરે છે ? કોઈ પણ રીતે મારે આઈ.એ.એસ.ની પરીક્ષા પાસ કરવી છે.''

''મા ગાયત્રી બધું શક્ય બનાવી દેશે બેટા. માના પાલવની છાયામાં તું જરૂર આઈ.એ.એસ. બનીશ.''

પોતાની અસીમ ભગવદ્શ્રદ્ધા સાથે તે તૈયારીમાં લાગી ગયો. સાથોસાથ એક નાનકડી ફર્મમાં ક્લાર્ક તરીકે નોકરીની ગોઠવણ પણ કરી જેથી માને કામ છોડાવી રાહત આપી શકાય.

**હોલેન્ડની જૂની ઘટના છે. નદીના પૂરને લીધે રેલવેનો પુલ તુટી ગયો. ગાડી આવવાનો સમય થઈ ગયો. પુલ તૂટવાની જાણ ન હોવાથી જો ગાડી ચાલી આવી હોત તો ડૂબી જાત.**

**એક નાનો છોકરો ત્યાં હાજર હતો. આવતી ગાડીને રોકવા માટે તેણે તરત જ ઉપાય વિચારી લીધો. ઝભ્ભો ફાડીને ઝંડી બનાવી હાથ ચીરીને લોહી કાઢ્યું અને લાલ રંગી નાંખી. રેલના પાટા પર લાકડીમાં પરોવાયેલ લાલ ઝંડી લઈને તે ઊભો હતો. ગાડી આવી જાત તો જાન જોખમમાં મુકાવાનો ડર હતો, પરંતુ તેની તેણે પરવા ન કરી.**

**ડ્રાયવરે છોકરાને જોયો. ગાડી રોકી. દુર્ઘટના નિવારાઈ. ગાડી પાછી ફરી. જ્યોર્જ સ્ટેનલે નામના આ છોકરાનું તે દેશવાસીઓ અને તેના વિશે સાંભળનારાઓ કૃતજ્ઞતાપૂર્વક સ્મરણ કરે છે અને મનોમન ધન્યવાદ પાઠવે છે.**

અનિરુદ્ધને હવે કષ્ટ સહન કરવાની આદત થઈ પડી હતી. તેણે તકલીફને પણ તપનું એક સાધન માની લીધું હતું. તેને એ તથ્ય પર પૂરેપૂરો વિશ્વાસ હતો કે ભગવદ્કૃપા અને પુરુષાર્થનો સંયોગ અસંભવને પણ શક્ય બનાવી શકે છે. પોતાના નિર્ણય પર અડગ તે આઈ.એ.એસ.ની તૈયારીમાં જોડાઈ ગયો. જો કે આ દિવસોમાં તેની માતાનું સ્વાસ્થ્ય ખરાબ હતું. અભાવ અને સંઘર્ષથી તે તૂટી ગઈ હતી. અંદર ને અંદર ગૂંગળાતા રહેવાને કારણે તેના શરીરમાં ટી.બી. એ આક્રમણ કર્યું હતું. તેને વધુ પડતી ખાંસી આવતી અને તાવ ચડી રહેતો.

આઈ.એ.એસ.ની મુખ્ય પરીક્ષા માટે તે દિવસે અનિરુદ્ધ હજી તૈયાર થઈ રહ્યો હતો કે તેની માને એટલો જબરદસ્ત ખાંસીનો હુમલો થયો કે ખાંસતાં ખાંસતાં તેના મોંમાંથી લોહી પડવા માંડ્યું. તે સાથે જ તે બેહોશ થઈ ગઈ. હે મા ગાયત્રી, આ કેવી મુસીબત આવી પડી !



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અનિરુદ્ધને ગભરાટમાં ગાયત્રી મહામંત્ર સિવાય બીજું કાંઈ સૂઝતું નહોતું. તેના હોઠ અસ્ફુટ સ્વરમાં ગાયત્રી મંત્ર જપી રહ્યા હતા અને મન જગતમાતાને પ્રાર્થના કરવામાં તલ્લીન હતું. ગાયત્રી માતાની કૃપા કહો યા અનિરુદ્ધની અસીમ શ્રદ્ધાનો સાક્ષાત ચમત્કાર કે મા ભાનમાં આવી ગઈ પરંતુ તેની હાલત હજી કાંઈ બહુ સારી ન હતી. તે મૂંઝવણમાં હતો કે પરીક્ષા આપવા જવું કે નહીં.

આ વિચારમાં તેના માથા પર ચિંતાની ઊંડી રેખાઓ અંકાઈ ગઈ. આ સમયે તે ખૂબ બેચેની અને ગભરાટ અનુભવી રહ્યો હતો. તેને એમ લાગતું હતું કે તેની બધી આશાઓ પર પાણી ફરી વળશે.

તે જ વખતે શંકુતલાએ આંખો ખોલી. વ્યાકુળ અનિરુદ્ધને પોતાની સામે ઊભેલો જોઈને તેણે મંદ સ્વરે કહ્યું, ''બેટા અનિરુદ્ધ, આજે તારી પરીક્ષાનો દિવસ છે. તું હજી ગયો કેમ નથી ? તું જા, હું અહીં ઠીક છું.''

''પણ મા, તને આ હાલતમાં છોડીને હું કઈ રીતે જાઉં ? અનિરુદ્ધે બેચેનીભર્યા સ્વરમાં કહ્યું, ''મારું મન પણ આ હાલતમાં કેવી રીતે લાગશે .''

માના હોઠ પર આછેરો મલકાટ આવ્યો અને તે બોલી, ''અરે ગાંડા ભાઈ ! જગત જનની મા ગાયત્રીની કૃપા પર આટલો અવિશ્વાસ ન કરાય. મા પર શ્રદ્ધા રાખ, મને કશુંય થવાનું નથી.''

ગાયત્રી મહામંત્રએ તેને આ ક્ષણોમાં નવા પ્રાણ પૂર્યા અને તે શ્રદ્ધાથી મનમાં ને મનમાં ગાયત્રી મહામંત્ર જપતો પરીક્ષા આપવા, જવા માટે રાજી થઈ ગયો.

પરીક્ષા પછી તેણે જીવ રેડીને માની સેવા કરી. સેવાનો રંગ માતાના જીવનમાં ચોખ્ખો દેખાવા લાગ્યો. ચિકિત્સકની સહાય, અનિરુદ્ધની સેવા અને માતા ગાયત્રીની કૃપાથી શકુંતલા સાજી થઈ ગઈ. જો કે સુધારો થવાના આ ક્રમમાં મહિનાઓ લાગ્યા.

ત્યારે એક દિવસ તેના મિત્ર સંજીવે તેના ઘરનો દરવાજો ખખડાવ્યો. સંજીવની પ્રસન્નતા તેનો ચહેરા પર સ્પષ્ટ ઝળકી રહી હતી. તેણે અનિરુદ્ધને ગળે લગાડતાં વધામણી આપી, ''અરે ભાઈ, હવે તું ચણાવાળા અનિરુદ્ધમાંથી આઈ.એ.એસ. થઈ ગયો. મારા ખૂભ ખૂબ અભિનંદનનો સ્વીકાર કર.''

''સાચેસાચ ! હું પાસ થઈ ગયો !'' અનિરુદ્ધને વિશ્વાસ નહોતો બેસતો. સંજીવે જ્યારે સમાચારપત્ર દેખાડ્યું ત્યારે તેને હકીકતની પ્રતીતિ થઈ. આ સફળતાના સમાચારે તેની આંખોમાં આંસુ લાવી દીધા. આ આંસુઓમાં શ્રદ્ધા, કૃતજ્ઞતા અને ખુશી એક સાથે છલકાઈ રહી હતી. તેણે ભાવપૂર્ણ સ્વરે કહ્યું, ''આ બધી મા ગાયત્રીની કૃપા, મારી માની તપશ્ચર્યા, પિતાજીના આશીર્વાદ અને મારા શિક્ષક શ્રી રામશરણજીની પ્રેરણાનું ફળ છે.''

હજી તો તે આટલું કહેતો હતો ત્યાં તેણે માસ્તર રામશરણજીને સામે ઊભેલા જોયા. તેમણે અનિરુદ્ધને ગદ્‌ગદ્ થઈ ભાવવિભોર બની કહ્યું, ''બેટા, ધ્યાન રાખજે. આ તારી, ગાયત્રી સાધનાનાં સુપરિણામોની શરૂઆત છે. મા પોતાના સાધકોને લૌકિક યશ, ઐશ્વર્ય, અલૌકિક શાંતિ સર્વસ્વ આપીને ન્યાલ કરી દે છે. ત્યારે તો ગાયત્રી સાધનાનું ફળ દર્શાવતાં અર્થવવેદમાં કહ્યું છે

ૐ સ્તુતા મયા વરદા વેદમાતા, પ્રચોદયન્તાં, પાવમાની દ્વિજાનામ્ આયુઃ પ્રાણં પ્રજાં પશું કીર્તિ દ્રવિણમ્ બ્રહ્મચર્યસમ્ મહ્યમ્ દત્વા વ્રજતઃ બ્રહ્મલોકમ્।

માસ્તર રામશરણજી તેને ગાયત્રીના અગાધ માહાત્મ્યનો બોધ કરાવીને ચાલ્યા ગયા અને અનિરુદ્ધ આ મહામંત્રના ગહન ચિંતનમાં લીન થઈ ગયો.

*રૈદાસની નિસ્પૃહતા અને કર્તવ્યનિષ્ઠાથી ઈન્દ્ર બહુ રાજી થયા, વિચારવા લાગ્યા - આની ગરીબાઈ દૂર કરવી જોઈએ. તે પારસમણિ લઈને તેમની પાસે પહોંચ્યા અને બોલ્યા,''આ રાખો, જ્યારે જરૂરત હોય ત્યારે આની સાથે લોખંડનો સ્પર્શ કરાવજો અને સોનું બનાવી લેજો. આપને કોઈ વસ્તુનો અભાવ રહેશે નહિ.'' સંતે ઈન્દ્રનો સત્કાર કર્યો અને તેમની કૃપા સ્વીકારીને પારસમણિને કોઈક ખૂણે સાચવીને મૂકી દીધો.*

*બહુ દિવસો વીત્યા. ઈન્દ્ર ત્યાંથી ફરીથી પસાર થયા. તેમણે વિચાર્યું- રૈદાસની સંપત્તિ જોતો જાઉં. તેથી તેની કુટિરમાં જઈ પહોંચ્યા. જોયું, તો પહેલાં જેવી જ અભાવગ્રસ્ત પરિસ્થિતિ હતી. સંપત્તિનો વૈભવ રજમાત્ર ત્યાં નહોતો.*

*ઈન્દ્રએ પારસમણિનો ઉપયોગ કરવાની બાબતનું સ્મરણ કરાવ્યું તો તેમણે એટલું જ કહ્યું, ''પરિશ્રમ કર્યા વિના મેળવેલી સંપત્તિનો ઉપયોગ કરવાથી સંતવૃત્તિથી હાથ ધોવા પડે. આટલી મોટી હાનિ મારાથી જીરવી નહિ શકાય.''*

*ખૂણામાંથી શોધીને પારસમણિ તેમણે ઈન્દ્રને પરત કર્યો અને ઈન્દ્ર સાચી સંતવૃત્તિ તરફ મસ્તક નમાવીને સ્વર્ગમાં પાછા ફર્યા.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બાળ-વિકાસ

# અભિમન્યુ : એક દંતકથા નહીં, સચ્ચાઈ

આધુનિક સંશોધનો પોતાના સતત પ્રયાસોથી એવા નિષ્કર્ષ પર પહોંચ્યાં છે કે બાળક પોતાના જન્મ પછી નહિ, પરંતુ જન્મ પહેલાં માતાના ગર્ભમાંથી શીખવા લાગે છે. એ જ કારણે સંશોધકોનો એવો મત છે કે સંતાનોને સુયોગ્ય અને સુસંસ્કારી બનાવવા માટે તેના જન્મદાતા માતા-પિતાએ પણ સુસંસ્કૃત બનવું જોઈએ. ગર્ભાવસ્થાથી જ બાળકનો શારીરિક, બૌદ્ધિક અને ભાવનાત્મક વિકાસની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. આ વિકાસ ગર્ભવતી માતા અને તેની ચારે બાજુના વાતાવરણ દ્વારા પ્રભાવિત બને છે. ગર્ભવતી માતાનાં ખાણીપીણી, આચાર-વિચાર ઉત્કૃષ્ટ અને સાત્ત્વિક હોય તથા વાતાવરણ અનુકૂળ અને દિવ્ય હોય તો શ્રેષ્ઠ શિશુનો પ્રસવ થાય છે.

મહાભારતમાં કથા છે કે અભિમન્યુએ પોતાની માતા સુભદ્રાના ગર્ભમાં જ ચક્રવ્યૂહ વેધનું શિક્ષણ પ્રાપ્ત કરી લીધું હતું. વ્યાસજીના પુત્ર શુકદેવે પણ પોતાની માતાના ગર્ભમાં બધું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું હતું. આવાં અનેક પૌરાણિક આખ્યાનો છે, જેનાથી સ્પષ્ટ થાય છે કે ગર્ભસ્થ સંતાન અત્યંત સંવેદનશીલ હોય છે. આ તથ્યનો આજકાલ વૈજ્ઞાનિકો પણ સ્વીકાર કરવા લાગ્યા છે. તેમનું કહેવું છે કે ગર્ભસ્થ શિશુ સાંભળી શકે છે અને અનુભવ પણ કરી શકે છે. તેનામાં વ્યક્તિની જેમ સ્વપ્નો જોવાની ક્ષમતા પણ હોય છે. એટલે સુધી કે તે પોતાની માતા દ્વારા લેવાયેલી ભોજનની વસ્તુનો સ્વાદ પણ ચાખી શકે છે.

બાળકની વાસ્તવિક ક્રિયાવિધિ જન્મનાં કેટલાંક અઠવાડિયાં પહેલાંથી જ શરૂ થઈ જાય છે. આ સંદર્ભમાં જોન હાપકિંસ ઈન્સ્ટિટ્યુટના મનોવિજ્ઞાની જેનેટ ડિચિએટ્રોનું કહેવું છે કે એક નવજાત શિશુ અને ૨૩ સપ્તાહના ગર્ભસ્થ શિશુમાં કોઈ વિશેષ ફરક હોતો નથી. બન્નેનો વ્યવહાર મોટે ભાગે એક સરખો હોય છે. નવ સપ્તાહનું વિકાસશીલ બાળક શ્વાસ લઈ શકે છે અને આપણી આસપાસના વાતાવરણ પ્રત્યે સંવેદનશીલ બનવા લાગે છે. તેને જેવો પરિવેશ મળે છે તે પ્રમાણે જ તે વિકસિત થાય છે. આ દિવસોમાં આસ્તિકતાનું વાતાવરણ બનાવી રાખવું જોઈએ. ગર્ભવતી માતાએ નિયમિત રીતે ઉપાસના-સાધનાનો ક્રમ જાળવી રાખવો જોઈએ. તેનાથી અંતઃકરણ પવિત્ર અને શુદ્ધ બને છે. આનો પ્રભાવ નિશ્ચિતરૂપે ગર્ભસ્થ શિશુ પર પણ પડે છે.

શ્રેષ્ઠ અને પરિશુદ્ધ પરિવેશમાં ગર્ભસ્થ શિશુનો સમુચિત વિકાસ થાય છે. આ તથ્યને સ્પષ્ટ કરતાં વૈજ્ઞાનિકો કહે છે કે વાતાવરણને અનુરૂપ જ શિશુની સંવેદના જાગૃત થાય છે અને એ આધારે જ તે પોતાનાં સ્વપ્નોની નાની દુનિયા રચે છે. અર્થાત્ બાળકને જેવું વાતાવરણ આપવામાં આવે છે, તે જ પ્રકારનું સ્વપ્ન તે જુએ છે. કેટલાક વૈજ્ઞાનિકોનો મત આનાથી જુદો છે. તેમના મતાનુસાર ગર્ભસ્થ શિશુ જ્યારે સપનું જુએ છે ત્યારે તેની આંખો એક ઉંમરલાયક વ્યક્તિની આંખોની જેમ ઊંઘમાં રેપિડ આઈ મૂવમેન્ટ (આર.ઈ.એમ.) કરે છે.

પરંતુ આ વિશે તો સૌ એકમત છે કે ગર્ભવતી માતાએ આ દિવસોમાં ધૈર્ય, સાહસ, આશા અને ઉત્સાહના ભાવ ટકાવી રાખવા જોઈએ. તેણે સદાય પ્રસન્નચિત્ત રહેવું જોઈએ. પ્રસન્નતાનો આ પ્રભાવ તેના ગર્ભમાં પોષાતા તે નાનકડા બાળક પર પડે છે. આનું સમર્થન કરતાં હાર્વર્ડ મેડિકલ સ્કૂલના ડેવલપમેન્ટ સાયકોલોજિસ્ટે એક રસપ્રદ વિવરણ રજૂ કર્યું છે. તેમના મતાનુસાર માતા જ્યારે પ્રસન્ન અને ખુશ રહે છે ત્યારે તેના બાળકની ગતિવિધિઓ અદ્ભુત અને નિરાળી હોય છે. આ દરમિયાન તે ક્યારેક એક હાથથી ચહેરાને સ્પર્શ કરે છે, તો એક હાથથી બીજા હાથને સ્પર્શે છે. આ રીતે તે ખૂબ જ મસ્તીમાં રહે છે, પરંતુ જેવી માતા ઉદાસ અને તનાવગ્રસ્ત બની જાય છે ત્યારે તે બાળક ખૂબ જ ડરેલો, ગભરાટભર્યો વ્યવહાર કરે છે. પત્રિકાનો એ મત છે કે વિકાસશીલ શિશુ પોતાની માતા પ્રત્યે અત્યંત સંવેદનશીલ હોય છે. અલ્ટ્રાસાઉન્ડના માધ્યમથી તેના આ ક્રિયાકલાપને વધુ સારી રીતે જોઈ શકાય છે. આ અહેવાલ અનુસાર માતાના હસવાથી બાળક ગર્ભમાં ઉપર નીચે કરે છે અને માથું હલાવે છે. જ્યારે કોઈ માતા સ્ક્રીન પર બાળકની આ હરકતોને જોઈને ઝડપથી હસે છે, તો તે બાળક પણ ઝડપથી ઉપર નીચે થાય છે.

આથી ઊલટું જો માતાની મનોભૂમિ ઈર્ષ્યા, દ્વેષ, નિરાશા, ચિંતા, ક્ષોભ વગેરે મનોવિકારોથી ગ્રસ્ત રહેતી હોય તો, તેની પ્રતિકૂળ અસર તેના બાળક પર પણ પડે છે. જે ગર્ભવતી માતાઓ આવા મનોભાવ સેવે છે તેમનાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંતાનો ગર્ભમાં બહુ બેચેન હોય છે. પરિણામે જન્મ પછી તેમના સ્વભાવમાં ચીડિયાપણું જોવા મળે છે. પરંતુ શાંત અને પ્રસન્ન રહેનારી માતાઓનાં સંતાન ગર્ભમાં પણ શાંત અને સહજ બની રહે છે તથા જન્મ પછી પણ તેઓ આ ગુણોથી યુક્ત જોવા મળે છે.

માતાના આહાર અને વ્યવહારની અસર બાળકના શરીર અને મન પર જોઈ શકાય છે. પ્રસિધ્ધ બાળરોગ વિશેષજ્ઞ જેનેટના મંતવ્ય અનુસાર પંદર સપ્તાહનું ગર્ભસ્થ બાળક એ રીતે સ્વાદ ગ્રહણ કરે છે, જાણે કે તે એક પરિપક્વ અને વયસ્ક ન હોય ! તેમનું કહેવું છે કે મરી મસાલેદાર, અતિશય ઠંડા, ઉત્તેજક ભોજનમાં તીવ્ર ગંધ હોય છે. બાળક આ ગંધ પ્રત્યે માતાના ગર્ભમાં રહેતે રહેતે આકર્ષિત થાય છે અને મોટું થતાં તેને આ પ્રકારના ભોજનની આદત પડી જાય છે, કેમકે તે શરૂઆતથી જ આવા ઉત્તેજક ભોજન પ્રત્યે આકર્ષાયેલું રહે છે. પરિણામે આવું બાળક ક્રોધી અને જિદ્દી સ્વભાવવાળું બની જાય છે. આ બાબતનું સમર્થન કરતાં મોનેલ કેમિકલ સેન્સેજ સેન્ટર ફિલાડેલ્ફીયાની જીવ મનોવૈજ્ઞાનિક જેબી મેનેલા કહે છે કે શિશુ, માતાના ભોજનમાંથી સ્વાદ ગ્રહણ કરે છે. તેનાથી પ્રતીત થાય છે કે તે પોતાની માતાના ભોજનના આધારે પરિપક્વ અને પોષિત બને છે. અંતે આ જ તેની આદત બની રહે છે. તેથી ગર્ભવતી માતાએ સાત્વિક, હલકું અને પાચનક્ષમ ભોજન લેવું જોઈએ. તેણે વધુ પડતા મસાલાવાળા ચટાકેદાર અને ભારે ભોજન નહિ લેવાની ચરી પાળવી જોઈએ.

ગર્ભસ્થ બાળક અવાજ પ્રત્યે બહુ જ સંવેદનશીલ હોય છે. આ સંદર્ભમાં હીડેલાઈજ એલ્જએ અનેક સંશોધન પ્રયોગો કર્યા હતા. તેમના પ્રાયોગિક નિષ્કર્ષ ખૂબ જ રસપ્રદ છે. આ પ્રાયોગિક પરિણામોના આધારે તે કહે છે કે ગર્ભસ્થ શિશુ અત્યંત વિચલિત બની જાય છે અને પગ પછાડે છે અથવા ધક્કા મારે છે. મનોવૈજ્ઞાલિકોના મતાનુસાર જ્યારે મા ઝડપથી બોલે છે અથવા રડે છે ત્યારે પણ આ સ્થિતિ ઊભી થાય છે. માતાના ગીત ગણગણવાથી અને ધીમા અવાજે બોલવાથી બાળકના હૃદયની ગતિ ધીમી પડી જાય છે. આ તારણો પ્રમાણે ગર્ભસ્થ શિશુ મોટો અવાજ પસંદ કરતું નથી.

આ સંદર્ભમાં એંશીના દસકામાં અમેરિકાના મનોવિજ્ઞાનના પ્રોફેસર એન્થોની જેમ્સ ડી કૈસ્પરે કેટલાય પ્રયોગો કર્યા હતા. પોતાના પ્રયોગોનાં તારણો વિશે તેમનું કહેવું છે કે ગર્ભસ્થ સંતાન કોઈ અજાણી વ્યક્તિના અવાજ કરતાં પોતાની માતાનો અવાજ સાંભળવાનું વધુ પસંદ કરે છે. જન્મના થોડા સમય પહેલેથી તો તે પોતાની માતાનો અવાજ યાદ રાખવાનું અને ઓળખવાનું પણ શરૂ કરી દે છે. ડો.કેસ્પર અને તેમના સહયોગીઓનું કહેવું છે કે બાળક પોતાની માતાની માતૃભાષા એટલે કે જે ભાષાનો તે હંમેશાં પ્રયોગ કરે છે તેને સાંભળવાનું પસંદ કરે છે.

પેરિસના જીન પિયરેએ આ સંબંધમાં આથીય વધુ રસપ્રદ તથ્યો પ્રસ્તુત કરતાં કહ્યું છે કે ગર્ભસ્થ શિશુ પોતાની માતાના અવાજથી સારી રીતે પરિચિત હોય છે. તે કેટલાય અવાજોની વચ્ચેથી પોતાની માતાનો અવાજ ઓળખી કાઢે છે. પિયરેના મંતવ્ય અનુસાર તેનો આ ગુણ જન્મજાત હોય છે. તેમનું કહેવું છે કે જો બાળકને માતાના પેટની પાસે કોઈ ગીત કે વાર્તા કહી સંભળાવવામાં આવે, તો તેના હૃદયની ગતિ ધીમી પડી જાય છે. આનાથી ઊલટું કોઈ અપરિચિતના અવાજથી આ ગતિ સ્થિર રહે છે. આથી બાળકનો પોતાની માતાનાં હાલરડાં પ્રત્યે ઘેરો સંબંધ હોવો સ્વાભાવિક છે. શક્ય છે આ જ કારણસર માતાના થાબડવાથી બાળક શાંત અને ચૂપ થઈ જાય છે.

---

*જેમની પાસે સારા વિચારો અને સત્ સાહિત્યનો ભંડાર છે, તે કદીય નિર્ધન કે એકલવાયો નથી રહેતો.*

---

ગર્ભમાં પોષાતું બાળક વાર્તા અથવા ગીતના વાસ્તવિક શબ્દોને ભલે ગ્રહણ ન કરી શકતું હોય, પરંતુ તેના સ્વર અને ભાવને સાંભળે છે અને તેના પર પ્રતિક્રિયા વ્યક્ત કરે છે. એટલા માટે માતાએ પોતાની મનોભૂમિને ઉચ્ચસ્તરની બનાવવા માટે સતત સ્વાધ્યાય કરતાં રહેવું. પ્રેરણાદાયી જીવનનિર્માણ કરનારા સાહિત્ય વગેરેના અધ્યયનથી ઉચ્ચ પ્રકારના વિચારોનો પ્રવાહ વહેતો રહે છે. આ જ વિચારપ્રવાહ બાળકોની મનોભૂમિનું નિર્માણ કરે છે. મા જેવું ચિંતન અને જેવા વિચારો કરશે તે જ પ્રમાણેનો તેના બાળકનો સ્વભાવ ઘડાશે. આથી ગર્ભવતી માતાએ હંમેશાં પ્રસન્નચિત્ત, સંતુષ્ટ અને શાંત આધ્યાત્મિક મનોસ્થિતિમાં રહેવું જોઈએ, જેથી તેના ગર્ભમાંથી શ્રેષ્ઠ આત્મા અવતરી શકે.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# પ્રકૃતિ પ્રકોપ — અતિગરમ તાપમાન લાવી રહ્યું છે જળપ્રલય

આજકાલ વૈજ્ઞાનિકો ધરતી પર વધતા જતા તાપમાનથી ચિંતિત છે. તેમણે પોતાની વૈજ્ઞાનિક ભાષામાં આ સમસ્યાને 'ગ્લોબલ વાર્મિંગ' નામ આપ્યું છે. આ દિવસોમાં આ દાનવી સંકટ સમગ્ર વિશ્વ અને માનવ જાતિ માટે વિપ્લવકારી સાબિત થઈ રહી છે. આને કારણે આબોહવા અને મોસમમાં ભયંકર ઉથલપાથલ સર્જાઈ છે. તેના પરિણામે ગ્લેશિયર પીગળી રહ્યા છે. શિયાળામાં ગરમી અને ઉનાળામાં પ્રલયકારી વરસાદનો પ્રકોપ આપણે સહેવો પડે છે. કસમયના આ ઋતુ પરિવર્તનથી નાનાંમોટાં જીવજંતુઓથી માંડીને વૃક્ષ-છોડ બધા અસર પામ્યા વિના રહી શકતા નથી.

આ 'ગ્લોબલ વાર્મિંગ'ને કારણે પૃથ્વીના તાપમાનમાં અતિશય વૃદ્ધિ થઈ રહી છે. આ વૃદ્ધિ સમગ્ર પૃથ્વી માટે ખૂબ ખતરનાક નીવડી શકે છે. વૈજ્ઞાનિકોને શંકા છે કે આ પરમાણુ યુદ્ધ અથવા પૃથ્વી સાથે એસ્ટેરાયડ-ક્ષુદ્રગ્રહ ટકરાવા જેટલી તબાહી મચાવી શકે તેમ છે. 'ગ્લોબલ વાર્મિંગ' આ દિવસોમાં વિશ્વમાં પોતાનો પ્રભાવ બતાવવા લાગી છે. આ જ કારણે આપણા દેશમાં ૧૯૯૮નું વર્ષ પાછલા પચાસ વર્ષોમાં સૌથી વધુ ગરમ રહ્યું. આ જ વર્ષમાં ૨૬ દિવસો સુધી ચાલેલી ગરમીની ભીષણ લૂએ દેશભરમાં લગભગ ૨૫૦૦ માણસોના જીવ લીધા. આવી ગરમી માત્ર આપણા દેશમાં જ પડી એવું નથી, પરંતુ સમગ્ર વિશ્વમાં તેની અસર જોવા મળી. પૃથ્વીના મોસમી ઈતિહાસમાં નોંધાયેલી સર્વાધિક તીવ્ર ગરમી હતી. આ દરમિયાન ફુંકાયેલ લૂએ દેશના ઉત્તર અને પશ્ચિમી ક્ષેત્રોના પ્રદેશો સિવાય અણધારી રીતે કર્ણાટક અને તામિલનાડુને પણ પોતાની લપેટમાં લઈ લીધા. લૂની આ થપાટોથી એશિયા પણ બાકાત ન રહ્યો. તે કારણે અહીં સેંકડો લોકોએ પોતાના જીવ ગુમાવવા પડ્યા. કોઈ ચેપી રોગની જેમ ફેલાયેલી આ ગરમીથી હજારો લોકો રોગગ્રસ્ત બન્યા અને સેંકડો લોકો માર્યા ગયા.

સમગ્ર વિશ્વના સંદર્ભમાં જોઈએ તો ૧૯૯૮ના જુલાઈ મહિનામાં માત્ર એક સપ્તાહની ગરમી અને લૂમાં લગભગ ૫૦૦ માણસો હોમાઈ ગયા. ઈ.સ. ૧૯૯૮માં ટેક્સાસમાં પણ ભીષણ ગરમી પડી. ઊંચા તાપમાને જનજીવનની સાથે જ વૃક્ષ, છોડ અને પાક પર પણ કાળો કેર વર્તાવ્યો. મે ૨૦૦૦માં કેન્સાસથી ન્યૂ ઈંગ્લેન્ડ સુધી અચાનક ગરમ હવાના સૂસવાટા વાતા રહ્યા. તેનાથી પણ ભારે મોટું નુકસાન વેઠવું પડ્યું. વધતાં જતા તાપમાનનું સર્વેક્ષણ કરવા માટે સંયુક્ત રાષ્ટ્રએ 'ઈન્ટર ગવર્નમેન્ટ પેનલ ઓન કલાયમેટ ચેઈન્જ' એટલે કે આઈપીસી નામની વૈજ્ઞાનિક ટુકડીનું આયોજન કર્યું હતું. તે અનુસાર પાછલી સદીમાં ધરતીના સરેરાશ ઉષ્ણતામાનમાં અડધી ડિગ્રીનો વધારો નોંધાયો છે. આ બાબતના સંશોધનથી જાણ થાય છે કે સન ૧૯૯૦નો દસકો મોસમ વિજ્ઞાનના ઈતિહાસમાં સર્વાધિક ગરમ દસકો હતો. તેમનું કહેવું છે કે સન ૨૧૦૦ સુધી પૃથ્વીના સરેરાસ ઉષ્ણતામાનમાં ૧-૪ થી ૫-૮ ડિગ્રી સેલ્સિયસ સુધીની વિનાશકારી વૃદ્ધિ સંભવી શકે છે. પાછલા હિમયુગનો અંત સરેરાશ ઉષ્ણતામાનમાં માત્ર પાંચ ડિગ્રી સેલ્સિયસની વૃદ્ધિને કારણે આવ્યો.

આ પહેલાનો હિમયુગ સમાપ્ત થયાને દસ હજાર વર્ષો વીતી ચૂક્યા છે. વૈજ્ઞાનિકોએ આધુનિક ટેકનિકના માધ્યમથી પાછલા ૮,૫૦,૦૦૦ વર્ષો દરમિયાન ધરતીના સરેરાશ ઉષ્ણતામાનનું અનુમાન લગાવ્યું છે. આ સમયગાળાએ પાંચ મુખ્ય ઈન્ટર ગ્લેશિયલ તબક્કા પસાર કર્યા જે અતિશય ગરમ હતા. આ ગરમ સમયગાળા વચ્ચે પાંચ હિમયુગ પણ અસ્તિત્વમાં હતા. તે સમયે પૃથ્વીનું ઉષ્ણતામાન આજની તુલનામાં કેવળ ત્રણ ડિગ્રી સેલ્સિયસ જ ઓછું હતું. પૃથ્વીનું વર્તમાન સરેરાશ ઉષ્ણતામાન લગભગ ૧૪ ડિગ્રી સેલ્સિયસ માનવામાં આવે છે.

આ અતિગરમ ઉષ્ણતામાનથી વિશ્વના સમસ્ત હિમશિખરો અને ધ્રુવપ્રદેશો ઝડપથી પીગળી રહ્યા છે. એન્ટાર્ટિકામાં બરફ પીગળવાની ઋતુ પાછલાં વીસ વર્ષોમાં ત્રણ સપ્તાહ ઘટી ગઈ છે. પૂર્વ સાયબેરિયાનું પ્રસિદ્ધ બૈકાલ સરોવર સો વર્ષ પહેલાંની તુલનામાં જામી જવામાં અગિયાર દિવસ વિલંબ કરવા લાગ્યું છે. જો આ જ રીતે ગરમીની માત્રા વધતી રહી તો મોટાનના ગ્લેશિયર નેશનલ પાર્કના બધાં જ પચાસ ગ્લેશિયર ઈ.સ. ૨૦૬૦ સુધીમાં લુપ્ત થઈ જશે. ઈ.સ. ૧૯૭૨માં વેનેઝુએલાનો પર્વત અને તેના શિખરો પર છ ગ્લેશિયર હતાં, પરંતુ હવે બે શેષ રહ્યાં છે. એક હજાર



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ગ્લેશિયરોવાળો અદ્દભુત અલાસ્કા અન્ય શ્રેણીની તુલનામાં ઝડપથી ગરમ થઈ રહ્યો છે. એક સો વર્ષ પહેલાં વિશાળ કોલંબિયા ગ્લેશિયર એટલી ઝડપથી આગળ વધી રહ્યો હતો કે તેના હિમખંડો રસ્તાનાં વૃક્ષો પર પડતા હતા, પરંતુ પાછલા પાંચ દસકાઓમાં તે ૧૨ કિલોમીટરથી પણ વધુ સંકોચાઈ ચૂક્યો છે.

'ગ્લોબલ વાર્મિંગ'ને કારણે આર્કિટક હિમસપાટીની જાડાઈ આશ્ચર્યજનક રીતે ઓછી થઈ છે. અહીં વસંત અને ઉનાળાની સમુદ્રી હિમસીમા ઈ.સ. ૧૯૫૦ પછી ૧૦ થી ૧૫ ટકા ઘટી ચૂકી છે. રશિયાની કોકેશસ પર્વતમાળાના અધિકતર ગ્લેશિયર પાછલા સો વર્ષોમાં લગભગ અડધા સમાપ્ત થઈ ચૂક્યા છે. માઉન્ટ કેન્યાનું સૌથી મોટું ગ્લેશિયર ૯૨ ટકા ખતમ થઈ ચૂક્યું છે. આ જ રીતે માઉન્ટ કિલીમાંજારોનું ગ્લેશિયર ઈ.સ. ૧૮૧૨ પછી ૮૨ ટકા સંકોચાયું છે. તે સમયથી આ હિમક્ષેત્ર ૧૨૧ વર્ગ કિલોમીટરમાં ફેલાયેલું હતું જે હવે કેવળ ૨૨ વર્ગ કિલોમીટરમાં સંકોચાઈને રહી ગયું છે. પીગળવાની આ ગતિ જો યથાવત રહી તો તે ૧૫ વર્ષમાં જ પોતાનું અસ્તિત્વ સમેટી લેશે.

ગંગાને જીવન બક્ષનાર ગોમુખ ગ્લેશિયર પર પણ સંકટનાં વાદળો ઘેરાયેલાં છે. વિશ્વનું ત્રીજું સૌથી મોટું આ ગ્લેશિયર દર વર્ષે ૩૦ મીટર તીવ્ર ઝડપે સંકોચાતું જાય છે. ગઢવાલ વિશ્વવિદ્યાલયના 'કરંટ સાઈંસ' નામે એક અહેવાલ પ્રમાણે અત્યાર સુધીમાં તે ૨૬૦ વર્ગ કિલોમીટર સુધી સમેટાઈ ગયું છે. ઈ.સ. ૧૯૩૬ થી ૧૯૯૬ વચ્ચે તે ૨૦૦૦ મીટર ખતમ થઈ ચૂક્યું છે, જે વીતેલા ૨૦૦ વર્ષોમાં થયેલા અવસાન બરાબર છે. જિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાના ગ્લેશિયોલોજી ડિવીઝનના નિર્દેશક ડો. વી.પી.વોહરાનું મંતવ્ય હતું કે ૧૯૩૫ થી ૧૯૭૬ સુધી તે ૭૫૫ મીટર ઘટી ચૂક્યું છે. વિખ્યાત પર્યાવરણ વૈજ્ઞાનિક ડૉ. સૈયદ ઈકબાલ હુસેન અને ડો. અરુણ શાસ્ત્રીના સર્વેક્ષણથી જાણવા મળે છે કે ગોમુખ ગ્લેશિયર નિરંતર ઘટતું રહે છે.

આ પ્રકારે વિશ્વભરનાં ગ્લેશિયરો અને બરફના પીગળવાથી સાગરની જળસપાટી લગાતાર ઊંચી ઊઠતી જઈ રહી છે. આઈપીપીસીના નવા અહેવાલ મુજબ જો બધા સમુદ્રો કેવળ એક મીટર ઊંચા આવે તો માલદીવ, બાંગ્લાદેશ, નીલનદીનો ડેલ્ટા, ફ્લોરિડાનો તટપ્રદેશ અને લુઈસિયાનાનો બહુ મોટો હિસ્સો સદાયને માટે અદશ્ય થઈ જશે. ભારતમાં તેની પહેલી અસર કચ્છ પર થશે. જે સદાયને માટે સાગરમાં સમાઈ જઈ શકે છે અને સંભવ છે કે સુંદરવન અને લક્ષદ્વીપ પણ હંમેશ માટે વિશ્વના માનસ પરથી વિલુપ્ત થઈ જાય.

ગ્લેશિયરના પીગળવાથી પૃથ્વીના હવામાન પર પણ ઊંડો પ્રભાવ પડશે કેમકે ઋતુચક્ર ટકાવી રાખવામાં તેમનું મહત્ત્વપૂર્ણ યોગદાન હોય છે. તેમના પીગળવાથી પહેલાં તો તેમની સાથે જોડાયેલી નદીઓમાં પૂર આવશે, પરંતુ અંતમાં આ નદીઓ સુકાઈ જશે. આ જ અસરને કારણે ગરમીમાં ભરી ભરી રહેનારી જેલમ જેવી નદીઓ હવે ગરમીમાં સૂકી રહે છે.

સાગરના ઉષ્ણતામાનમાં વધારાથી 'અલનીનો' જલદી જલદી પોતાનો રંગ દેખાડશે. સ્પેનીશ ભાષામાં અલનીનોનો અર્થ થાય છે - ઈસુનો શિશુ. તેની ઉત્પત્તિ ભૂમધ્ય રેખા પાસે પ્રશાંત મહાસાગરમાં થાય છે. પરંતુ તેની અસર ઘણું કરીને સમસ્ત વિશ્વની ઋતુ પર પડે છે. સામાન્ય રીતે ભૂમધ્ય રેખાની પાસે વહેતી હવાની દિશા પૂર્વથી પશ્ચિમની તરફ હોય છે. અલનીનો દરમિયાન 'ઈન ટુડે વિંડ્સ'નું વહેણ બદલાઈને પશ્ચિમથી પૂર્વ તરફનું થઈ જાય છે. આની મુખ્ય અસર દક્ષિણ પૂર્વ આફ્રિકા, પશ્ચિમ પ્રશાંત, દક્ષિણ અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ એશિયાની ઋતુઓ પર પડે છે. આ અસર જે તે દેશના હવામાનને અનુરૂપ હોય છે. આ કારણસર આનાથી અસરગ્રસ્ત દેશોમાં દુષ્કાળ-અછત, પૂર તથા અતિશય ગરમી અને કાતિલ ઠંડી પડી શકે છે. આનાથી ક્યાંક અતિવૃષ્ટિ અને ક્યાંક અનાવૃષ્ટિ પણ થઈ શકે છે.

> *મા શારદામણિ મહિલાઓનો અલગ સત્સંગ ચલાવતાં. તેમાં અધિકતર ધાર્મિક પ્રકૃતિની અને ભીરુ મહિલાઓ આવતી હતી.*
>
> *એક મહિલા, સત્સંગમાં એવી પણ આવવા લાગી જે વેશ્યા તરીકે બદનામ હતી. તેનાથી અન્ય મહિલાઓ મોં મચકોડવા અને નાકનું ટેરવું ચડાવવા લાગી અને તેને આવવા ન દેવા માતાજી શારદામણિને આગ્રહ કરવા લાગી.*
>
> *આ બાબત માતાજીએ કહ્યું, ''સત્સંગ ગંગા છે. તે માછલીઓ અને દેડકાંઓના રહેવા છતાં પણ અશુદ્ધ નથી બનતી. જરા સરખી મલીનતાથી જે અશુદ્ધ થઈ જાય તે ગંગા કેવી ? તમે બધા સત્સંગની શક્તિને ઓળખો અને તેને ગંગા સમાન માનો.''*

સંભવતઃ આ ઋતુ પરિવર્તનનું પરિણામ હતું કે ઈ.સ. ૨૦૦૧ના અંતિમ ત્રણ મહિનાઓમાં ઈંગ્લેન્ડ અને વેલ્સમાં પ્રલયકારી વરસાદ પડ્યો. આ વરસાદે બ્રિટનના પાછલા બધા વિક્રમોને તોડી નાખ્યા.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

દિલ્હીમાં આ વર્ષના જુલાઈ મહિનામાં ૨૪ કલાકમાં ૧૬ ઇંચ વરસાદ થયો. જે ઈ.સ. ૧૯૪૭ પછીનો સર્વાધિક વરસાદ છે. આ જ વર્ષમાં મહાનદીમાં આવેલા ભીષણ પૂરથી કોણ માહિતગાર નથી ? આ પૂરે ૬૦ લાખ લોકોને અઠવાડિયાઓ સુધી અસરગ્રસ્ત કર્યા અને કરોડો રૂપિયાની સંપત્તિ અને ખેતીનો પાક નષ્ટ કરી નાખ્યા. બે વર્ષો પહેલાં હૃદયદ્રાવક ચક્રવાતનો પુણ્યપ્રકોપ પણ ઓરિસ્સાએ વેઠવો પડેલો.

આપણા દેશમાં ઉષ્ણતામાનને કારણે ચોમાસામાં ભારે ઉથલપાથલ થવા લાગી છે. સમય કરતાં વહેલા વરસાદને કારણે દુષ્કાળનો સામનો કરવો પડે છે. આ વર્ષે ઓરિસ્સામાં કાલાહાંડી અને છત્તીસગઢનો દુષ્કાળ સર્વવિદિત છે. આ જ દુષ્કાળને કારણે જુલાઈ ૨૦૦૦માં ગ્રીસના સામોસ દ્વીપમાં ભયંકર આગ લાગી જેનાથી ૨૦ ટકા જેટલો ટાપુ બરબાદ થઈ ગયો.

આ અનોખા હવામાન સંકટથી ખેતપેદાશોમાં ઘટાડો થઈ શકે છે. પ્રસિદ્ધ વૈજ્ઞાનિક ડૉ. એ.પી.મિશ્રાના મતાનુસાર ભારતમાં ૧૯૯૦થી ૨૦૧૦ દરમિયાન ચોખાના ઉત્પાદનમાં ૩ ટકા અને રવિ ઘઉંની પેદાશમાં ૫૫ ટકા સુધીની ભારે ઘટની આશંકા છે. 'ગ્લોબલ વાર્મિંગ' કેવળ પેદાશ પર અસર કરે છે એમ નહિ, એ ઉપરાંત તેને કારણે બદલાતા હવામાન તથા તમામ પ્રકારના ખતરનાક વાયરસોને ઉછેરવા-પોષવાની અનુકૂળતા પૂરી પાડે છે. કદાચ આ જ કારણે કે વિશ્વભરમાં ડેન્ગ્યુ, મેલેરિયા, જાપાની તાવ જેવા રોગોની સંખ્યા એકધારી વધી રહી છે. અમેરિકાના ઉત્તરીય ક્ષેત્રમાં ડેંગુનો પ્રકોપ પહેલાં ભાગ્યે જ જોવા મળ્યો હોય, પરંતુ હવે તે ત્યાં પણ પ્રસરતો જાય છે.

આ 'ગ્લોબલ વાર્મિંગ'નો દુષ્પ્રભાવ જીવજંતુઓ પર પણ પડી રહ્યો છે. વર્ષ ૧૯૯૭-૧૯૯૮માં જ્યારે પ્રશાંત મહાસાગરનું ઉષ્ણતામાન ૩ ડિગ્રી સેલ્સિયસ વધી ગયું, ત્યારે સાયમન માછલીની વધતી વસ્તી સમાપ્ત થઈ ગઈ. આ જ રીતે ધ્રુવો પર રહેનાર રીંછ અને ત્યાંના પક્ષીઓ પણ વધતા જતા ઉષ્ણતામાનથી પીડિત અને પરેશાન છે. તેમની સંખ્યા ઘટવાની સાથે જ તેમના વર્તનમાં ભારે ફરક જોવા મળે છે. એટલે સુધી કે કેટલાંય સ્થળે સુંદર પતંગિયાં પણ પોતાનો પ્રાકૃતિક નિવાસ છોડવા મજબૂર બન્યા છે. ધરતી પરના બધા નાના મોટા જીવોની વચ્ચે પરસ્પર સંવેદનશીલ સંબંધ છે. એવામાં પોતાના કુદરતી સ્થાન સાથે જીવોનું નામશેષ થવું પર્યાવરણના ક્યા સંકટને આમંત્રશે ? એ કહેવું મુશ્કેલ છે, પણ બાબત ઘણી ખતરનાક છે.

'ગ્લોબલ વાર્મિંગ'ના સમાધાન માટે કેટલીય આંતરરાષ્ટ્રીય સમજૂતિઓ અને સંધિઓ પણ થઈ ચૂકી છે, પરંતુ કોઈ સાર્થક સમાધાન નથી સાંપડતું. આ વિપ્લવકારી સમસ્યા વધુ ને વધુ ઉગ્ર બનતી રહી છે. પરંતુ એવું નથી કે તે માટેના બધાં દ્વાર પણ બંધ થઈ ચૂક્યા છે. વૈજ્ઞાનિકોના મંતવ્ય અનુસાર ગ્લોબલ વાર્મિંગનું કારણ ગ્રીન હાઉસ જેવી અસર છે, જેની અંતર્ગત કાર્બન ડાયોક્સાઈડ, પાણીની વરાળ, નાઈટ્રસ ઓક્સાઈડ વગેરે વાયુ આવે છે. વૃક્ષ-છોડ આ વાયુઓને શોષી લેવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. માત્ર એક હેક્ટર જમીન પર ઊગેલા જંગલી વૃક્ષો દર વર્ષે ૧૩૬ ટન કાર્બન ડાયોકસાઈડ શોષી લઈ શકે છે. આ રીતે જોતાં વૃક્ષારોપણ પર ભાર મૂકવામાં આવે તો આ સંકટથી બચી શકાય તેમ છે.

ધરતી માતાને બચાવવા માટે આપણે બધા ધરતીપુત્રોએ 'હરિયાળી વધારો'નો સંકલ્પ લેવો જોઈએ. આ દિશામાં બીજાઓને પણ પ્રેરિત કરવા જોઈએ, જેનાથી પર્યાવરણ ચેતના પ્રગટે. આપણે પર્યાવરણને પ્રદૂષિત કરવાથી દૂર રહીએ અને તેના પ્રત્યે સંવેદનશીલ બનીએ, ત્યારે જ ધરતી પર ફરીથી સ્વર્ગીય વાતાવરણનું નિર્માણ થઈ શકશે.

*આચાર્ય વસુએ વટુને સમજાવ્યું, જેવી રીતે અગ્નિમાં નાખીને સોનુ શુદ્ધ કરવામાં આવે છે, તેનો મેલ દૂર કરવામાં આવે છે તે જ રીતે શરીરગત, મનોગત સ્વભાવોની વિશુદ્ધિ કરવામાં આવે છે.*

*વટુએ પૂછયું, "આચાર્યશ્રેષ્ઠ, આ દષ્ટિએ તો તપ સૂક્ષ્મ સાધના-ક્રમ છે પરંતુ લોકો કષ્ટ સાધ્ય સ્થિતિઓમાં શરીરને રાખીને તેને પણ તપનું નામ આપે છે. આ કેટલું યોગ્ય છે ?"*

*આચાર્યએ સમાધાન કર્યું. " વત્સ, શ્રમશક્તિનો અભાવ તથા આળસ વગેરે પણ દોષ છે-કષ્ટસાધ્ય સ્થિતિમાં શરીરને નાખીને આ દોષ દૂર કરવામાં મદદ મળે છે. આ દષ્ટિએ તે પણ તપ છે. આ ઉદ્દેશ પરિપૂર્ણ ન થાય તો તેને દુરાગ્રહપૂર્ણ પ્રક્રિયા જ સમજવી જોઈએ." આગળ બોલતાં તેમણે કહ્યું, "તપનો અર્થ દમન નથી. સંચિત સામર્થ્ય જે સહનશીલતા દ્વારા પ્રાપ્ત કરાયું છે, તેનું તે સુનિયોજન છે. જે આ ચિંતન દ્વારા તપમાં સંલગ્ન થાય છે, તેઓ નિશ્ચિતપણે દૈવી કૃપાના અધિકારી બને છે."*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(વ્યક્તિત્વ નિર્માણ)

# વ્યવહારકુશળતા એક પારસમણિ સમાન

સદ્‌વ્યવહાર એક એવા પુષ્પ સમાન છે, જે શ્વેત અને દૃઢ ચરિત્રરૂપી વૃક્ષ પર ખીલી ઉઠે છે. ચિંતનના રમણીય વાતાવરણમાં સુગંધ વિખેરે છે તથા સજલ ભાવનાઓથી પોષાય છે. એટલા માટે તો દિવ્ય જીવનના પ્રણેતા અને મહાયોગી શ્રી અરવિંદના મનનો વિચાર મુખરિત બનીને કહી ઉઠ્યો, *"Inner Regulates outer being"* એટલે કે જીવનનો સમગ્ર બાહ્ય ક્રિયા-વ્યાપાર અંદરથી નિયંત્રિત અને સંચાલિત થાય છે. નિઃશંક રીતે બાહ્ય વ્યવહાર, આંતરિક ચિંતન અને ભાવનાઓના ગર્ભમાંથી જ જન્મ લે છે અને નવ પલ્લવિત તથા વિકસિત થાય છે. વ્યવહાર વિજ્ઞાન આ જ સત્યની ઘોષણા કરે છે.

વ્યવહાર-શિષ્ટતા, શાલીનતા, વિનમ્રતા આદિ અનેક ગુણોનો સમૂહ છે. જેનામાં આ અણમૂલ સંપત્તિ હશે, તેનો લોક-વ્યવહાર અવશ્ય જ ઉત્કૃષ્ટ હશે. આવી વ્યવહારકુશળ વ્યક્તિની સફળતા સ્પષ્ટ હોય છે. સફળતા તેનાં ચરણો ચૂમે છે અને તેને માટે તો નિષ્ફળતા પણ એક પાઠ હોય છે, કેમકે આનાથી જ તે પોતાની વ્યાવહારિક ઊણપો અને અધૂરપો પ્રત્યે સજાગ અને સતર્ક બને છે. વ્યવહાર જ તો એ ચીજ છે જે પોતાનાંને પારકાં અને પારકાંને પોતીકાં બનાવી દેવાનો ચમત્કાર કરી બતાવે છે. મધુર વ્યવહારથી પશુ-પક્ષીઓ પણ પ્રભાવિત થઈ જાય છે. તો પછી મનુષ્યનું દિલ કેમ ન જીતી શકાય ?

અંતરની ભાવના જ્યારે પ્રગટ થાય છે ત્યારે હૃદય માખણ જેવું મુલાયમ બની રહે છે અને વાણી તથા વ્યવહારમાં અમૃત ઝરવા લાગે છે. આવી સંવેદનશીલતા કેવી રીતે કોઈનાય પ્રત્યે કઠોર બની શકે? તે તો બીજાઓના હૃદયમાં ઊતરી જાય છે અને તેને પોતાનાં બનાવીને જ રહે છે. આવો શાલીન વ્યવહાર મૃદુ મંદ પવનની લહરીઓ સમાન બધાને પ્રિય બની રહે છે અને પછી જ્યારે ઠંડી લહેરખી ચાલે છે ત્યારે નદીનાળાં, સરોવર-તળાવ, ખેતર-વાડી ઝૂમી ઊઠે છે. કોયલ અને કળીઓ ગૂંજી ઊઠે છે. ફૂલોની માદકતા નાચી ઊઠે છે. પક્ષીઓ કલશોર મચાવે છે અને બધી બાજુ હરિયાળી અને ખુશાલીનું દિવ્ય સંગીત રેલાવા લાગે છે.પરંતુ અભદ્ર અને અશિષ્ટ વ્યવહાર ભીષણ અંધકાર જેવો હોય છે જેનાથી લોકો ગભરાતા-કતરાતા હોય છે. તે તિરસ્કારને પાત્ર બને છે અને અપમાન સહે છે.

અશિષ્ટતા, અણઘડપણું અને રસહીનતાની દ્યોતક છે. આ પ્રકારની વ્યક્તિ પછી ભલે તે ગમે તેટલી પ્રતિભાસંપન્ન હોય, પરંતુ તે લોક-સન્માન પ્રાપ્ત નથી કરી શકતી. લોકો તેની અવ્યાવહારિકતાને કારણે તેની પાસે આવતાં અચકાય છે. તેનાં પોતાનાં આપ્તજનો પણ તેની સાથે પરાયા જેવું વર્તન કરે છે. પોતાના ઉદ્ધત અને ઉચ્છૃંખલ વ્યવહારથી તે પોતાના માટે અને બીજાઓ માટે એવા આત્મઘાતક ઝેરી ડંખનું નિર્માણ કરે છે, જેમાં તે સ્વયં બળે છે અને બીજાઓને બાળે છે. આનાથી કડવાશ જ ફેલાય છે. તેથી ડહાપણ એમાં જ છે કે આવા વ્યવહારથી દૂર રહેવામાં આવે અને શાલીન વ્યવહારને અપનાવવામાં અને વિકસિત કરવામાં આવે. વ્યવહારની શાલીનતા ન કેવળ બીજાઓને પ્રસન્ન કરે છે, તેના હોઠો પર સ્મિતરેખા પણ ખેંચી દે છે અને પોતાને પણ આનંદવિભોર કરી મૂકે છે. પારસમણિના અસ્તિત્વનો સ્વીકાર કરીએ કે ન કરીએ, પરંતુ પોતાની પાસે રહેલા વ્યવહારરૂપી પારસમણિથી આસપાસના બધા લોકોને સુવર્ણમંડિત કરી શકાય છે, અર્થાત્ પોતીકાં બનાવી શકાય છે. લૌકિક લોક-વ્યવહારનું આ ગુપ્ત રહસ્ય છે, દિવ્ય મંત્ર છે, જેને હૃદયસ્થ કરીને સફળતા અને મહાનતા પ્રાપ્ત કરી શકાય છે.

જેમ જેમ અંતર પરિશુદ્ધ થતું જાય છે, તદ્‌નુસાર વ્યવહાર પણ ઉત્કૃષ્ટ બનતો રહે છે. એ તો છીપના મોતી સમાન છે, જે સાગરના અતલ ઊંડાણમાં રહેલાં હોય છે. ઊંડાણમાં ડૂબકી મારીને જ તેને મેળવી શકાય છે. આ જ રીતે વ્યવહારની સચ્ચાઈ, આદતો અને વૃત્તિઓની નાની નાની છીપોમાં બંધ પડી રહે છે, જેને પોતાની ભીતરમાં પ્રવેશ કરીને અને સાહસની સાથે છીપ તોડીને બહાર કાઢી શકાય છે. તેથી આ બધી નાની નાની પરંતુ મહત્ત્વની બાબતોનું સતત ધ્યાન રાખવું જોઈએ.

આદતો અને વૃત્તિઓ પ્રત્યે હંમેશાં જાગૃત રહેવું જોઈએ, જેથી વ્યાવહારિક ધરતી પર કોઈ વ્યક્તિ ભ્રમણા ન ફેલાવી શકે. આનો વ્યવહારકુશળતા સાથે ખૂબ ઘનિષ્ઠ સંબંધ હોય છે. આ વૃત્તિઓ આપણા વ્યવહારને અસર કરે છે તે ખૂબ હઠીલી હોય છે, પરંતુ તેમના પર વિજય મેળવી શકાય છે. જો કે આપણે ન ઈચ્છીએ તો પણ તે આપણા વ્યવહારમાં ટપકી પડે છે અને ન ઈચ્છીએ તો પણ આદતવશ આપણે ભૂલ કરી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બેસીએ છીએ. એટલા માટે એ જરૂરી છે કે ધીરજ અને સંકલ્પપૂર્વક પોતાના વ્યવહારને શિષ્ટ અને શાલીન બનાવી રાખીએ. હરેક પળે, હરક્ષણે તેમાં સુધારો કરતા રહેવું જોઈએ. વ્યવહારને મધુર અને શ્રેષ્ઠ બનાવીને બધી અડચણો અને મુશ્કેલીઓ પર વિજય પ્રાપ્ત કરી શકાય છે.

સારી બાબત એ છે કે આપણા વ્યવહારમાં હંમેશાં વડીલો અને મોટેરાંઓ પ્રત્યે આદર અને સન્માનનો ભાવ તથા નાનેરાંઓ પ્રત્યે આપણામાં સ્નેહ છલકાય. દરેક વ્યક્તિને પોતાનું આત્મસન્માન હોય છે. જે બીજાઓને યથાયોગ્ય સન્માન આપે તે જ સાચો વ્યવહારકુશળ છે. નાની સરખી વ્યાવહારિક ક્ષતિ અર્થનો અનર્થ પેદા કરી શકે છે. તેથી ધ્યાન આપવા યોગ્ય સત્ય-હકીકત એ છે કે બધાને તેમને અનુરૂપ શિષ્ટતાપૂર્વકનું આદર-માન આપવામાં આવે. પોતાની વ્યાવહારિક ભૂલને વિનમ્રતા સાથે સ્વીકારીને તેના પ્રત્યે સજાગ-સતર્ક રહીએ.

પ્રત્યેક વ્યક્તિના નામની સાથે તેનું આત્મ સન્માન-સ્વમાન સંકળાયેલું છે. વ્યક્તિ પોતાના નામમાં પોતાની ઓળખનો અનુભવ કરે છે. તેમાં આત્મીયતા લહેરાય છે. અંતરનો આ એક એવો તાર છે જે મનમાં કંપન પ્રગટાવે છે, તેને આંદોલિત કરી મૂકે છે, અને આ જ કારણે કે કોઈ પ્રતિષ્ઠિત અને મહાન વ્યક્તિનું નામ લઈને બોલાવવાથી ઘનિષ્ઠ આત્મીયતાની પ્રતીતિ થાય છે. તેથી એવો પ્રયાસ થવો જોઈએ કે જેનું નામ લેવામાં આવે તેના નામ સાથે 'જી' લગાડવું જોઈએ. આ બધાં વ્યાવહારિક સૂત્રોમાં જીવનનો મર્મ છુપાયેલો છે.

સંયમી અને કલ્યાણકારી વાણી વ્યવહારનો મેરુદંડ છે. તે મુખ્ય આધાર છે. વાણી બ્રહ્માસ્ત્ર જેવી છે. તે ધનુષ્યમાંથી છૂટતાં જ લક્ષ્યને ભેદે છે. વ્યવહારના સમસ્ત તાણાવાણા તેની આસપાસ વણાય છે. વાણી દ્વારા જ વ્યવહાર બને અને બગડે છે. સંયમિત વાણીથી વ્યક્તિત્વ મહોરી ઊઠે છે. આવા વ્યક્તિત્વસંપન્ન મનીષીમાં મહાન આકર્ષણ હોય છે. ચેતનાની ઉચ્ચતમ અવસ્થામાં જીવનાર વિશ્વવિભૂષિત સ્વામી વિવેકાનંદનો લોક-વ્યવહાર પણ તેમના જેટલો જ આકર્ષક હતો. જો કે આવા તપસ્વી પ્રસિદ્ધ સાધક લોક-વ્યવહારથી ખૂબ જ ઊંચે આરૂઢ હોય છે, પરંતુ સ્વામીજી વ્યવહારમાં સંપન્ન હતા. એટલા માટે કોઈને મળતા ન હોવા છતાં તેમણે અસ્વસ્થતાની સ્થિતિ વખતે લોકમાન્ય ટિળક સાથે દોઢ કલાક સુધી આત્મીયતાપૂર્વક વાતો કરી અને આ જ વ્યવહારનું એ પરિણામ હતું કે ટિળકના વિચારોમાં વ્યાપક પરિવર્તન આવ્યું અને ત્યારબાદ જ તેઓ રાષ્ટ્ર પ્રત્યે પૂર્ણતયા સમર્પિત બન્યા. શ્રી અરવિંદનો વ્યવહાર પણ ખૂબ જ શિષ્ટ, શાલીન અને સભ્યતાપૂર્ણ હતો.

પ્રસિદ્ધ નવલકથાકાર ચાર્લ્સ ડિકન્સ પોતાના મધુર, શાલીન વ્યવહારને કારણે અત્યંત લોકપ્રિય હતા. તેઓ બધાંને ખુલ્લા દિલથી મળતા હતા અને જ્યાં પણ જતા હતા ત્યાં પોતાના વ્યવહારથી બધાને મંત્રમુગ્ધ કરી દેતા. આ જ રીતે જર્મનીમાં મહાકવિ ગેટે પોતાના વ્યવહારને માટે વિખ્યાત હતા. તેમના શિષ્ટ, શાલીન વ્યવહારથી લોકો પ્રભાવિત થઈ ખેંચાઈ આવતા. નેપોલિયનની ધર્મપત્ની જોસેફીન અતિ વ્યવહારકુશળ હતી. નેપોલિયન યોદ્ધાઓના દિલમાં વસ્યા હતા તો તેમની પત્ની લોકોના હૃદયોમાં. એ સંપૂર્ણ સત્ય છે કે સદ્‌વ્યવહાર હૃદયને વિશાળ બનાવે છે. જેનામાં સંવેદના અને ભાવના ઊછળતી રહે છે તેનામાં ઈર્ષ્યા, દ્વેષ હોતાં નથી. આ ગોરંભાતાં વાદળો જેવું છે. તરસ્યાને જોયો કે વરસી પડ્યાં. જીવન આનો જ પર્યાય હોવું જોઈએ અને વ્યવહાર તે પ્રમાણેનો હોવો જોઈએ. સદ્‌વ્યવહારથી શ્રેય-સન્માન, માન-પ્રતિષ્ઠા સર્વ કાંઈ મળે છે. આપણે પણ ચરિત્ર, ચિંતનને વિશુદ્ધ અને ઉન્નત બનાવીને બધા સાથે સદ્‌વ્યવહાર દાખવવો જોઈએ. આમ કરીને આપણે આપોઆપ સર્વોચ્ચ લોક-સન્માનના અધિકારી બની રહીશું.

*દક્ષિણેશ્વર મંદિરની નિર્માત્રી રાણી રાસમણિના જમાઈ મથુરબાબુએ એક વિષ્ણુ મંદિર બનાવ્યું અને પ્રતિમાને બહુમૂલ્ય વસ્ત્ર-આભૂષણોથી સજાવી. થોડાક જ દિવસો હજી વીત્યા ન હતા કે ચોર બધાં જ ઘરેણાં-ઝવેરાત ચોરીને લઈ ગયા. મથુરબાબુ ભગવાનને ઠપકો આપી રહ્યા હતા કે ભગવાન, આપ તો કેવા, જે પોતાનાં વસ્ત્રાભૂષણની રક્ષા પણ ન કરી શક્યા !*

*રામકૃષ્ણ પરમહંસે તેમના મનનું સમાધાન કર્યું કે જે ધન લોકસેવામાં નથી ખર્ચાયું તેનું, આભૂષણ બનવાનું અને ઈર્ષ્યાનું નિમિત્ત કારણ બનવું તથા ચોરોના ઘેર જઈ પહોંચવું સ્વાભાવિક છે. આ પ્રવાહને ભગવાન શા માટે રોકે ? જો રોકવા જ હોત તો ચોરોથીય પહેલાં ભગવાન આપને રોકત.*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

(પરમપૂજ્ય ગુરુદેવની અમૃતવાણી) (સમાજ નિર્માણ)

# કેવી રીતે આદર્શ પરિવાર વિકસિત થાય-૧ (પૂર્વાર્ધ)

ગાયત્રી મંત્ર અમારી સાથે સાથે,

ૐ ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યોનઃ પ્રચોદયાત્ ।

દેવીઓ, ભાઈઓ ! આપ જે સત્રમાં સામેલ થયા છો, તેનું નામ પરિવાર સત્ર છે. આપને એમ લાગતું હશે કે આપને અહીં કોઈ નાના કામ માટે એકઠા કર્યા છે, પરંતુ એવી વાત નથી. આપને કોઈ ખાસ ધ્યેય માટે બોલાવ્યા છે. આપ આ પરિવારના સભ્ય છો. પરિવાર કોઈ મજાકની વાત નથી. અરે સાહેબ ! અમે પરિવારમાં કેવી રીતે રહીએ છીએ તે તો અમે જ જાણીએ છીએ. પરિવાર અમારા માટે મુસીબત છે.

મિત્રો ! મોટા ભાગે પરિવાર એટલે મુસીબત, પરિવાર એટલે ઝંઝટ. આ જ પરિવારની પરિભાષા છે. મોટાભાગના લોકો આને જ પરિવાર કહે છે. તો શું એ માટે જ આપને અમે અહીં બોલાવ્યા છે ? શું તેલ, મીઠું, હળદર વિશેની અને ઘરેલું કાર્યોની વાતો બતાવવા માટે અમે આપને અહીં બોલાવ્યા છે ? ના મિત્રો ! આ શિબિરનું ઘણું મહત્ત્વ છે. આ શિબિર અમને ખૂબ પ્રિય છે.

**કૌટુંબિકતા જ આગામી દિવસોનું લક્ષ્ય હશે**

સાથીઓ ! કુટુંબ-પરિવાર શબ્દની સાથે ઘણી મહાન વસ્તુઓ જોડાયેલી છે, તેથી કુટુંબ શબ્દ સાથે અમને ઘણો પ્રેમ છે. પરિવાર અમને વહાલો લાગે છે. આગામી દિવસોમાં જ્યારે નવયુગનું નિર્માણ થવાનું છે તો તેના સિદ્ધાંતો કયા હશે, આદર્શો કયા હશે ? ક્રિયાકલાપો ક્યા હશે ? એ જ બતાવવા માટે અમે આ શિબિરનું આયોજન કર્યું છે. તેનો અર્થ કુટુંબ તથા કૌટુંબિકતા છે. આગામી દિવસોમાં સંસારનું લક્ષ્ય આ જ હશે. આગામી દિવસોમાં એનાં વિશેષ નિર્ધારણો થવાનાં છે. આપે જોયું હશે કે જે ઘરમાં ઘણી દોડધામ હોય છે તે ઘર નરક બની જાય છે. બાળકો આભૂષણો ચોરીને લઈ જાય છે. દીકરીઓ પોતાનાં આભૂષણો પિયર મૂકીને આવે છે. સ્ત્રીઓ કામ કરતી નથી. આપે જોયું હશે કે બાળકો કેવી રીતે ગાદી પરથી અને દુકાન પરથી રૂપિયા ચોરીને લઈ આવે છે. વહુઓ તેમના પતિ સાથે જુદી રહેવા માગે છે. આ રીતની દોડધામથી પરિવાર નષ્ટ થાય છે, દુનિયા બરબાદ થઈ જાય છે તથા સમાજમાં તબાહી થાય છે.

આજે દુનિયાની સામે, જેને અમે નવયુગની સમસ્યા કહીએ છીએ, તેની સામે ઘણી સમસ્યાઓ છે, મુશ્કેલીઓ છે. આજે ઘણી સમસ્યાઓ એવી છે, જેમને સાંભળ્યા બાદ એવું લાગે છે કે એમનું કોઈ સમાધાન નથી. મિત્રો ! આપે તેના પર વિચાર કરવો પડશે, કેમ કે આજે દુનિયા ખૂબ જ નાની બની ગઈ છે. પહેલાંના જમાનામાં દુનિયા ખૂબ મોટી હતી, ખૂબ ફેલાયેલી હતી. એક માણસ સાથે બીજા માણસનો સંબંધ ઓછો હતો. પોતાનું ગામ જ તેની દુનિયા હતી. બીજાં સ્થળો સાથે તેને કોઈ સંબંધ ન હતો. ગામની સ્ત્રીઓ ઘૂંઘટ કાઢતી હતી. પહેલાંની દુનિયા સાસરાંથી પિયર સુધી જ સીમિત હતી. પરંતુ આજે દુનિયા ખૂબ ફેલાઈ ગઈ છે. આજે આપ સિનેમાની દુનિયાથી બચી શકો છો ? બચીને બતાવો. છોકરાઓ ફેશનેબલ કપડાં પહેરીને ફરે છે અને સિનેમાના ગીતો ગાતા ફરે છે. તેનાથી બચીને બતાવો. તેને રોકી તો બતાવો. ઘરમાં ઝઘડો થઈ જશે.

મિત્રો ! આપનું બાળક આપને તો કહેતું નથી, પરંતુ પોતાના મિત્રોને કહેતું ફરે છે કે હું ફિલ્મનો એક્ટર બનીશ. તે ઘરમાંથી પોતાની મમ્મીનાં આભૂષણો ચોરીને ભાગી જાય છે. હા સાહેબ! એ મુંબઈ ભાગી ગયો હતો. કેમ ગયો હતો એમ જ્યારે આપે પૂછયું ત્યારે તેણે બતાવ્યું હતું કે હું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

ફિલ્મોમાં કામ કરીશ, ફિલ્મી એક્ટર બનીશ, પરંતુ ત્યાં ફિલ્મવાળાઓએ એને ઘૂસવા પણ ન દીધો તો ભાગીને પાછો આવી ગયો. તેથી કહું છું કે આપ બાળકોને સિનેમાથી બચાવી બતાવો. સાહેબ ! અમે તો રામાયણ વાંચીએ છીએ, અમે બાળકોને ગુરુદીક્ષા અપાવીશું. આપ ગુરુદીક્ષા અપાવીને બતાવો તો ખરા. જમાનાની હવાએ આપની દીકરીને શું બનાવી દીધી? આપ શરમને કારણે એ વિશે કશું કહેવા માગતા નથી.

### જમાનાની હવા તો જુઓ

મિત્રો ! આપણે જમાનાની હવા સાથે જોડાયેલા છીએ, તેનાથી જુદા થઈ શકતા નથી. આપ કહો છો કે અમે નવી દુનિયા વસાવી લઈશું. સાથીઓ ! કદાચ બસો-પાંચસો વર્ષ પહેલાં એવો જમાનો હતો, પરંતુ હવે તેવી દુનિયા બનાવવી અને તેવું જીવન જીવવું શક્ય નથી. આજે દુનિયા આપની સાથે જોડાઈ છે તથા આપ દુનિયાં સાથે જોડાયેલા છો. આજની દુનિયામાં આપે કુટુંબના આધારે જીવવું પડશે. કુટુંબ જ એક સિદ્ધાંત છે, હળીમળીને રહેવું તથા વહેંચીને ખાવું. અરે ! અમે તો ભેગું કરીશું. ના,આપ પોતાના માટે ભેગું ન કરી શકો. આપ હળીમળીને કામ કરો તથા વહેંચીને ખાવ. અમે કમાઈએ છીએ તો અમે જમીન ખરીદીશું, મકાન બનાવીશું, પત્ની માટે આભૂષણો બનાવીશું, કપડાં ખરીદીશું. આપ એવું ભલે કરો, અમે આપને રસ્તો બતાવનાર કોણ છીએ, પરંતુ મિત્રો ! એનાથી આપની સમસ્યાઓ અને ગૂંચવણો વધશે જ, વધારે ગૂંચવાશે, ખતમ નહિ થાય. તેમનું સમાધાન નહિ થાય. એનું એક જ સમાધાન છે કે માણસે કુટુંબના રૂપમાં આજે નહિ તો કાલે, કાલે નહિ તો પરમ દિવસે, પરમ દિવસે નહિ તો આગામી દિવસોમાં રહેવું પડશે. આ સિવાય બીજું કોઈ સમાધાન નથી.

સાથીઓ ! કુટુંબનો એક સિદ્ધાંત છે. એમાં એવું નથી હોતું કે જેનામાં યોગ્યતા, પુરુષાર્થ અને પરાક્રમ વધારે હોય અને જે જેટલું વધુ કમાય છે તે તેટલું જ વધારે ખાશે. ના ભાઈ ! તે વધુ નહિ ખાય. તેણે બીજાને, કુટુંબને પણ ખવડાવવું પડશે. આ કુટુંબનો સિદ્ધાંત છે. જેના આધારે આપણો કુટુંબ-પરિવાર ચાલે છે તથા તેનો વિકાસ થાય છે. આગળ પણ આ જ કુટુંબનો આધાર હશે. આ પછીની દુનિયાનો અને આવનાર સમયનો આ એકમાત્ર સિદ્ધાંત હશે. આગામી દિવસોમાં જે નિયમ, કાયદાઓ અને મર્યાદાઓ બનશે, ધર્મ અને સંસ્કૃતિ બનશે તથા જે કોઈ આચારસંહિતા મનુષ્યને ચલાવવા અને આગળ વધારવા માટે બનશે તેનું નામ હશે, 'પારિવારિકતા', 'કુટુંબ'.

પ્રાચીનકાળમાં એ માટે ઋષિઓએ એક સૂત્ર આપ્યું હતું, 'વસુધૈવ કુટુંબકમ્।' અર્થાત્ સંપૂર્ણ દુનિયાએ એક કુટુંબના રૂપમાં રહેવું જોઈએ. તેથી આપ વહેંચીને ખાઓ અને હળીમળીને રહો. જો આ વાત માણસ નહિ સમજે તો તેની એવી ધોલાઈ થશે કે હોશ ઠેકાણે આવી જશે. આપ આને અધ્યાત્મવાદી સામ્યવાદ કહેશો તો અમને કોઈ વાંધો નથી. પરંતુ અમે કહીશું કે આપ કોઈ એવી ફોર્મ્યુલા બનાવો કે જેમાં માણસ ચેનથી રહે અને બીજાને ચેનથી રહેવા દે. પોતે ખાય, પ્રગતિ કરે તથા બીજાને પણ ખાવા દે તથા પ્રગતિ કરવા દે. માણસ હસે તથા બીજાઓને પણ હસવા દે. તે પોતે ખીલે અને બીજાઓને પણ ખીલવા દે. માણસ જીવે અને બીજાઓને જીવવા દે. આ જ એ સિદ્ધાંત છે, જેને પારિવારિકતા કહેવાય છે. એને સરળતાથી અપનાવી લઈએ તો સારું છે, નહિ તો એવી જબરદસ્ત તાકાતો આવી રહી છે, જે આપને હળીમળીને રહેવા માટે અને વહેંચીને ખાવા માટે મજબૂર કરશે. એ સિવાય બીજો કોઈ રસ્તો નથી.

કેમ ભાઈ ! આપ અમીર બનશો ? હા સાહેબ, અરે હળીમળીને ખાઓ ને ! ના સાહેબ, અમે કમાઈશું અને પોતે જ ખાઈશું. ચૂપ નાલાયક, આવું કરીશ તો તને દુનિયા મારી મારીને ઠેકાણે લાવી દેશે. મિત્રો ! આપ કમાવ જરૂર, પણ બીજા માટે પણ ખર્ચ કરો. ના સાહેબ ! અમે તો દીકરા માટે ખર્ચ કરીશું. ચૂપ બદમાશ. અરે સાહેબ ! અમે હનુમાન ચાલીસાનો પાઠ કરીએ છીએ, ભજન કરીએ છીએ, પ્રાણાયામ કરીએ છીએ. બેટા, એનાથી શું થાય છે. સિદ્ધાંતને તો સમજતો


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

નથી અને ભજન કરે છે, ધોખાબાજ. આ પૂજાપાઠ ભગવાનને ખુશ કરવા માટે બનાવવામાં આવ્યા નથી.

**આ પૂજન શા કામનું ?**

મિત્રો ! એકવાર અમે ભગવાનજીને પૂછયું કે દુનિયાના લોકોનો તો એવો ખ્યાલ છે કે આપ પ્રસાદ ચઢાવનારાઓ પર અને આરતી ઉતારનારાઓ પર ખુશ થઈ જાઓ છો તો આપનો શું ખ્યાલ છે ? આ શું મામલો છે ? ભગવાન અમારા પર ખૂબ ગુસ્સે થઈ ગયા. ક્રોધિત થઈ ગયા. એમણે કહ્યું, ગુરુજી ! આપ તો ભણેલા-ગણેલા છો અને તેમ છતાં આ પ્રકારની અસભ્યતા પસંદ કરો છો. શું અમે એટલા નિમ્ન અને હલકા હોઈ શકીએ છીએ કે આવા નાનકડા પૂજાપાઠથી ખુશ થઈ જઈએ અને આશીર્વાદ આપી દઈએ ? ભગવાનજી ! અમે તો માનતા નથી, પરંતુ અમારા ચેલાઓ એમ જ માને છે. તો પછી આપ આવા ચેલાઓની ધોલાઈ કરો, જે અમારા ઉપર આવાં લાંછન લગાડે છે અને આવા નીચ સમજે છે. મિત્રો ! આપની પૂજા અને આપની ઉપાસના આપને મુબારક, પરંતુ અધ્યાત્મવાદને એની સાથે કોઈ મતલબ નથી. આ બધી પ્રક્રિયાઓનો હેતુ એક જ છે કે માણસનું ચરિત્ર, માણસનો વ્યવહાર અને માણસનું વ્યક્તિત્વ ઉચ્ચ બને, શુદ્ધ બને.

સાથીઓ ! દેવતા ખૂબ વ્યસ્ત રહે છે, આપણા કરતાં પણ વધારે વ્યસ્ત રહે છે. ભગવાન પાસે આપની ઢંગ વિનાની વાતો માટે સમય નથી. નાની નાની કંપનીઓ સંભાળવામાં માણસનું કચૂમર નીકળી જાય છે, ત્યારે ભગવાન તો આટલી મોટી સૃષ્ટિની વ્યવસ્થા સંભાળે છે. આપને ખબર નથી કે અમારી પાસે કેટલું કામ છે. અમારી પાસે બ્રહ્મવર્ચસનું કામ છે, અમારી પાસે લેખનનું કામ છે, અમારી પાસે મિશનનું કામ છે. અમારી પાસે એટલું કામ છે કે અમારી પાસે ફાલતુ કામો માટે સમય નથી. ઈન્દિરા ગાંધીને જઈને પૂછો, તેમનો સેક્રેટરી આપને ડંડા મારીને ભગાડી દેશે. ગુરુજી ! અમે તો આપને માળા પહેરાવીશું, ચરણ ધોઈશું. જૂઠો, અમારો સમય બરબાદ કરે છે. ભગવાન કરતાં ઓછો સમય કોઈની પાસે નથી. આપ બેકાર વાતો કરશો નહીં. આ સંસારમાં જેટલી પણ મહત્ત્વની શક્તિઓ છે, તેમની પાસે સમય હોતો નથી. તેઓ સંપૂર્ણ સમય વ્યસ્ત રહે છે.

મિત્રો ! પૂજાપાઠનો એક જ અર્થ છે, એ એકવાર સાંભળો કે નવ્વાણું વખત સાંભળો. એનું તથ્ય એક જ છે કે માણસની વિચારવાની રીત માણસ જેવી થઈ જાય એટલે કે તેનું વ્યક્તિત્વ ઉચ્ચ બને. જેમ જેમ આપ સાચા માણસ બનતા જાવ છો તેમ તેમ આપ ભગવાનની નજીક પહોંચતા જાવ છો. તે સમયે આપ ભગવાનના સાંનિધ્યનો લાભ તથા ભગવાનની રિદ્ધિ અને સિદ્ધિઓનો લાભ પ્રાપ્ત કરી શકો છો. સ્વર્ગ, મુક્તિ, ચમત્કાર બધું પ્રાપ્ત કરી શકો છો. અમે આપને એ જ કહેવા માગીએ છીએ કે સંપૂર્ણ અધ્યાત્મ મનુષ્યના પૂજાપાઠ સાથે સંબંધ ધરાવતું નથી, પરંતુ મનુષ્યના ચિંતન તથા ચરિત્ર સાથે સંબંધ ધરાવે છે. આપને એની જાણ હોવી જોઈએ કે જેમ જેમ આપનું ચિંતન અને ચરિત્ર ઊંચે ઊઠતાં જશે તેમ તેમ આપની અંદર સિદ્ધિઓ આવતી જશે. આ અધ્યાત્મ સુભાષચંદ્ર બોઝની અંદર આવ્યું હતું. નહેરુ અને પટેલની અંદર આવ્યું હતું. જેમનું ચિંતન અને ચરિત્ર મહાન બન્યું તેમની અંદર એ આવ્યું હતું.

સાથીઓ ! આપ તો દેવતાઓની હજામત બનાવનાર હજામ છો, પંખીઓને મારનાર પારધી છો. આનાથી કામ ચાલશે નહિ. આપ દેવતાઓને પકડવા માગો છો. શું અધ્યાત્મ આવું હોઈ શકે ? માછીમાર જેવું અધ્યાત્મ, પારધી જેવું અધ્યાત્મ આજે છે તેવું ક્યારેય ન હતું. અરે સાહેબ ! કોઈ પણ દેવી-દેવતા અમારી ચુંગાલમાં આવ્યા નથી, અને અમારી મનોકામના પૂર્ણ થઈ નથી. આ રીતે કેમ ચાલશે ? ચૂપ રહે બદમાશ, મોટો આવ્યો છે ભકત બનવા. સપનાં જોશો નહિ, વાસ્તવિકતા જાણો અને પોતાની વિચારવાની રીત તથા કામ કરવાની રીત સુધારો. આપ અસભ્યતાની પૂજા બંધ કરો. આપે પૂજાના નામે તો ઊલટાની જંજાળ ફેલાવી દીધી છે. એનાથી આપને કોઈ લાભ થવાનો નથી.


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

### નવયુગ-સતયુગ

મિત્રો ! હું એ કહેવા માગતો હતો કે આગામી દુનિયા જેમાં બધા લોકો ખુશીથી જીવન ગુજારશે, ખુશાલી, શાંતિ, સિદ્ધિ અને ચમત્કારનું જીવન જીવશે, તે યુગ સતયુગ હશે, ધર્મયુગ હશે. આને તમે જે કોઈ નામ આપો, અમે નારાજ નહિ થઈએ, પરંતુ નવયુગનો આધાર એક હશે, કાયદો એક હશે. નવયુગની સંસ્કૃતિ એક હશે. ત્યારે શું થશે ? કૌટુંબિકતાનું વાતાવરણ હશે. એ શું છે ? આપ અત્યારે જે પરિધિનો ઉપયોગ કરો છો તેનો ઉપયોગ મોટા વિસ્તારમાં કરવો પડશે. આપને આઠસો પચાસ રૂપિયા મળે છે તો આપ શું કરો છો ? અરે સાહેબ ! ખાવાપીવામાં અને પત્ની-બાળકોમાં ખર્ચાઈ જાય છે. નાનો ભાઈ નિશાળે જાય છે, એમાં વપરાય છે. લગ્ન માટે થોડું દેવું થયું હતું તે આપીએ છીએ. કેમ પોતાના માટે તો નથી વાપરતા ? ના સાહેબ ! આટલા પૈસા અમે એકલા માટે કેવી રીતે ખર્ચીશું ? અમારે અમારી બ્હેનને પણ પૈસા મોકલવા પડે છે.

સાથીઓ ! આજે આપ જે સિદ્ધાંત પોતાના કુટુંબ માટે લાગુ પાડી રહ્યા છો, તેને સંપૂર્ણ સમાજ માટે લાગુ પાડવો પડશે. આપની પાસે ધન છે, આપ સમૃદ્ધ વ્યક્તિ છો તેનું શ્રેય આપને મળશે, પરંતુ તેનો અર્થ એ નથી કે આપ પોતે એકલા જ ખાઈ જાવ અને મોજમસ્તી કરો. જો આપ આવું કરો છો તો લોકો આપનું ગળું દબાવીને ઊલટી કરાવી દેશે. અધ્યાત્મનો યુગ આવશે તો આ રીતે આવશે. આપને બિનજરૂરી વસ્તુઓ નહિ મળે. આપના પેટમાં જેટલી જગ્યા છે તેટલું જ ખાવ, શેષ વહેંચી દો. નહિ તો લોકો આપનું ગળું દબાવશે અને ઊલટી કરાવી દેશે. તો ગુરુજી ! શું આવો જમાનો આવી રહ્યો છે ? હા બેટા, બિલકુલ આવી રહ્યો છે.

મિત્રો ! આપની ઈચ્છાથી આપને માટે દુનિયા તો નહીં બદલાય. આપ પોતાની ઈચ્છા અને મરજીને પોતાના ખિસ્સામાં રાખો. દુનિયાની સમસ્યાનું સમાધાન જે રીતે થવાનું છે તે રીતે જ થશે. ઋષિઓએ જે સૂત્ર આપ્યું હતું તે અમે ફરીથી આપીએ છીએ, 'વસુધૈવ કુટુંબકમ્'નું. એના આધારે જ દુનિયામાં પ્રેમ, રીત, સંબંધો અને વ્યવહાર એક થશે. એનો વિકાસ કૌટુંબિકતાની ભાવનાથી જ થશે.

### આપણો પોતાનો ગાયત્રી પરિવાર

'પરિવાર' શબ્દ સાથે અમને ઘણો પ્રેમ છે. અમે જો વિશ્વાસ કર્યો છે તો તે પારિવારિકતા પર કર્યો છે. અમે જે સંગઠન બનાવ્યું છે તેનો આધાર કૌટુંબિકતા છે. હું કુટુંબ પર વિશ્વાસ રાખું છું. દરેક ઈમાનદાર માણસ તેનો બધો સમય, સંપત્તિ પોતાના કુટુંબ તથા પરિવારના વિકાસ માટે ખર્ચે છે. અમે પણ ગાયત્રી પરિવારના નામથી જે પરિવાર બનાવ્યો છે તેના માટે ખર્ચીએ છીએ. જ્યારે મિશન નાનું હતું અને અમે તપોભૂમિમાં રહેતા હતા, તે સમયે 'અખંડ જ્યોતિ ' પ્રકાશિત થતું હતું તો અમે 'અખંડ જ્યોતિ પરિવાર' શબ્દનો ઉપયોગ કર્યો છે. જૂનાં લેટરપેડ પડ્યાં હશે એમાં એ જ છપાયું છે. જ્યારે ગાયત્રીનો પ્રચાર શરૂ કર્યો ત્યારે 'ગાયત્રી પરિવાર' બનાવી દીધો. તે પછી 'યુગનિર્માણ પરિવાર' બનાવી દીધો. હવે પ્રજ્ઞા અભિયાન શરૂ કર્યું તો 'પ્રજ્ઞા પરિવાર' બનાવી દીધો.

મિત્રો ! આ પરિવાર અમારા પ્રાણોનો અંશ છે. આપ જોતાં નથી ? એને અમે સીંચ્યો છે, વધાર્યો છે. અમારો પરિવાર કઈ રીતે જોડાયેલો છે તે આપ જોતા નથી ? માતાજી આપનાં માતાજી છે. તેઓ જો આપનાં માતાજી છે તો અમે આપના પિતાજી છીએ. આપે આ પરિવારમાં એવું જોયું નહિ હોય કે આ પરિવારમાં કોઈ નાનું છે અને કોઈ મોટું છે. અમારે ત્યાં પરિવાર સિવાય અન્ય કોઈ જ વ્યવહાર કે સિદ્ધાંત નથી. આ સિવાય અમે કોઈ વસ્તુઓ પર વિશ્વાસ રાખતા નથી.

સાથીઓ ! પરિવાર શબ્દ ઘણો મહાન છે. એની સાથે માનવીય સમસ્યાઓ અને વિશ્વની સમસ્યાઓ જોડાયેલી છે. આપ કહો છો કે ઘર-પરિવારની ચિંતાઓ દૂર થઈ જશે તો તેને છોડી દઈશું. તે સમયે હું લોહીનો ઘૂંટડો પી જાઉં છું અને આપને કશું કહેતો નથી. જ્યારે આપ એ કહો છો કે ગુરુજી ! ઘરની જંજાળ છૂટી અને અમે આપના શરણમાં આવી ગયા તો અમને હસવું



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

આવી જાય છે અને હું કહું છું કે જ્યારે અહીં આવીશ ત્યારે તારા પર મોટા પરિવારની જવાબદારી આવશે. અત્યારે તારા પરિવારમાં કેટલા લોકો છે. ગુરુજી ! મા, પત્ની અને બે બાળકો છે. સારું ! તો પાંચનો પરિવાર છે. તું શું એમ સમજે છે કે અહીં બાબાજી લોકો રહે છે, નકામા લોકો રહે છે તો તું નિશ્ચિંત થઈને અહીં આવીશ. ના સાહેબ ! હું તો બધી રીતે ફ્રી થઈને આવીશ અને અહીં આવીને માળા જપીશ. ગુરુજી આપની સેવા કરીશ. ચલ હટ બદમાશ, એવો ડંડો મારીશ કે અકલ ઠેકાણે આવી જશે. પરિવાર મૂકીને આવવાનો છે. અરે ! અમારી પાસે ભાગેડુઓ માટે કોઈ સ્થાન નથી.

મિત્રો ! જોધપુરના મહારાજ યુદ્ધમાં હારી ગયા. બધા સૈનિકો માર્યા ગયા. રાજા સાહેબ કોઈ રીતે જાન બચાવીને આવી ગયા અને એમને બંધ દરવાજા પરથી અવાજ આવ્યો. રાણીએ કહ્યું, 'રાજા સાહેબ ! આપ એકલા કેવી રીતે આવી ગયા ? આપે સૈનિકોની સાથે આવવું જોઈતું હતું. બ્યૂગલ વગાડીને આવવું જોઈતું હતું.' દરવાજા ખોલવા જઈ રહેલા સિપાઈને રાણીએ કહ્યું કે રોકાઈ જા. તે મહેલ પર ચઢી ગયા અને કહ્યું, "આપ રાજા ન હોઈ શકો, સેના ક્યાં ગઈ?" એમણે કહ્યું કે સેના ખતમ થઈ ગઈ. રાણીએ કહ્યું, "જોધપુરના મહારાજ આવા બેહૂદા ન હોઈ શકે. આપ અમારા પતિ ન હોઈ શકો. આપ ત્યાં જ જાઓ અને યુદ્ધ કરો. જો આપ માર્યા જશો તો પણ હું આપનું માથું લઈને પ્રેમ કરીશ. ભાગેડુને હું પ્રેમ નહિ કરું. આ રીતે જો આપ પણ ભાગેડુ બનીને આવી જશો, ઘર છોડીને આવી જશો તો આપના માટે શાંતિકુંજનો આ દરવાજો બંધ મળશે. અમે આપને ઘૂસવા નહિ દઈએ. આપ કહો છો કે અમે જવાબદારીઓમાંથી નિવૃત્ત થઈ જઈશું ત્યારે આવીશું. શું નિવૃત્ત થઈ જશો ? શું આપના માથે સમાજની જવાબદારી નથી ? દેશની જવાબદારી નથી ? ના સાહેબ ! અત્યારે તો દીકરીનું લગ્ન કરવાનું છે, એમાંથી નિવૃત્ત થઈ જઈશ ત્યારે આવીશ. તે વખતે એવો તમાચો પડશે કે હોશ ઠેકાણે આવી જશે. પારિવારિકતા ખૂબ વિશાળ વસ્તુ છે.

## અધ્યાત્મના મર્મને સમજો

શું આપ આધ્યાત્મિકતા વિશે પણ કંઈક વિચારો છો, જાણો છો ? તેના સિદ્ધાંતો અને આદર્શોને પણ સમજો. ના સાહેબ ! અમે તો જપ કરીશું, પ્રાણાયામ કરીશું. તો અમને સિદ્ધિ મળશે. મોટા આવ્યા સિદ્ધિવાળા ? દેવતાઓનો સાક્ષાત્કાર કરીશું ? દેવતાઓનું દર્શન કરીશું ? બેટા ! દેવતા એટલા ફાલતુ નથી કે આપ બોલાવશો અને તેઓ આવી જશે. આપ શંકર ભગવાનને બોલાવવા માંગો છો ને ? તેઓ આપનાથી કોસો દૂર છે. આપ એમને આ રીતે બોલાવી નહિ શકો. આપ સ્વામીજીને બોલાવો છો તો એમને ફર્સ્ટ ક્લાસની ટિકિટ આપો છો કે નહીં ? આપ અમને બોલાવશો તો દાન-દક્ષિણા આપશો કે નહીં ? આપ પેટ્રોલનો ખર્ચ આપશો કે નહીં ? હા સાહેબ ! અમે આપીશું. સારું તો આ વાત પાકી છે. આપ શંકર ભગવાનને બોલાવવા માગો છો તો જરા એમને પેટ્રોલનો ખર્ચ આપો. આપ લક્ષ્મી-નારાયણને બોલાવવા માગો છો તો એમને પેટ્રોલનો ખર્ચ આપો. અમે એમને ફોન કરી દઈશું અને તેઓ આવી જશે. અરે સાહેબ ! લક્ષ્મીનારાયણજી દસ હજાર કિલોમીટર દૂર છે. ચૂપ રહે, આખો દિવસ બકબક કરતો રહે છે કે દેવતાના દર્શન કરાવી આપો. અજ્ઞાની ક્યાંનો. પહેલાં આધ્યાત્મિકતાનો સિદ્ધાંત સમજો.

માણસ પોતાના ઉપર તો હાવી થઈ શકે છે, પરંતુ દેવતાઓ પર હાવી થઈ શકતો નથી અને તેમના પર હાવી થવાની જરૂર પણ નથી. દેવતાની સામે નાક ઘસવાની પણ જરૂર નથી. આપ પોતે જ પોતાનું નાક રગડો, પોતાને યોગ્ય બનાવો. આપ પોતાને યોગ્ય બનાવવાનું શરૂ કરી દો અને પછી જુઓ આપને સિદ્ધિ મળે છે કે નહિ. આપ પોતાને બનાવવાનો પ્રયાસ કરતા નથી. આપ તો દેવતાની હજામત બનાવવા માટે અસ્તરો અને કાતર લઈને ફરો છો. આ બંધ કરો.

મિત્રો ! આગામી દિવસોમાં અધ્યાત્મનું નવું સ્વરૂપ સામે હશે. ત્યારે આપની આપના કુટુંબની દીકરી પ્રત્યે જે ભાવના છે તે જ ભાવના અને



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

વ્યવહાર સમાજની દીકરી પ્રત્યે રાખવાં પડશે. કૌટુંબિકતામાં એ બધી વસ્તુઓ સામેલ છે. આજે આપનો નારી પ્રત્યે જે દષ્ટિકોણ છે તેને બદલવો પડશે. દીકરીઓ પ્રત્યે આપનો દષ્ટિકોણ કેવો હોય, મા-બાપ પ્રત્યે તથા સંસારમાં જેઓ એ ઉંમરના છે, તેમના પ્રત્યે આપનો દષ્ટિકોણ કેવો હોય ? તેનું સાચું મૂલ્યાંકન કરવું પડશે.

ઘરને તપોવન અને પરિવારને પ્રયોગશાળા બનાવો

જો આપને અધ્યાત્મ શીખવું હોય તો જંગલોમાં ન જશો, તપોવન બનાવવા ન જશો. પોતાના ઘરને જ તપોવન બનાવો, તેને ઠીક કરો. અમે આ સંદર્ભમાં ઢગલાબંધ પુસ્તકો લખ્યાં છે. તેમને વાંચો તથા પોતાના ઘરને સ્વર્ગ બનાવો. પરિવાર એક પ્રયોગશાળા છે. આપ પોતાના માતાપિતાનું ઋણ ચૂકવો. આપ તો ફક્ત પોતાનાં પત્ની-બાળકોની જ સંભાળ રાખો છો. ડોસીને દમની બીમારી છે, તેનો ઈલાજ કરાવો અને ઉપકારનો બદલો વાળો તથા આપની ઉપર જેમનો પણ ઉપકાર છે તેને ચૂકવો. જો આપ પોતાના માતાપિતાનું ઋણ નહિ ચૂકવો તો કાલે આપનાં બાળકો આપની કદર કેવી રીતે કરશે ? મિત્રો ! આનાથી સારી પ્રયોગશાળા ક્યાંય નથી. આપની અંદર જે શ્રેષ્ઠ ગુણો છે, તેને આપ ક્યાંથી શીખશો અને પારખશો ? ક્યો યોગાભ્યાસ કરશો? પરિવાર જેવી લેબોરેટરી સંસારમાં ક્યાંય નથી. શું આપ પોતાની ધર્મપત્ની પાસેથી શીખતા નથી કે તેણે કેટલો મોટો આદર્શ ઉપસ્થિત કર્યો છે, જે આપ કરી શકતા નથી. તેના આત્મસમર્પણના સિદ્ધાંતને આપ નહિ સ્વીકારો ? તે પોતાનાં ભાઈ-બહેન, મા-બાપને છોડીને આપના ઘેર આવી. તેણે પોતાની યુવાની, પોતાનું સ્વાસ્થ્ય, પોતાનો પુરુષાર્થ, આભૂષણો, પૈસા બધું જ આપને અર્પિત કરી દીધું હતું. જયારે આપના પર દેવું થઈ ગયું હતું ત્યારે તેણે પોતાનાં આભૂષણો આપના હાથમાં મૂકી દીધાં હતાં.

મિત્રો ! આપની ખુશાલી માટે આપની પત્નીએ શું શું નથી કર્યું ? તેને આપ સમજતા નથી. ચોકીદારની જેમ અને નોકરની જેમ કામ કર્યું. જયારે આપને બાળકોની જરૂર હતી ત્યારે પોતાના રક્ત અને માંસમાંથી તેણે બાળકના રૂપમાં આપની સમક્ષ મૂક્યું. તે અઢાર કલાક કામ કરતી રહે છે. એ ગરીબના ત્યાગનું આપે મૂલ્યાંકન કર્યું? તે ફક્ત છ કલાકનો સમય સૂવા માટે લે છે, બાકીના અઢાર કલાક આપના માટે ખપતી રહે છે. સૂકી રોટલી અને ફાટેલાં કપડાં ઉપર તે નોકરની જેમ આપના માટે કામો કરતી રહી. તેણે આપની પાસે ક્યારેય પગાર માગ્યો નથી. કોઈ બોનસ માગ્યું નથી. ગ્રેચ્યુઈટી માગી નથી શું આપે ક્યારેય તેનું મૂલ્યાંકન કર્યું ? બદમાશો આપે તે દેવીનું રૂપ જોયું નથી, પછી આપ કેવું અધ્યાત્મ ઈચ્છો છો ?

મિત્રો ! જેણે પોતાના કાળજાનું લોહી સફેદ દૂધમાં પરિવર્તિત કરીને પીવડાવ્યું તે આપને શીખવાડનાર માસ્તરના રૂપમાં શું નથી મળી ? પોતે ભીનામાં સૂતી રહી અને એ રીતે આપનું નિર્માણ કરી દીધું. હજી આપ અધ્યાત્મને સમજયા નથી. આપ ગુફામાં જશો? જંગલમાં જશો? આશ્રમમાં જશો? અમે કહીએ છીએ કે જયાં આપની મા રહે છે, બાપ રહે છે, પત્ની, બાળકો, અને ભાઈબહેન રહે છે એથી મોટો આશ્રમ ક્યાં છે. અમે સંયમ શીખવાડવા માટે આપને ક્યાં લઈ જઈશું. આપ આ સંયમ પોતાની બહેન અને દીકરી પાસેથી શીખો ને. તેઓ આપને શીખવાડે છે કે આપની આંખોમાં શેતાની આવવી ન જોઈએ. એનું વ્યાવહારિક શિક્ષણ અધ્યાત્મ આપવા માટે આપની બહેન, દીકરી એક ઉત્તમ અધ્યાપિકા હોઈ શકે છે. આપને સંયમ શીખવાડવા માટે એથી મોટી અધ્યાપિકા અમે ક્યાંથી લાવીશું. આપે આ અધ્યાત્મ શીખવા-સમજવા માટે ક્યારેય પ્રયાસ કર્યો નથી, પછી કયો મહાત્મા, સંત અને યોગી આપના માટે લાવું. આપની માતા, બાપ, પત્ની, દીકરા-દીકરીઓ, બહેન, ભાઈ જુદી જુદી રીતે શીખ આપતા રહે છે, જે આપને વ્યાવહારિક અધ્યાત્મ બતાવે છે. આનાથી મોટું પ્રશિક્ષણ અમે આપની પાસે ક્યાંથી લઈ આવીએ ? આપના માટે આ લેબોરેટરી અધ્યાત્મનું સંપૂર્ણ પ્રશિક્ષણ આપવામાં સક્ષમ છે. આપે તેને સમજવું જોઈએ.

ગુરુજી ! આપ પરિવારથી જુદા થઈ શકો છો ?



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બેટા ! અમે પરિવારથી ક્યારેય જુદા થયા નથી. એ પરિવાર જેને આપ વંશ કહો છો તેની સાથે અમને અમારો એટલો સંબંધ નથી જેટલો આ 'ગાયત્રી પરિવાર', 'પ્રજ્ઞા પરિવાર', 'યુગ નિર્માણ પરિવાર' સાથે છે. અમે આપના પરિવારને વધારવા માટે કહીએ છીએ, વંશ વધારવા માટે કહેતા નથી. આપે આ વંશને ખૂબ વધારવો જોઈએ નહિ. આપના નાના ભાઈઓ છે, ભત્રીજાઓ છે, તેમને યોગ્ય બનાવી દો. આપ આ કેમ કરતા નથી ? આપને સંતાન નથી તો શું થયું, ભાઈનાં તો છે. આપ તેમનું પાલન કેમ કરતા નથી ? આપનો વંશ ડૂબે છે તો ભલે ડૂબે, આવા વંશથી શું ફાયદો ? પોતાની પત્નીના પેટમાંથી નીકળેલ બાળકને જ પોતાનું બાળક સમજે છે તથા બાકીનાં બાળકોને બકરીનાં બચ્ચાં સમજે છે. એવા સ્વાર્થી માણસને હું બેહૂદો, બદમાશ અને નાલાયક કહું છું.

આજે જનસંખ્યા વધતી જાય છે. લોકો માખી, મચ્છરો, અને સુવરોની જેમ વંશ વધારતા જાય છે. એમને માટે અન્ન, વસ્ત્ર અને રહેઠાણની સમસ્યા વધી રહી છે. આવા લોકોને એ વાતની પણ ખબર નથી કે બાળકો રમશે ક્યાં ? આપ તો ફક્ત વંશની પાછળ પડી ગયા છો. આપ એ સમજવા માગતા નથી કે આપનાં બાળકો જ ફક્ત આપનાં બાળકો નથી, પરંતુ બહેનનાં બાળકો અને ભાઈનાં બાળકો પણ આપનાં બાળકો છે. તેમનું પાલનપોષણ કરો. આપ એકલા તો રહી શકતા નથી. ક્યાંક ને ક્યાંક તો રહેશો જ, પછી તે કેદખાનું જ કેમ ન હોય, આપ ઘર વસાવીને રહેશો. આપને અહીં આવવું હોય તો આપની જવાબદારીઓ પૂરી કરીને આવો. અમારા કૌટુંબિકતાના સિદ્ધાંતો જુદા છે. અમે હળીમળીને ખાઈએ છીએ, મળીને રહીએ છીએ અને સાથે મળીને ભોજન કરીએ છીએ. આ છે અમારો કૌટુંબિકતાનો સિદ્ધાંત. આ કૌટુંબિકતા જ અમારા પરિવારની સમસ્યા, કુટુંબની સમસ્યા, સમાજની સમસ્યા અને રાષ્ટ્રની સમસ્યા હલ કરે છે.

## સાચા અર્થોમાં કુટુંબ

સાથીઓ ! આપનું કુટુંબ ક્યાં છે ? કેટલું મોટું છે ? ગુરુજી ! અમારું કુટુંબ બહુ વિશાળ છે. અમારા પરિવારમાં ઘણા સભ્યો છે. બેટા ! એને ઘર નહીં, કેદખાનું કહો. એને ઘેટાઓનો વાડો કહો. એક જ દરમાંથી કેટલા ઉંદરો નીકળે છે ? આપે ઘેટાંનું ટોળું જોયું હશે, એક જ જગ્યામાંથી કેટલાં ઘેટાં નીકળે છે. આપે કેદખાનું જોયું છે ? આપે ભઠિયારોની સરાય જોઈ છે ? આપે કુટુંબની ખુશી માણી છે ? આપે તો ભઠિયારોની ખુશી માણી છે. તેમની પાસે મુસાફરો છે. તેઓ એમને ભોજન બનાવીને ખવડાવે છે. ખાટલો બિછાવીને સૂવાની વ્યવસ્થા કરી આપે છે. આપનું કુટુંબ પણ આવું જ એક ભઠિયારખાનું છે. આપ ધર્મશાળામાં રહો છો, ભઠિયારખાનામાં રહો છો, જ્યાં નથી ત્યાગ કે નથી સેવા, ફક્ત એક જ વસ્તુ છે છેતરપિંડી. આજે પત્ની પતિની નથી,પતિ પત્નીનો નથી, ભાઈ ભાઈનો નથી, ફક્ત શતરંજની વિસાત સર્વત્ર બિછાવેલી છે. કોણ કોને માત કરશે કહી શકાતું નથી. ઘોડો હાથીને માત કરશે, ઊંટ ઘોડાને માત કરશે કે પ્યાદો બાદશાહને માત કરશે. બધી જગ્યાએ શતરંજની ચાલ બિછાવેલી છે. શું કુટુંબ આવું હોય છે ? આવા કુટુંબને ધિક્કાર છે, જે કોઈને જોવા જ માગતું નથી, જ્યાં કેવળ પોતાનો જ સ્વાર્થ બધાને દેખાય છે.

કુટુંબ કેવાં હોય છે ? એ જ બતાવવા માટે અમે આપને બોલાવ્યા છે. અમે ઈચ્છીએ છીએ કે સંપૂર્ણ સમાજ બને તો એ કુટુંબના આધારે બને, પારિવારિકતાના આધારે બને. કોઈ પણ કાયદો બને, નીતિ બને કે મર્યાદા બને, પછી તે સામાજિક હોય કે રાજનૈતિક, તેનો આધાર આ પારિવારિકતા જ હોય. જો આધ્યાત્મિક, નૈતિક અને સામાજિક કાયદો બને તો તે પણ આ જ આધાર પર બને. પ્રાચીનકાળમાં આ આધારે જ સમાજ બનાવવામાં આવતો હતો. આ આધારે જ અમે આ પારિવારિક સત્રનું આયોજન કર્યું છે. તે અમને પ્રાણથી પણ પ્યારું છે. આપને વ્યક્તિગત સ્વાર્થ પ્યારો છે ને. ચાલો આપ એ દ્વારા જ પોતાનું શારીરિક સ્વાસ્થ્ય મજબૂત બનાવવા


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માગો છો ને ? આપ મનમાં શાંતિ ઈચ્છો છો ને ? આપની સાથે જેઓ રહે છે તેમની સાથે આત્મીયતા અને પ્રેમ ઈચ્છો છો ને ? આપ જે પૈસા કમાઓ છો તેમાં કરકસર કરીને બચત કરવા માગો છો ને ? તો અમે આપને એક વાત કહેવા માગીએ છીએ કે કુટુંબને જુદી રીતે જુઓ. તેના પર નવેસરથી ધ્યાન આપવાનું અને વિચારવાનું શરૂ કરી દો.

મિત્રો ! આપના ખ્યાલમાં કુટુંબનો અર્થ આપના ખાનદાનવાળાઓ સાથે છે. તેમને વધુ ને વધુ ખુશ કેવી રીતે રાખી શકાય ? ઉત્કૃષ્ટ કેવી રીતે બનાવી શકાય ? આજે આપ જયારે મહિને બારસો રૂપિયા કમાઓ છો તો પોતાની દીકરીને ખુશ રાખવા માટે એવાં વસ્ત્રો બનાવવા માગો છો, તેની એવી કટિંગ કરવા માગો છો કે જયારે તે સ્કૂલમાં કે કોલેજમાં જાય ત્યારે ત્યાં બધી છોકરીઓ તેને જુએ અને છોકરાઓ પણ તેને જુએ. લોકો એમ કહે છે કે સાહેબની દીકરી આવી છે. અત્યારે આપ નાની સરખી ખુશી માટે છોકરાઓ અને છોકરીઓને જે છૂટ આપી રહ્યા છો, તેની સજાવટ માટે, પ્રસન્નતા માટે આપ જે કરી રહ્યા છો તે એક દિવસ આપના માટે મુસીબત થઈને આવશે. આપ તબાહ થઈ જશો. એવી ખુશાલી આપને કયાંયના નહિ રાખે. આપની દીકરી મરશે અને તેને ગુંડાઓ છેડશે. તે વારંવાર અરીસામાં જુએ છે ,કાજળ લગાડે છે, તો જોઈ લેજો જયારે તે સાસરિયે જશે અને તેનાં લગ્ન થશે ત્યારે તેના પર કેવી આફત આવશે.

ફેશનબાજીને પ્રોત્સાહન આપીને શું આપ દીકરીને મારી નાખવા માગો છો ? તેના માટે ડ્રેસ બનાવીને અને ફેશન વધારીને શું કરશો ? તેને હિપ્પી બનાવશો, સિનેમાની હિરોઈન બનાવશો, શું કરશો આપ તેનું ? અક્કલ વિનાના બેહૂદાપણાથી આપ પોતાના કુટુંબને કૂવામાં ધકેલી રહ્યા છો. આપ કહો છો કે સમાજમાં મારા દીકરા-દીકરીની ઈજ્જત થાય છે. આપ આ ભઠિયારખાનાને સમાજ કહો છો. ઘેટાંઓને આપ સમાજ કહો છો. આપ સમજતા નથી કે આજનું કુટુંબ કેવું નાલાયક બની ગયું છે. જયાં સુધી આપ કમાતા રહેશો,વ્યાપાર કરશો ત્યાં સુધી આપના કુટુંબના લોકો આપની વાતો સહન કરતા રહેશે, પરંતુ જેવા આપ નોકરી છોડશો, રિટાયર્ડ થશો કે ઘરમાં અને કુટુંબમાં આપની કોઈ ઈજ્જત નહિ થાય. આપને કોઈ એક ગ્લાસ પાણી આપનાર નહિ રહે, કારણ કે આપે તેને સંસ્કારવાન બનાવ્યું નથી. સાદાઈનું જીવન શીખવાડ્યું નથી. પ્રેમ અને ત્યાગ બતાવ્યો નથી. આપે મૂક દર્શક બનીને પોતાનું તથા પરિવારનું કચૂંબર કાઢી નાખ્યું છે.

મિત્રો ! આવી સ્થિતિમાં આપ કમજોર થઈ જશો, આપ જયારે અવકાશ પ્રાપ્ત કરી લેશો ત્યારે આપની દુકાન પણ નથી, કેમ કે તે તો દીકરાની છે. આપે તેને સોંપી દીધી છે. તે વખતે આપ જોઈ લેશો કે આપના એ કુસંસ્કારી છોકરાઓ આપની સાથે કેવો વ્યવહાર કરશે. તેમની ખરાબ ટેવો અને વ્યવહાર આપને જલદી મોતની નીંદરમાં સુવડાવી દેશે. આપે તો એમને કશું શીખવાડ્યું જ નહીં, સંસ્કાર આપવાથી બચતા રહ્યા છો. સંસ્કારના નામે આપે ફકત આપનાં બાળકો, દીકરી અને પત્નીની વાતો માની. તેમના પર દબાણ કર્યું નહીં, ત્યાગ શીખવાડયો નહીં. હવે કેમ રડો છો ? કેમ પરેશાન થાવ છો ? મિત્રો ! યાદ રાખો, આપ જયારે કમજોર થઈ જશો ત્યારે આપની આવી જ હાલત થશે. આપે જે કુટુંબ માટે ઈમાનદારી કે બેઈમાની કરીને તેને આટલું વધાર્યું છે, જેને માટે આપે યોગ્ય કે અયોગ્ય રીતે વિકાસ કરવાનો પ્રયાસ કર્યો છે તે આપ કમજોર થશો ત્યારે શું કરશે તે જોજો. આપે આવતીકાલ જોઈ છે ? આપે સમયને જોયો છે? આપ ફકત પોતાની પત્ની અને બાળકોને જોતા રહ્યા અને એમણે હવે આપના શા હાલ કરી નાખ્યા છે ? આપે એમને કુસંસ્કારી બનાવ્યા છે તો જુઓ તેઓ પોતે જ દુ:ખી થશે, આપને દુ:ખી કરશે તથા પોતાનાં પરિવારજનોને અને પત્ની-બાળકોને દુ:ખી કરશે. (ઉત્તરાર્ધ આવતા અંકે)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

યજ્ઞ વિજ્ઞાન

# હર શ્વાસમાં સંપાદિત દિવ્ય કર્મ જ યજ્ઞ છે

ગત અંકમાં દિવ્યકર્મી સાધકોની ચર્ચાને વિશેષ રૂપે આ અધ્યાયના ચોવીસમા શ્લોકની વિસ્તૃત વ્યાખ્યાની સાથે પ્રસ્તુત કરવામાં આવેલ. કર્મોને યજ્ઞમય કેવી રીતે બનાવી શકાય, તેની વ્યાખ્યા, આ શ્લોકમાં-જે શ્રીમદ્ભગવત્ગીતાનો એક સુપ્રસિદ્ધ શ્લોક છે તથા પ્રત્યેક ભારતીય ઘરમાં દરરોજ ભોજન પહેલાં પ્રભુસ્મરણ રૂપે ઉચ્ચારવામાં આવે છે. બ્રહ્માર્પણ-બ્રહ્મકર્મના માધ્યમથી કરવામાં આવેલ છે. ફરીથી તે શ્લોકને ઉદ્ધૃત કરીને પાઠકોને યાદ અપાવીએ છીએ -

બ્રહ્માર્પણં બ્રહ્મ હવિર્બ્રહ્માગ્નૌ બ્રહ્મણા હુતમ્ ।

બ્રહ્મૈવ તેન ગંતવ્યં બ્રહ્મકર્મસમાધિના ॥

''બ્રહ્મરૂપી અગ્નિમાં બ્રહ્મરૂપી કર્મ દ્વારા આહુતિ આપનારી ક્રિયા પણ બ્રહ્મ જ છે, કેમકે તેમાં અર્પણ અર્થાત્ સ્રુવા આદિ પણ બ્રહ્મ છે અને હવન કરવાનાં દ્રવ્યો પણ બ્રહ્મ જ છે. આ રીતે કર્મમાં બ્રહ્મદર્શન કરવાથી બ્રહ્મની જ પ્રાપ્તિ થાય છે.''

મૂળ વાત છે કર્મમાં બ્રહ્મનું દર્શન કરવાથી બ્રહ્મની જ પ્રાપ્તિ. કર્મયોગની સિદ્ધિ 'દ્વૈત'નો ભાવ મિટાવી દેવાથી જ થાય છે. તત્ત્વદષ્ટિ એવી વિકસિત કરવી જોઈએ કે બધું જ બ્રહ્મકર્મ જ છે. રામકૃષ્ણ લીલા પ્રસંગના માધ્યમ દ્વારા સ્વામી શારદાનંદજીના, વિજ્ઞાનાનંદજીના પ્રસંગો પણ આજ સંદર્ભમાં ઉદ્ધૃત કરવામાં આવ્યા હતા. ત્રણ પ્રકારની સમાધિઓની સાથે બ્રહ્મકર્મ સમાધિની ચર્ચા પણ વિસ્તારપૂર્વક કરવામાં આવી હતી. હરક્ષણ - જે આપણા કર્મની હોય - ભક્તિમય હો, પરમાત્મામય હો, યજ્ઞભાવે હો. હકીકતમાં દિવ્યકર્મીને બંધનમુક્તિ બ્રહ્મથી યુક્ત થઈને જ પ્રાપ્ત થઈ શકે છે. પરમપૂજ્ય ગુરુદેવની 'અખંડ જ્યોતિ'ના બે સંદર્ભોના માધ્યમથી આ જ ભાવનું સમર્થન કરવામાં આવ્યું હતું. હવે પછીની આગળની ચર્ચા આ અંકમાં -

## યજ્ઞાગ્નિ બ્રહ્માગ્નિ

ભગવાન શ્રીકૃષ્ણ યજ્ઞના અગ્નિને ભૌતિક અગ્નિ નથી માનતા, પરંતુ તે બ્રહ્માગ્નિ છે. બ્રહ્મ તરફ જનારી ઊર્જા છે. યજ્ઞપુરોહિત રૂપે અંતરમાં વિરાજમાન તે દિવ્ય શક્તિ છે, જેમાં આહુતિ આપવામાં આવે છે. જે પ્રકારે વેદોની ભાષા રૂપકોની ભાષા છે, તે જ રીતે ગીતારૂપી ઉપનિષદામૃતની ભાષા પણ આ જ પ્રકારની છે.

ભગવાનના શબ્દોમાં અગ્નિ આત્મસંયમરૂપે પણ હોઈ શકે છે અથવા આત્માર્પણરૂપી યજ્ઞની અગ્નિશિખા પણ. યજ્ઞનું આ વિસ્તૃત વિવરણ જ યજ્ઞની એક એવી વિશાળ અને વ્યાપક વ્યાખ્યા સુધી આપણને દોરી જાય છે, જેમાં સ્પષ્ટ રીતે એ ઘોષણા કરવામાં આવી છે કે યજ્ઞની ક્રિયા, યજ્ઞનો અગ્નિ, યજ્ઞનો હવિ, યજ્ઞનો હોતા, યજ્ઞનો ભોક્તા, યજ્ઞનું ધ્યેય, યજ્ઞનો ઉદ્દેશ બધું જ તે - બ્રહ્મ જ છે. (ચોવીસમા શ્લોકનો ભાવાર્થ)

આ શ્લોકના માધ્યમથી આપણને જે જ્ઞાન મળે છે તેનાથી યુક્ત થતાં મુક્ત પુરુષ આ કર્મ કરી શકે છે.

સોડહં, સર્વ ખલ્વિદં બ્રહ્મ, સચિદાનંદોડહમ, બ્રહ્મ એવ પુરુષઃ । જેવાં વેદાંતનાં મહાવાક્યો દ્વારા આ જ જ્ઞાનની ઘોષણા ઋષિવર્યો કરતા રહ્યા છે. આ જ્ઞાન સમગ્ર એકત્વનું જ્ઞાન છે. જે વિશ્વશક્તિમાં પોતાના કર્મની આહુતિ આપવામાં આવે છે તે સ્વયં ભગવાન છે, આહુતિની ઉત્સર્ગ કરાયેલી શક્તિ પણ ભગવાન છે, જે વસ્તુની આહુતિ આપવામાં આવે છે તે પણ ભગવાનનું જ કોઈ રૂપ છે. હોતા પણ વાસ્તવમાં મનુષ્યની અંદરનો સ્વયં ભગવાન જ છે. ક્રિયા, કર્મ, યજ્ઞ બધી ગતિશીલ ભગવત્ સત્તા છે. જે સાધકને, લોકસેવકને એ જ્ઞાન હોય છે તેને માટે કર્મ કદી બંધનનું કારણ નથી બની શકતાં. તેનું કોઈ પણ કર્મ પોતાના વ્યક્તિગત અહંયુક્ત નથી હોઈ શકતું.

પરમસત્તા દ્વારા સંચાલિત આ જગતમાં કર્મ કરવાનું લક્ષ્ય જીવના લક્ષ્ય જેવું હોવું જોઈએ. ભગવાન સાથે એકાકાર થઈને, ભગવાનની સ્થિતિ અને ચેતનાના જ્ઞાનને પ્રાપ્ત કરવું, પોતાનો તેના પર અધિકાર સ્થાપિત કરવો. જે આ તત્વજ્ઞાનને જાણી લે છે, આ જ ચૈતન્ય ભાવમાં સદાય વિરાજમાન હોય છે, તે મુક્ત



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બની જાય છે, પરંતુ ભગવાન કહે છે કે સંભવ છે કે બધા યોગીઓ આ જ્ઞાન સુધી પહોંચી ન શકે. તેથી તે આગળના (૨૫મા શ્લોક) શ્લોકમાં કહે છે

દૈવમેવાપરે યજ્ઞં યોગિનઃ પર્યુપાસતે ।
બ્રહ્માગ્નાવપરે યજ્ઞં યજ્ઞેનૈવોપજુહ્વતિ ॥

"અન્ય યોગીજન દેવતાઓના પૂજનરૂપ યજ્ઞનું જ અનુષ્ઠાન કર્યા કરે છે અને બીજા અન્ય યોગીજનો પરબ્રહ્મ પરમાત્મારૂપી અગ્નિમાં અભેદ દર્શનરૂપ યજ્ઞ દ્વારા જ આત્મરૂપ યજ્ઞની હવનક્રિયા કર્યા કરે છે."

**બાર ભિન્ન પ્રકારના યજ્ઞો**

અહીં જે આત્મરૂપ યજ્ઞની વાત કહેવામાં આવી છે, તેની પાછળ ગીતાકારનો આશય છે - "પરમાત્મામાં જ્ઞાન દ્વારા એકત્વ ભાવે સ્થિત બનીને બ્રહ્મરૂપ અગ્નિમાં યજન કરવું" આ શ્લોકમાં ભગવાન એમ કહે છે કે ઈન્દ્રાદિ દેવતાઓને ઉદ્દેશ વિશેષની સાથે અનુષ્ઠિત કરીને દેવયજ્ઞ કરવામાં આવે છે. બ્રહ્માગ્નિમાં જીવાત્માની આહુતિ દેવાની ક્રિયાને જ્ઞાનયજ્ઞ કહે છે. બ્રહ્મરૂપી અગ્નિમાં જીવાત્માની આહુતિ આપીને જીવાત્મા અને પરમાત્માના એકત્વની ભાવનાથી હોમ સંપાદિત કરવો શ્રેષ્ઠતમ યજ્ઞ પ્રક્રિયા છે. યજ્ઞ શબ્દને ગીતાકારે પરંપરાગત રૂઢ અર્થોમાંથી મુક્ત કરીને વિસ્તૃત વિશાળ અર્થમાં પ્રયોજ્યો છે. આજ તથ્યને આપણે ૨૬ થી ૩૧મા શ્લોક સુધી જોઈએ છીએ. ભગવાન અહીં બાર વિભિન્ન પ્રકારના યજ્ઞોનું વર્ણન કરે છે અને તેનો મર્મ સમજાવે છે.

શ્રોત્રાદીનીન્દ્રિયાણ્યન્યે સંયમાગ્નિષુ જુહ્વતિ ।
શબ્દાદીન્વિષયાનન્ય ઈન્દ્રિયાગ્નિષુ જુહ્વતિ ॥

અન્ય યોગીજનો શ્રોત્ર (કાન) આદિ સમસ્ત ઈન્દ્રિયોને સંયમરૂપી અગ્નિમાં હવન કર્યા કરે છે, અને બીજા યોગીજનો શબ્દાદિ સમસ્ત વિષયોને ઈન્દ્રિયરૂપી અગ્નિમાં હવન કરે છે.

સર્વાણીન્દ્રિયકર્માણિ પ્રાણકર્માણિ ચાપરે ।
આત્મસંયમયોગાગ્નૌ જુહ્વતિ જ્ઞાનદીપિતે ॥

"અન્ય યોગીજન ઈન્દ્રિયોની સંપૂર્ણ ક્રિયાઓ અને પ્રાણોની સમસ્ત ક્રિયાઓને જ્ઞાન વડે પ્રકાશિત, આત્મસંયમરૂપ અગ્નિમાં હોમી દે છે. અર્થાત્ સચ્ચિદાનંદઘન પરમાત્મા સિવાય અન્ય કોઈનું પણ ચિંતન ન કરવું એ જ આ બધી ક્રિયાઓનો હવન કરવા બરાબર છે."

દ્રવ્યયજ્ઞાસ્તપોયજ્ઞા યોગયજ્ઞાસ્તથાપરે ।
સ્વાધ્યાયજ્ઞાનયજ્ઞાશ્ચ યતયઃ સંશિતવ્રતાઃ ॥

"કેટલાક પુરુષો દ્રવ્ય સંબંધી યજ્ઞ કરનારાઓ છે, કેટલાય તપસ્યારૂપ યજ્ઞ કરનાર છે તથા બીજા કેટલાય યોગરૂપ યજ્ઞ કરનાર છે, કેટલાય અહિંસા વગેરે તીક્ષ્ણ વ્રતોથી યુક્ત સાધકો સ્વાધ્યાયરૂપી જ્ઞાનયજ્ઞ કરનારાઓ છે."

*જે સમાજમાં થોડાક લોકો સુખસગવડો ભોગવતા હોય અને બીજા બધાને અભાવગ્રસ્ત જીવન જીવવું પડે તે સમાજમાં પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેનાર અને બીજાની ઉપેક્ષા કરનાર પણ પરોક્ષ રીતે દંડને પાત્ર ગણાય છે.*

*ન્યુયોર્કના પ્રસિદ્ધ મેયર લો ગાર્ડિયા ન્યાયાધીશ પણ હતા. એમની કચેરીમાં એક એવા ગુનેગારને હાજર કરવામાં આવ્યો કે જેને રોટલી ચોરવાના ગુના માટે પકડવામાં આવ્યો હતો. પૂછતાં પેલા ગુનેગારે જણાવ્યું કે મારા પરિવારના ગુજરાન માટે બીજો કોઈ આરો ન દેખાતા મેં રોટલી ચોરવાનો ઉપાય અજમાવ્યો. કાયદા મુજબ ન્યાયાધીશે તેને દસ ડોલરનો દંડ કર્યો, પરંતુ એ રકમ વસુલ થવાની કોઈ આશા ન હતી. તેથી કચેરીમાં હાજર રહેલા લોકોને એમણે પચાસ-પચાસ સેન્ટનો દંડ એટલા માટે કર્યો કે પોતાના દેશમાં આટલી ગરીબી ફેલાયેલી હોવા છતાં તેઓ મોજશોખમાં રહેતા હતા. આ રીતે કુલ ૮ ડોલર ભેગા થયા. એમાં પોતાના તરફથી બે ડોલર ઉમેરીને લો ગાર્ડિયાએ ફેંસલામાં લખ્યું- "આટલી બધી ગરીબી અને બેકારી હોવાના કારણે આ નગરના મેયરને પણ દંડ થવો જોઈએ."*



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અપાને જુહૃતિ પ્રાણં પ્રાણેડપાનં તથાપરે ।
પ્રાણાપાનગતી રુદ્દ્વ્વા પ્રાણાયામપરાયણઃ ॥
અપરે નિયતાહારાઃ પ્રાણાન્પ્રાણેષુ જુહૃતિ ।
સર્વેડપ્યેતે યજ્ઞવિદો યજ્ઞક્ષપિતકલ્મષા ॥

બીજા કેટલાય યોગીજનો અપાનવાયુમાં પ્રાણવાયુનો હવન કરે છે, એ જ રીતે અન્ય યોગીજનો પ્રાણવાયુમાં અપાનવાયુ હોમી દે છે તથા અન્ય કેટલાય નિયમિત આહાર કરનાર પ્રાણાયામપરાયણ પુરુષો પ્રાણ અને અપાનની ગતિને રોકીને પ્રાણોને પ્રાણોમાં જ હવન કરી દે છે. આ બધા સાધક યજ્ઞો દ્વારા પાપોનો નાશ કરનાર અને યજ્ઞોનો મર્મ સમજનાર છે.

યજ્ઞશિષ્ટામૃતભુજો યાન્તિ બ્રહ્મ સનાતનમ્ ।
નાયં લોકોડસ્ત્યયજ્ઞસ્ય કુતોડન્યઃ કુરુસત્તમ ॥

''હે કુરુશ્રેષ્ઠ અર્જુન, યજ્ઞ વડે બચેલા અમૃતનો અનુભવ કરનાર યોગીજન સનાતન પરબ્રહ્મ પરમાત્માને પ્રાપ્ત થાય છે. યજ્ઞ ન કરનાર પુરુષ માટે તો આ મનુષ્યલોક પણ સુખદાયક નથી, તો પછી પરલોક તો કેવી રીતે સુખદાયક હોઈ શકે ?''

હવે ઉપર્યુક્ત છ શ્લોકો પર જરા દષ્ટિપાત કરીએ તેમાં ૨૬ થી ૩૦મા શ્લોક સુધી યજ્ઞના ૧૨ સ્વરૂપોનું વર્ણન છે, તો ગીતાકારે અંતિમ ૩૧મા શ્લોકમાં યજ્ઞનું માહાત્મ્ય દર્શાવેલ છે. તેના પછી પણ તેના માહાત્મ્યની ચર્ચા કરતાં જ્ઞાનયજ્ઞનો મહિમા અને જ્ઞાનને શા માટે અને કેવી રીતે એક દિવ્યકર્મી રૂપે ગ્રહણ કરવામાં આવે તે બાબતને આ અધ્યાયના અંત સુધી સમજાવતા અંતમાં અર્જુનની ઘણી બધી ભ્રમણા નિર્મૂળ કરવામાં સફળ બની રહે છે.

સાધક પોતાના જીવનને યજ્ઞમય બનાવે તેને માટે શ્રીકૃષ્ણ બાર વિભિન્ન પ્રકારના યજ્ઞોનું વર્ણન કરે છે. આ બધાનો સંબંધ વ્યક્તિની આંતરિક ક્રિયાઓ તથા બાહ્ય સંબંધો સાથે છે. તેનાથી મનુષ્ય માત્રનું સમગ્ર જીવન યજ્ઞમય બની રહે છે. અનંતરૂપે સર્વવ્યાપ્ત પ્રભુની નિરંતર પૂજામાં જીવન પરિવર્તિત થઈ જાય છે. યોગેશ્વર શ્રીકૃષ્ણ દ્વારા દર્શાવાયેલા બાર પ્રકારના યજ્ઞો આ પ્રમાણે છે. નીચે જણાવેલ યાદી પરથી આ બધું સમજાઈ જશે.

(૧) દેવતાઓનું પૂજન-અનુષ્ઠાન-દેવયજ્ઞ (૨) બ્રહ્મરૂપી અગ્નિમાં જીવાત્માની આહુતિ આપીને એકત્વ ભાવનાથી હોમ (૩) ઈન્દ્રિયોનો સંયમ - અગ્નિમાં હવન (૪) ઈન્દ્રિયાગ્નિમાં વિષયોનો હવન (૫) સમસ્ત ઈન્દ્રિયકર્મો - પ્રાણકર્મોના જ્ઞાનદીપ્ત આત્મસંયમયોગ રૂપી અગ્નિમાં હવન (૬) દ્રવ્યયજ્ઞ (૭) તપોયજ્ઞ (૮) યોગયજ્ઞ (૯) સ્વાધ્યાયયજ્ઞ (૧૦) અપાનમાં પ્રાણવાયુનો યજન (૧૧) પ્રાણવાયુમાં અપાનવાયુનો યજન (૧૨) પ્રાણોનું પ્રાણોમાં યજન.

### ઉદ્દેશ : અનંત સાથે તાદાત્મ્ય

ઉપર્યુક્ત બધાનો ઉદ્દેશ એક જ છે - સાધકની શુદ્ધિ. પરમ લક્ષ્યની પ્રાપ્તિ માટેની તૈયારી. આ યજ્ઞોનું સ્વરૂપ સામાન્ય પાઠકોને સમજવામાં થોડી મુશ્કેલી પડી શકે તેમ છે. પરંતુ તેને થોડું સરળ બનાવવામાં આવે તો યજ્ઞોનો ગૂઢ અર્થ સારી રીતે સમજાઈ જશે. ભગવાન અહીં યજ્ઞોનું રહસ્ય સમજાવતાં કહે છે કે તેના પ્રકારો કોઈ પણ હોય, આપણે ત્રણ લક્ષ્ય માનીને યજ્ઞ કરવા જોઈએ. પહેલું લક્ષ્ય ઊર્ધ્વગામિતા-આપણા વિચારો ઈશ્વરોન્મુખ હોય, બીજું કલ્મષોનું-પાપીપ્રવૃત્તિઓનું પરિશોધન, અનીતિ-અશુદ્ધિઓનું નિવારણ અને ત્રીજું અનંત પ્રત્યે તાદાત્મ્યભાવનો વિકાસ. આપણા વિચાર ને ચિંતન હંમેશાં વિધેયાત્મક, ઉત્કૃષ્ટતાવાદી હોવા જોઈએ. લોકહિત માટે જીવન જીવવા માટે જે મહત્ત્વની આવશ્યકતા છે - અંતરની પવિત્રતા, તેને પ્રાપ્ત કરવી અને અનંત પ્રત્યે એટલી સમીપતા વિકસિત કરી લેવી કે બન્નેમાં કોઈ અંતર ન રહે. એક પાશ્ચાત્ય લેખકે 'ઈન ટ્યુનીંગ વીથ ઈન્ફીનીટી' પુસ્તકમાં લખ્યું છે કે અનંતની સાથે એકાકાર બનવાનો હિન્દુઓનો જે શ્રેષ્ઠતમ અભિગમ છે યજ્ઞ -તેની સમકક્ષ કોઈપણ ધર્મ-સંપ્રદાયમાં કોઈ વિધિ-વિધાન નજરે પડતું નથી. વિદ્વાન લેખક જે સ્વયં ખ્રિસ્તી ધર્મ પ્રમાણે જીવન જીવતા હતા, તે નિત્ય યજ્ઞ કરતા હતા અને બધાને તેનું મહત્ત્વ સમજાવતા હતા. યજ્ઞ જયારે 'ઈદમ્ ન મમ' ભાવથી કરવામાં આવે છે તો આપણાં કર્મો આપણાં ન બનીને અનંતનાં, પ્રભુનાં બની જાય છે અને 'અકર્મ' બની જાય છે. યજ્ઞનો અર્થ માત્ર જ્યોત પ્રગટાવીને દ્રવ્યો આદિનો હવન નથી, પરંતુ યજ્ઞ એક વિશાળ અર્થમાં જીવનયજ્ઞ છે. જે કાંઈ મારાં કર્મો છે તે મારા તુચ્છ અહંભાવને માટે નહિ, અનંત સાથે તાદાત્મ્ય સ્થાપવા માટેનાં હો.

ભગવાન બાર પ્રકારના યજ્ઞોની ચર્ચા કરીને


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

માનવમાત્રની વિવિધ પ્રકૃતિ માટે જાતજાતની લક્ષ્ય સત્તા સુધી પહોંચવાની વિધિઓ બતાવે છે. તેઓ કહે છે કે કેટલાક યોગીઓ દેવતાઓની પ્રીતિ માટે યજ્ઞ કરે છે. દેવયજ્ઞ અર્થાત્ દેવશક્તિઓરૂપી ટ્રાન્સફોર્મરના માધ્યમથી પરમાત્મારૂપી પાવર હાઉસ સુધી પહોંચવાની યજ્ઞક્રિયા. દેવશક્તિઓને તૃપ્ત કરીને પરમાત્મચેતના સાથે સંબંધ પ્રસ્થાપિત કરવો. દેવયજ્ઞ કરનાર ભગવાનની પરિકલ્પના, તેમનાં વિવિધ રૂપો અને શક્તિઓમાં કરે છે. તેઓ આગળ કહે છે કે કોઈક આત્મનિયંત્રણ અને આત્મસંયમરૂપી આંતરિક યજ્ઞ કરે છે. જેનાથી એકત્વભાવની પ્રાપ્તિ થાય, ઉચ્ચતર આત્મજ્ઞાનની પ્રાપ્તિ થાય (૧,૨) કેટલાક યોગીઓ ઈન્દ્રિયોના વિષયોને ગ્રહણ તો કરે છે, પરંતુ તે ઈન્દ્રિય વ્યાપારથી મનને ક્ષોભ નથી પામવા દેતા, મન પર તેની કોઈ અસર પડવા નથી દેતા, તેઓ ઈન્દ્રિયોને જ વિશુદ્ધ યજ્ઞાગ્નિ( યજ્ઞનો અગ્નિ) બનાવી દે છે. (૩,૪,૫) આ એક સાધના છે, જેમાં ઈન્દ્રિયોને એટલી સ્તબ્ધ બનાવી દેવામાં આવે છે કે અંતરાત્મા પોતાના વિશુદ્ધ શાંત રૂપમાં મનની બહાર નીકળીને આપોઆપ પ્રગટ થઈ જાય છે.

સિદ્ધિનો સાધક યોગી પોતાની આહુતિ દ્રવ્ય રૂપે પણ આપી શકે છે. દ્રવ્યયજ્ઞ અર્થાત ચેરીટી દાનને નિમિત્તે પરમાર્થ ભાવથી કરવામાં આવતા કાર્યો. ધર્મશાળા બનાવવી, ગૌશાળા ઊભી કરવી, નેત્રદાન યજ્ઞ, પીડા-દર્દ નિવારણનાં બધાં કાર્ય, અવિદ્યા-નિરક્ષરતા દૂર કરવા માટે, પતન અટકાવવા માટે પરમાર્થભાવથી સંપન્ન કરવામાં આવેલાં કાર્યો દ્રવ્યયજ્ઞમાં આવે છે. કોઈ આ શબ્દથી ભ્રમમાં ન પડે કે ફલાણું દ્રવ્ય નાંખવું, તેનાથી આહુતિ આપવી તે દ્રવ્યયજ્ઞ કહેવાય છે (૬) આ યજ્ઞ ભગવાન અનુસાર તપોયજ્ઞ પણ હોઈ શકે છે. અર્થાત્ આત્મસંયમનું તે તપ જે કોઈ મહાન ઉદ્દેશ માટે કરવામાં આવે. સંયમ સાધીને ચેતનાનું પરિશોધન કરી પરમાત્માની વિરાટ ચેતનાને પોતાના વ્યક્તિત્વના માધ્યમ દ્વારા પ્રવાહિત થવા દેવું તે તપોયજ્ઞ કહેવાય છે (૭) આ ઉપરાંત તે યોગયજ્ઞ પણ હોઈ શકે છે. યોગ અને તપ વચ્ચેનું અંતર ભગવાને છઠ્ઠા અધ્યાયના અંતિમ શ્લોકમાં તપસ્વિભ્યોડધિકો યોગી... નામે શ્લોકમાં સૂક્ષ્મતમ રીતે સમજાવ્યું છે. તેનો અર્થ છે - યોગાગ્નિમાં કર્મસંસ્કારોનું દહન. શ્રેષ્ઠ યોગી સાધક કેવળ પોતાનાં કર્મોને જ નહિ પરંતુ પોતે પણ યોગાગ્નિમાં ભસ્મ થઈને બ્રહ્મલોકને પ્રાપ્ત કરે છે. શબરીએ ભગવાન રામના મિલન અને જ્ઞાનની પ્રાપ્તિ બાદ પોતાની જાતને યોગાગ્નિથી યુક્ત કરીને પરમચેતના સાથે તાદાત્મ્ય સાધી લીધું હતું. સતીનું યોગાગ્નિમાં ભસ્મીભૂત બનવાનું તો સુવિદિત જ છે. શરીરથી મોટી વાત છે જીવિત રહીને પોતાની કર્મવાસનાઓ, સંસ્કારોને યોગી બનીને ભસ્મીભૂત કરી દેવી. યોગનું પહેલું કામ છે - વ્યક્તિને અંતરમુખી બનાવી દેવી તે. ઈન્દ્રિયોને મન તરફ વાળવી. સંયમના અગ્નિમાં હવન કરવો. દમન એટલે સંયમ નહિ.

***પ્રસિદ્ધ કવિ ઈકબાલને અરબી, ફારસીના વિદ્વાન બનાવવાનું શ્રેય તેમના ગુરુ મૌલવી મીર હસનને ફાળે હતું. ઈકબાલમાં શાયરી પ્રત્યે અભિરુચિ જાગૃત કરનાર પણ આ જ મૌલવી સાહેબ હતા. તેથી પોતાના ગુરુ પ્રત્યે ઈકબાલ જીવનભર શ્રદ્ધા વ્યક્ત કરતા રહ્યા.***

***એક વાર અંગ્રેજ સરકારે પ્રસન્ન થઈને ઈકબાલને 'સર'ના ખિતાબ વડે સન્માનિત કર્યા. ઈકબાલે તે ખિતાબ લેવાનો ઈન્કાર કરતાં કહ્યું, 'જ્યાં સુધી મારા ગુરુનું સન્માન કરવામાં ન આવે, ત્યાં સુધી હું કોઈ પણ ખિતાબ ગ્રહણ કરવા માટે અધિકારી નથી, કેમકે મને આજની સ્થિતિએ પહોંચાડનાર તો મારા ગુરુ જ છે.'***

***ઈકબાલની શરત મંજૂર કરવામાં આવી. પહેલાં તેમના ઉસ્તાદ મીર હસનને 'શમ્સ ઉલ ઉલેમા'નો ખિતાબ આપવામાં આવ્યો અને પછીથી ઈકબાલે ખિતાબ ગ્રહણ કર્યો.***

***આજે જ્યારે શિષ્યો દ્વારા ગુરુઓને ઘેરાવ કરવામાં આવી રહ્યો હોય અને તેમની વાતને મજાક ગણવામાં આવતી હોય, તે સમયે આ ઘટના પ્રકાશના એક કિરણની જેમ, બન્નેને પોતાના સંબંધો સુધારવા માટે પ્રેરણા પ્રદાન કરે છે.***


**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

સંયમનો અર્થ છે - પૂરા સાનભાન સાથે કરવામાં આવેલા કર્મો. પૂર્ણ સભાન રીતે મનને ચંચળતા તરફ જતું રોકી અંદરની બાજુ વાળવું. (૮) ભગવાન આગળ જતાં સ્વાધ્યાયની-સ્વના પ્રશિક્ષણ અને અધ્યયનની પ્રક્રિયાને પણ યજ્ઞ ગણાવે છે. (૯) અંતમાં તે કહે છે કે આ રાજયોગી અને હઠયોગી ગણો દ્વારા કરવામાં આવતા પ્રાણાયામ જેવા યોગ પણ હોઈ શકે છે. (૧૦,૧૧,૧૨)

### યજ્ઞનો મર્મ સમજીએ - પરમ રહસ્ય

હવે ઉપર્યુક્ત યજ્ઞોના વિસ્તારને સમજીને યોગેશ્વરના મૂળ શિક્ષણને સમજવામાં આવે. ભગવાન કહે છે કે વિષયોનો હવન ઈન્દ્રિયોમાં કરો, ઈન્દ્રિયોનો મનમાં તથા મનનો ચિત્તમાં. ચિત્તનો હવન અહમમાં કરો તથા અહંનો હવન આત્મામાં કરો. શુદ્ધ નિરંજન, શુદ્ધ બુદ્ધિ આત્મામાં આ પ્રકારે હવન થતાં જ અશુદ્ધિઓ બળવા લાગે છે, ઊર્ધ્વગમન થવા લાગે છે તથા અનંત સાથેના તાદાત્મ્યની પરિસ્થિતિ સર્જાય છે. ભગવાન કહે છે (૩૦મા શ્લોકમાં) કે આ રીતે યજ્ઞનો મર્મ સમજી લેનાર બધા સાધકો યજ્ઞો દ્વારા પાપનો નાશ કરનાર અને યજ્ઞોના મર્મને જાણનારા હોય છે. (યજ્ઞક્ષપિતકલ્મષાઃ) આપણે બધા યજ્ઞ તો કરીએ છીએ, પરંતુ યજ્ઞને માનતા નથી. માનીએ છીએ તો સમજતા નથી. બાહ્ય ક્રિયાને જ સર્વસ્વ માનીને ચાલીએ છીએ તો હાથમાં કંઈ આવતું નથી. યજ્ઞનું જ્ઞાન-વિજ્ઞાન સમજ્યા વિના, તેના જ્ઞાનયજ્ઞવાળા મર્મને સમજ્યા વિના કરવામાં આવતો યજ્ઞ તો માત્ર અગ્નિહોત્ર છે, જ્યારે યજ્ઞ હર શ્વાસમાં, જીવનની પ્રત્યેક ક્રિયામાં, દરેક વિચારમાં સંપાદિત કરવામાં આવતું એક દિવ્ય કર્મ છે.

ભગવાન આના પહેલાં યજ્ઞમાંથી સૃષ્ટિ ઉત્પન્ન થવાની વાત ત્રીજા અધ્યાયમાં (૩/૧૦ના ૧૧ થી ૧૫ શ્લોક સુધી) વિસ્તારથી કરી ચૂક્યા છે. શાસ્ત્ર કહે છે, 'યજ્ઞો વૈ શ્રેષ્ઠતમં કર્મ' યજ્ઞો એ શ્રેષ્ઠતમ રીતે કરવામાં આવતાં કાર્યો જ છે. (શતપથ બ્રાહ્મણ) પરમપૂજ્ય ગુરુદેવે 'યજ્ઞ'ની સાચા અર્થોમાં પુનઃપ્રતિષ્ઠા કરી. યજ્ઞ માત્ર કર્મકાંડ બની કેટલીક પ્રતિષ્ઠિત સમૃદ્ધિસંપન્ન વ્યક્તિઓ સુધી સીમિત બની રહ્યા હતા. તેમણે પ્રત્યેક માણસ માટે પ્રત્યેકની ક્ષમતા, યોગ્યતા અનુસાર તેને સુલભ બનાવી દીધા. દાન, દેવપૂજન, સંગતીકરણની (યજ્ઞ ધાતુ-ક્રિયાપદના ત્રણ અર્થ) તેમણે યુગને અનુકૂળ વ્યાખ્યા કરી અને જન-જનની યજ્ઞીય વૃત્તિને જગાડી દીધી. યજ્ઞોની પરંપરાને પુનર્જીવિત કરી અને સંપૂર્ણ યુગને યજ્ઞમય કરીને સતયુગની પાછા ફરવાની પ્રક્રિયાને ગતિ આપી. પુરુષ સૂક્ત કહે છે કે આ સર્વહુત યજ્ઞથી જ ચારેય વેદો જન્મ્યા, તેમનો જ વિસ્તાર જ્ઞાનમાં, વૈદિક સંપત્તિ બધાય સુધી પહોંચવા રૂપે થયો. પરમપૂજ્ય ગુરુદેવનું જીવન યજ્ઞમય રહ્યું. તેઓ તેમાં જીવનભર એક સમિધ બનીને બળ્યા અને એક એક કરીને પોતાના કણકણની આહુતિ આપી એક દિવ્યકર્મીએ કેવા હોવું જોઈએ તેનું શિક્ષણ આપી ગયા. આપણે તેમના જીવનમાંથી આ જ શિક્ષણ લઈને પોતાના જીવનને પણ યજ્ઞમય બનાવી શકીએ. આ જ પ્રેરણા આપણને મળવી જોઈએ. શાંતિકુંજમાં 'યુગસંગીત પ્રકોષ્ઠ' દ્વારા એક બહુજ સુંદર ગીત ગાવામાં આવે છે -

'હે પ્રભુ ! અમારું જીવન યજ્ઞમય કરી દો' જો આ ગીતના અર્થને જીવનમાં ઉતારી શકાય તો બધાનું જીવન સાચા અર્થમાં દિવ્ય બની શકે છે.

> ***ચાલમાં ચુસ્તી અને સ્પષ્ટ જવાબો આપનાર વ્યક્તિમાં ઉજ્જવળ વ્યક્તિત્વની ઝલક જોવા મળે છે.***

યજ્ઞીય વૃત્તિ અર્થાત્ નિમ્નગામી પ્રકૃતિની ક્રિયાઓને પોતાને આધીન બનાવીને તે દિવ્ય આનંદનો રસાસ્વાદ લેવામાં આવે, જે યજ્ઞથી , આત્મ બલિદાનથી, શ્રેષ્ઠ ઉદ્દેશો પર ન્યૌછાવર થવાથી પ્રાપ્ત થાય છે. આ જ ભાવાર્થ યજ્ઞાવશિષ્ટના સેવનના માધ્યમથી પ્રભુએ ૩૧મા શ્લોકમાં સમજાવ્યો છે. તેની વ્યાખ્યા આગળના અંકમાં (ક્રમશઃ)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

श्रीरामलीलामृतम्-१

# ચેતનાની શિખર યાત્રા

આ અંકથી અમે 'શ્રીરામલીલામૃતમ્' નામની એક ધારાવાહિક જીવનકથાયાત્રા શરૂ કરી રહ્યા છીએ. તેમાં તાજેતરમાં પ્રકાશિત ગુરુસત્તાની જીવનકથાના અંશ આપવામાં આવશે. એ સમયાનુક્રમ અનુસાર જ રહેશે પરંતુ તેમાં સંપાદિત અંશો સંકલિત હશે. પૂરી જીવનગાથા માટે પ્રકાશિત થયેલ આશરે ૪૦૦ પૃષ્ઠોની 'ચેતનાની શિખર યાત્રા'નો પ્રથમ ખંડ વાંચો. બીજો ભાગ પણ આગામી રામનવમી સુધીમાં તૈયાર થઈ ઉપલબ્ધ થશે.

### ભારત ભાગ્ય વિધાતા

વીસમી શતાબ્દી અથવા પાછલાં સો વર્ષો ભારતીય સમાજ જ નહીં, વિશ્વ ઈતિહાસમાં પણ ઉથલપાથલનાં અને ગહન પરિવર્તનનાં વર્ષો રહ્યાં છે. ઈ.સ. ૧૯૦૫માં બંગાળના વિભાજનથી દેશભરમાં જે પ્રતિક્રિયાઓ થઈ અને ત્યારબાદનાં વર્ષોમાં જે રીતે રાષ્ટ્રીય ચેતના જાગૃત થઈ ઊઠી, તેની અસર બેંતાળીસ વર્ષો પછી ભારતને સ્વતંત્રતા મળવા રૂપે જોઈ શકાઈ. બંગભંગની ઘટના તો એક નિમિત્ત હતી. વ્યાપક પરિપ્રેક્ષ્યમાં તે એટલી મહત્ત્વની ન હતી કે બ્રિટીશ સામ્રાજ્યનું ભાવિ જ બદલાઈ જાય. ૬ વર્ષો પછી વિભાજન રદબાતલ થઈ ગયું, પરંતુ આ નિમિત્તે રાષ્ટ્રને જગાડી દીધું. જનમાનસમા સ્વતંત્રતાની તરસ નિરંતર વધતી રહી. બંગાળના વિભાજને ભારત માતાનાં લાખો-કરોડો સંતાનોને પોતાની સ્થિતિનું ભાન કરાવ્યું. તેઓ સક્રિય થતા ગયા અને રોલેટ એક્ટનો વિરોધ, જલિયાનવાલા બાગ, અસહકાર આંદોલન, સવિનય કાનૂન ભંગ અને સત્યાગ્રહ આંદોલનથી માંડીને સાઇમન કમિશન બહિષ્કાર અને 'ભારત છોડો' જેવાં આંદોલનોના પડાવ પરથી પસાર થઈને ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ સુધી પહોંચ્યા. કેટલાય આરોહો અને અવરોહો વચ્ચે થઈને રાષ્ટ્રની ચેતના જે શિખર પર પહોંચી, તેની અનુભૂતિ પ્રત્યેક ભારતીયને ગૌરવથી અભિભૂત કરી દે છે. શું હકીકતમાં ભારત આઝાદ થયું કે પછી નિયતિએ તેના ભાગ્યનું નિર્માણ કરેલું જ હતું ?

શ્રી અરવિંદ ભારતને મળેલી આઝાદી વિશે લખે છે - ''સાચી વાત તો એ છે કે ઇંગ્લેન્ડે ભારતવર્ષને કદી જીત્યું નહોતું. તેને 'શા માટે અને કેવી રીતે'ની જાણ થાય, તેના પહેલાં જ ભારતને તેના હાથમાં સોંપી દેવામાં આવ્યું. સામાન્ય રીતે જે લોકોએ ઇંગ્લેન્ડ માટે કામ કર્યું તેઓ થોડા અપવાદ બાદ કરતાં બહુ નાના માણસો હતા. ભગવત્ કૃપા વિના તેઓ યુરોપમાં અથવા બીજે ક્યાંક ઈતિહાસમાં પોતાને માટે કોઈ સ્થાન ઊભું ન કરી શકત. ભારતને હરાવવાનો સાફો જીતનારાઓની વિશેષ પ્રતિભા અથવા ક્ષમતાને માટે બાંધી શકાય નહિ કે પરતંત્ર જાતની દુર્બળતાને તેને માટે જવાબદાર લેખી શકાય નહિ. ઈતિહાસનો તે એક એવો ચમત્કાર છે જેની વ્યાખ્યા થઈ શકતી નથી. કહી શકાય કે આ એક એવું ઉદાહરણ છે, જેમાં કોઈપણ વિશેષ ગુણો વિના જ એક મહાન ઉદ્દેશ સોંપવામાં આવ્યો હતો અને એક સૌભાગ્ય વિશેષ તેની દેખરેખ રાખી રહ્યો હતો કે તે પોતાનો ઉદ્દેશ પૂરો કરી શકે.''

આ ઉદ્દેશ પૂરો થતાં જ ભગવાનનો દેવદૂત જે ઇંગ્લેન્ડની રક્ષા કરવા માટે તેની પાસે ઊભો છે અને જે હાથના ઈશારાથી આવી પડનારી બધી મુશ્કેલીઓ અને વિપત્તિઓને દૂર કરી દે છે, તે તેની ઢાલ નહીં બને. ઇંગ્લેન્ડ અહીં ત્યાં સુધી રહી શકશે, જ્યાં સુધી ભારતને તેની જરૂર છે. જરૂરિયાત પૂરી થતાં જ તેણે હારી જવું પડશે, કેમકે અંગ્રેજ રાજ્ય ન તો પોતાના બાવડાના બળે અહીં આવ્યું છે કે નથી પોતાના સામર્થ્ય પર અહીં ઊભું કે જેથી અહીં સ્થાયી થઈ શકે. અગર ઇંગ્લેન્ડ આ દેશને સહાય કરવા ઇચ્છે તો તેની સહાય લઈને અને જો સહાય ન કરવા ચાહે તો તેના વગર, અને જો વિરોધ કરે તો વિરોધ છતાં પણ ભારત પોતાના લક્ષ્યને હસ્તગત



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

કરીને રહેશે.'' શ્રી અરવિંદને યોગવિદ્યાનું પ્રારંભિક શિક્ષણ આપનાર યોગી વિષ્ણુ ભાસ્કર લેલેએ પણ વિભાજનના વિરોધમાં ઊભા થયેલા ક્રાન્તિકારીઓને ભગવાનનું યંત્ર ગણાવ્યા હતા. તેમણે એ પણ કહ્યું હતું કે ભગવાન ભારતનું ભાવિ લખી ચૂક્યા છે. ભારત, ભગવાને પસંદ કરેલો દેશ છે. તે આઝાદ થશે અને તેને દૈવી શક્તિઓ સતત સંરક્ષણ આપતી રહેશે.

આવનાર પંક્તિઓમાં જે પ્રસંગનો અહીં ઉલ્લેખ થઈ રહ્યો છે તેનો સંદેશ આપની સાથે મળતો આવે છે. ઈ.સ. ૧૯૭૨નો એક ચર્ચા પ્રસંગ છે. પરમપૂજ્ય ગુરુદેવ પંડિત શ્રીરામ શર્મા આચાર્યજી હિમાલયના ગુપ્ત પ્રદેશોમાં લગભગ ૬ મહિનાનો અજ્ઞાતવાસ વિતાવીને શાંતિકુંજમાં પાછા ફર્યા હતા. વર્ષ હતું ૧૯૭૨નું. શાંતિકુંજના મુખ્ય ભવનમાં પહેલા માળ પર જ્યાં આજે તેમની અને માતાજીની પાદુકાઓ પ્રતિષ્ઠિત છે, ત્યાં ગુરુદેવ ખુરશી પર બેઠા હતા. ભારતના વિરાટ અને મહિમાવાન સ્વરૂપનો પરિચય વિશ્વસમાજને કરાવવા માટે શોધ-સંશોધન પર ચર્ચા ચાલી રહી હતી. દુનિયાને આપણા મહિમા અને ગરિમાથી પરિચિત કરવી હોય તો તથ્યો અને પ્રમાણો પણ જોઈએ. શોધ-સંશોધનનો ઉદ્દેશ આવી સામગ્રી એકત્રિત કરવાનો હતો. આ શોધ-સંશોધન પાછળથી 'સમસ્ત વિશ્વ કો ભારતકે અજસ્ત્ર અનુદાન' પુસ્તક રૂપે પ્રકાશિત થયું છે. ગુરુદેવના લેખોમાં અને ઉદ્‌બોધનોમાં ભારત એક દિવ્ય લીલાભૂમિ હોવાની ભાવના મુખરિત થઈ છે. કોઈ પરિજને તેમને પૂછ્યું, ''ઈશ્વરને ભારત સાથે વિશેષ લગાવ કેમ છે ? કે તે અહીં જ અવતાર લે છે ? આપણે આપણી જાતને સભ્યતા અને સંસ્કૃતિનો પ્રકાશ પાથરનારી સૌથી પુરાતન જાતિ માનીએ છીએ. આપણે શું શ્રેષ્ઠતાની ગ્રંથિથી પીડિત તો નથી ને ? જો આપણે શક્તિ, જ્ઞાન, કૌશલ્ય અને સંગઠનમાં કોઈથી પણ કમજોર નથી, તો સદીઓ સુધી ગુલામ શા માટે રહ્યા ? જો આપણે મહાબળવાન અને રણવીર હતા, તો હુમલાખોરોને અહીં સફળતા મળવી જ નહોતી જોઈતી.''

પરિજનના પ્રશ્નમાં શંકા કે આક્ષેપ નહિ, જિજ્ઞાસાભાવ હતો. અજ્ઞાતવાસમાંથી પાછા ફર્યાની ખબર બહુ લોકોને ન હતી. ભાગ્યે જ ચાર-છ વ્યક્તિઓ દરરોજ મળવા આવતી. ગુરુદેવ ત્યારે માતાજીના ખંડથી જમણી તરફના ઓરડામાં બેસીને લેખનકાર્ય તથા ભાવિ કાર્યક્રમોનું આયોજન કરતા. પરિજન દ્વારા પ્રશ્ન પુછાતાં ગુરુદેવે ટૂંકો પ્રત્યુત્તર પાઠવ્યો, ''ભારત એ ભગવાનની પસંદગીનો દેશ છે, જોતા નથી, અહીં ઈશ્વરે પોતે શરીર ધારણ કરીને સત્ય અને ધર્મની સ્થાપના કરી. ચોવીસ અવતાર થયા છે આ ભૂમિ પર. ઋષિ, મુનિ, યોગી, યતિ અને સિદ્ધ સંતોની સંખ્યાનું કોઈ અનુમાન લગાવી શકાતું નથી. દુનિયાના બીજા દેશોમાં થયેલા સંતોની ગણતરી કરવામાં આવે, તેમની વિભૂતિઓની વિગતો એકઠી કરવામાં આવે તો તે બધી ભારતમાં થયેલી અધ્યાત્મ વિભૂતિઓના એક અંશ જેટલી પણ નહિ હોય, જેટલા વિચાર, વિશ્વાસ અને સાધના-સંપ્રદાયો અહીં છે, તેટલા વિશ્વના બાકી બીજા દેશોમાં મળીને પણ નહીં હોય. અહીં એ બધી વિદ્યાધારાઓમાં જે સાયુજ્ય છે તે અન્ય બીજે ક્યાંય હોય તો તેમના અધિકારી વિદ્વાન અંદરોઅંદર જ ટકરાઈ જાત. પ્રકૃતિ, ઋતુ, નદી, સરોવર, પર્વત, મેદાન, પ્રાણીજગત અને અહીંના નિવાસીઓ, બધામાં વિવિધતા છે. આ વૈવિધ્યને જોતાં શું નથી લાગતું કે ભારત ભગવાનનો પસંદગીનો દેશ છે ? તેઓ અહીં પોતાની લીલા અને પ્રકૃતિના અવનવા પ્રયોગો કરી રહ્યા છે ?''

થોડીક ક્ષણો થંભીને ગુરુદેવે તે પરિજન સામે જોયું. શબ્દોમાં જેટલું કાંઈ કહી શકાયું તેનાથી અનેકગણો સંદેશ તે દૃષ્ટિપાતમાં પ્રસારિત થઈ ગયો. ગુરુદેવને નિહાળતા જોઈને એવું ન લાગ્યું કે કોઈ બૌદ્ધિક શિખામણ અપાઈ હોય. તે પરિજને પોતાની અનુભૂતિ લખતાં કહ્યું, ''મને મારું બચપણ યાદ આવી ગયું. જયારે ગૂંચવાડાભર્યો પ્રશ્ન સામે આવતો તો મારા પિતાજીને પૂછવા જતો હતો. તેઓ મારા પ્રશ્નનો ઉત્તર કોઈ પુસ્તકમાં જોઈને નહોતા આપતા. ન તો તેઓ કોઈ સૂચના કે તથ્યનો ઉલ્લેખ કરતા. બસ થોડી સૈદ્ધાંતિક બાબતો સમજાવતા અને સ્નેહપૂર્ણ દૃષ્ટિએ જોયા કરતા. હું ભૂલી જતો હતો કે જે પૂછ્યું તેનો ઉત્તર શો છે? તેમની વાતો સાંભળીને અને તેનાથી પણ વધારે તેમની દૃષ્ટિનું પાન કરીને સંતુષ્ટ બની જતો. એવું લાગતું કે ચાવી મળી ગઈ છે. પુસ્તક એક એવો પટારો છે જેમાં તાળું મારેલું છે. ચાવી લગાવો, તાળું ખોલો અને પટાસમાં બંધ સમાધાન પ્રાપ્ત કરી લો.'' ગુરુદેવના ટૂંકા ઉદ્‌બોધન અને થોડીક પળોના દૃષ્ટિપાતથી



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

બચપણની પેલી અનુભૂતિને તાજી કરી દીધી.

''તર્કપૂર્ણ સમાધાન ચાહો તો તે પણ છે.'' ગુરુજીએ ફરીથી કહ્યું, ''સંસાર એક ચક્ર જેવો છે. તે ઘૂમતો રહે છે. કેટલાક આરાઓ ઉપર જાય છે, તો બીજા નીચે જાય છે. ભારતની બાબતમાં પણ આમ જ બન્યું. કોઈ પણ જાતિ હંમેશ માટે ટોચ પર નથી હોતી. ઉન્નતિ સાથે પતન પણ છે. થોડાંક વર્ષોની ગુલામીને પતન માની શકીએ છીએ, પરંતુ તેણે ભારતને નષ્ટ કરી દીધું નહિ. કેટલીય જાતિઓ અથવા સમાજ પચાસ સો વર્ષમાં દમનમાં જ નષ્ટ થઈ ગયાં. ગ્રીસ, મિસર, ઈરાન અને રોમની પ્રાચીન સંસ્કૃતિઓ પોતાનું રક્ષણ ન કરી શકી. તેમનું મૂળ અસ્તિત્વ ક્યારનુંય સમાપ્ત થઈ ગયું. ભારત તે દેશોની સંસ્કૃતિઓ કરતાં વધારે રગદોળાયું અને કચડાયું, તો પણ તે આજે ઊઠીને ઊભું થઈ ગયું છે. આને ભારત નષ્ટ થયું એમ કહેશો કે તેની જિજીવિષાની સાબિતી ? હકીકતોના પ્રકાશમાં જોશો તો પણ જણાશે કે આવી કોઈ બાબત છે જે ભારતને અજર, અજેય અને અક્ષત રાખી શકી છે.''

ઋષિસત્તાઓની કૃપાની એક બીજી વાત ડિસેમ્બર ૧૯૯૨માં એક મોટી ઘટના રૂપે જોવા મળી. તે દિવસોમાં ભારત અને પાકિસ્તાનનું યુદ્ધ ચાલી રહ્યું હતું. યુદ્ધ આરંભ થતાં પહેલાંના સંજોગો ઘણું કરીને બધા જાણે છે. પૂર્વ પાકિસ્તાન (હવે બાંગ્લાદેશ)થી હજારો લોકોનાં ટોળેટોળાં ભારતભણી ચાલ્યાં આવતાં હતાં. ત્યાંના શાસક જનતાને બહુ ખરાબ રીતે પીડી રહ્યા હતા. પૂર્વ પાકિસ્તાન અથવા બાંગ્લાદેશની પ્રાકૃતિક સંપત્તિનું શોષણ ત્યાંથી બે હજાર કિલોમીટર દૂર રહેલા પશ્ચિમ પાકિસ્તાનના હુકમદારો કરતા હતા અને તેને પોતાને ત્યાં ઉપયોગમાં લેતા હતા. ઉત્પાદક દેશ અથવા ક્ષેત્રના હિસ્સામાં તેમના ભાગે શોષણ, દલાલી અને ત્રાસ-પીડા જ આવતાં હતાં. બાંગ્લાદેશના લોકો વીસ વર્ષો સુધી સહન કરતા રહ્યા, ઉચિત અને ન્યાયપૂર્ણ અધિકારોને માટે માગણી કરતા રહ્યા. તેમને સાંભળવાને બદલે શાસકો ઉપેક્ષા અને દમનની નીતિ અપનાવતા રહ્યા. દમન, જુલ્મ, અસહ્ય થઈ પડ્યો ત્યારે પૂર્વ પાકિસ્તાનના લોકો બળવાખોર બની ગયા. તે ભાગમાંથી સ્વતંત્ર રાજ્યની ઘોષણા કરી દીધી. દમનનું ચક્ર વધુ કાતિલ બન્યું તો વિદ્રોહ અને ક્રાન્તિની જ્વાળા પણ ભડકી ઊઠી.

બાંગ્લાદેશમાં ચાલી રહેલા સંગ્રામની અસર ભારત પર પણ પડી. જે લોક જુલ્મ અને દમનનો સામનો નહોતા કરી શક્યા અથવા જેમને માટે સ્થિતિ અસહ્ય થઈ પડી, તેઓ ભારતમાં આવવા લાગ્યા. અહીં ચાલ્યા આવનાર લોકોની સંખ્યા થોડા હજાર, હજારથી લાખ, અને લાખ પછી કરોડની ઉપર પહોંચી ગઈ. આટલા બધા લોકોની દેખભાળનો બોજ ભારત સરકારે ઉઠાવવો પડતો હતો. એ દિવસોમાં સાધનોની તીવ્ર અછત હતી. તેમને નીચોવીને અને અહીંના નાગરિકો પર વધારાનો કરબોજ લાદીને કોઈ પણ રીતે શરણાર્થીઓની વ્યવસ્થા કરાઈ રહી હતી.

પાકિસ્તાનને બાંગ્લાદેશની જનતાના દમનથી જ સંતોષ ન વળ્યો, પોતાની રાજનૈતિક મજબૂરીઓ હોવા છતાં ત્યાંના શાસકોએ ભારત પર યુદ્ધ ઠોકી બેસાડ્યું. પૂર્વી અને પશ્ચિમી સીમાઓ પર જુલાઈ ૧૯૭૧થી જ દબાણ વધવા લાગ્યું, જે થોડાંક જ અઠવાડિયાઓમાં યુદ્ધના રૂપમાં બદલાઈ ગયું. તે દિવસોમાં એવું લાગતું હતું કે મહાસત્તાઓ પણ પાકિસ્તાનના પક્ષમાં હતી. યુદ્ધની ઘોષણા થઈ. પૂર્વી અને પશ્ચિમી સીમાઓ પર ભીષણ યુદ્ધ છેડાયું. બે ત્રણ દિવસોમાં જ પકિસ્તાની સેનાના પાયા હચમચવા લાગ્યા. સેના પાછી હટવા લાગી. બાંગ્લાદેશના મોરચે વિરોધી સેનાનું દબાણ ઘટવા લાગ્યું અને ભારતીય સેના આગેકૂચ કરતી જણાઈ, તો આક્રમણખોરોની પડખે ઊભા રહેલા દેશોએ પહેલ કરી. પહેલ પાકિસ્તાન તરફી જ હતી. આ પહેલનું નેતૃત્વ અમેરીકા કરી રહ્યું હતું. સંયુક્ત રાષ્ટ્રની સુરક્ષા પરિષદમાં મામલો લઈ જવાની તૈયારીઓ થવા લાગી. આ તૈયારીઓનો ઉદ્દેશ કોઈક દેશ પર નૈતિક દબાણ લાવવાનો જ હોય છે.

અમેરિકા આ તૈયારી કરીને જ બેસી ન રહ્યું. તેણે રણક્ષેત્ર પરનું દબાણ પણ વધાર્યું અને સાતમા જહાજી કાફલો 'સેવન્થ ફ્લીટ'નું દિશામુખ હિન્દ મહાસાગર ભણી બદલવાના આદેશ આપ્યા. તે સમય સુધી તે વિશ્વનો સૌથી મોટો જહાજી કાફલો હતો, જેના પર યુદ્ધ વિમાનો, પ્રક્ષેપાસ્ત્ર, વિમાનભેદી તોપો, હવા દ્વારા હવામાં પ્રહાર કરનારી મિસાઈલો અને પૂરતા દારૂગોળાથી સજ્જ સૈનિક ટુકડીઓ હતી. સામર્થ્યની દૃષ્ટિએ સાતમો જહાજી કાફલો એટલો સક્ષમ હતો કે ભારત-પાકિસ્તાન યુદ્ધની સ્થિતિ પલટી દઈ શકે તેમ હતો. ત્યારે ભારતની નૌસેના એટલી સક્ષમ ન હતી કે કાફલાનો ખુરદો બોલાવી શકે અથવા તેનો મુકાબલો કરતાં લાંબા સમય સુધી ટકી શકે. ભારત-પાકિસ્તાન યુદ્ધ ઘમસાણ બનતું ચાલ્યું તો દસ-પંદર દિવસોમાં



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

અંતિમ પરિણામ આવી જવાનું નિશ્ચિત હતું. નિર્ણાયક સંજોગો ઊભા થઈ રહ્યા હતા, પરંતુ સાતમા કાફલાનું મુખ હિન્દ મહાસાગર તરફ ફર્યા બાદ સંજોગો બીજું રૂપ લઈ રહ્યા હતા. અચાનક ૭ ડિસેમ્બર, ૧૯૭૧ના રોજ સૂર્યોદય થયા પછી પહેલી ખબર એ આવી કે કાફલાએ પોતાનું મુખ બદલી નાખ્યું છે અને તે ભારતીય સીમાથી દૂર ખસવા લાગ્યો છે.

શું થયું ? રાતોરાત સ્થિતિ કેવી રીતે બદલાઈ ગઈ? કોઈ કૂટનીતિજ્ઞ પહેલ નહીં, વિશ્વ જનમતનું કોઈ દબાણ નહિ. અમેરિકી શાસન વ્યવસ્થાને ઝીણવટથી સમજનારાઓ જણાવે છે કે આ કક્ષાએ પહોંચ્યા પછી ત્યાંનું સુરક્ષા મુખ્યમથક પેંટાગોન પોતાનો નિર્ણય કદી નથી બદલતું. જહાજી કાફલો રવાના થયા પછી પાછો ફર્યો હોય એવું ઉદાહરણ અમેરિકી ઈતિહાસમાં એક પણ નોંધાયું નથી. સેનાઓની કૂચ કરવાની, યુદ્ધ ઘોષણાની અને મેદાની રણયુદ્ધ શરૂ થયા બાદ તરત પાછા બોલાવવાની અથવા વિરામ લેવાની ઘટનાઓ બીજા દેશોમાં પણ બની નથી. અમેરિકી પ્રતિરક્ષા મંત્રાલયે રાતોરાત નિર્ણય કેમ બદલ્યો ? યુદ્ધ રોકવા, બંધ કરવા અથવા આક્રમણ પાછું ખેંચવા જેવો વિચક્ષણ ફેંસલો કરવાનો અધિકાર અમેરિકાના રાષ્ટ્રપ્રમુખને જ છે. તત્કાલીન રાષ્ટ્રપ્રમુખ રિચર્ડ નિક્સન સમક્ષ અચાનક એવી કઈ મજબૂરી આવી ગઈ કે તેમને કાફલાને પાછો બોલાવી લેવાનો નિર્ણય લેવો પડ્યો ? અમેરિકી બાબતોના વિશેષજ્ઞ વિશ્લેષક આ પ્રશ્નનો ઉત્તર આજ સુધી શોધી શક્યા નથી.

શું કોઈ દૈવી દરમિયાનગીરી થઈ ? શ્રદ્ધાળુ લોકોના મનમાં તે સમયે પણ જિજ્ઞાસા હતી. રાજનાંદગાંવ (છત્તીસગઢ)ના એક સાધક મોહન દેવાંગને ૭ ડિસેમ્બર ૧૯૭૧ની વહેલી સવારે એક સપનું જોયું કે અમેરિકી કાફલો હિંદ મહાસાગર પાર કરીને બંગાલની ખાડીમાં પ્રવેશ કરી રહ્યો છે. શ્રીલંકાની સીમાને ધણધણાવતો પાર કરી રહ્યો છે. ગતિ ક્ષણે ક્ષણે વેગીલી બનતી જઈ રહી છે. કોઈ પ્રત્યક્ષ સંકેત જોવા ન મળ્યો, પરંતુ આભાસ થયો કે સમુદ્રમાં બરાબર તે જ સ્થાનની સીધાણમાં પહોંચ્યો જ્યાં રામેશ્વર સેતુ બાંધવામાં આવ્યો હતો. આ જગ્યાએ થોડા પથ્થર તરતા જોવા મળ્યા. પથ્થરો પર 'રામ' નામ કોતરાયેલું હતું. સ્વપ્નમાં આ દૃશ્ય જોનાર સાધકે જોયું કે તે પથ્થરોની વચ્ચે એક મોટું યુદ્ધ જહાજ (સ્પષ્ટ છે કે સાતમો કાફલો) પસાર થઈ રહ્યું છે. અચાનક જેમ વીજળી ત્રાટકે છે તેમ સમુદ્રની છાતી ચીરીને એક બંધ મુઠ્ઠીવાળો હાથ પ્રગટ થાય છે. પહેલાં મુઠ્ઠી બહાર આવે છે, પછી કાંડુ અને પછી કોણી સુધી બહાર આવતા હાથની ઊંચાઈ આકાશને સ્પર્શવા લાગે છે. મુઠ્ઠી ખૂલતાં જ પંજો પહોળો થતો દેખાય છે અને ધીરેથી યુદ્ધ જહાજને ઢાંકી દે છે. એવી રીતે ઢાંકી દે છે કે યુદ્ધ જહાજનો કોઈ પણ ભાગ દેખાતો બંધ થઈ જાય છે. પછીની જ ક્ષણે સ્થિતિ સામાન્ય બની રહે છે. સમુદ્ર શાંત છે. સાધક આ દૃશ્યને જોતાં એવો અનુભવ પણ કરી રહ્યો હતો કે હાથની આકૃતિ 'લાલ મશાલ' પકડેલા હાથ જેવી છે.

શાંતિકુંજના અખંડ દીપની સામે જપ કરી રહેલી કેટલીક દેવકન્યાઓને પણ આ જ પ્રકારની અનુભૂતિ થઈ હતી. સાતમા કાફલાના પરત ફર્યાની ખબર પ્રસારિત થઈ તે પહેલાં વંદનીય માતાજીએ પ્રણામ કરવા આવેલા સાધકોને કહ્યું, 'હવે ભય ટળી ગયો છે. આ યુદ્ધમાં ભારતની જીત નિશ્ચિત છે. દુનિયાની કોઈપણ તાકાત તેને પરાજિત નહીં કરી શકે. યુદ્ધ સમાપ્ત થયા બાદ જો જો, ભારત દિન પ્રતિદિન પ્રગતિ કરશે. તેણે વિશ્વને માર્ગદર્શન આપવાની જવાબદારી નિભાવવાની છે અને જલદી તે તેને યોગ્ય બની રહેશે. અનેક સાધકોને દેખાયેલું સ્વપ્ન, આભાસ અને અનુભૂતિના દસ દિવસો પછી યુદ્ધ સમાપ્ત થઈ ચૂક્યું હતું અને ભારતે પોતાને સિદ્ધ કરી બતાવ્યું હતું કે તે સત્ય અને ન્યાયના પંથે છે. ભૌતિક દૃષ્ટિએ પ્રત્યક્ષ સમર્થ ન દેખાતો હોવા છતાં પણ તે દુનિયાભરના અયોગ્ય-અનિચ્છનીય વિરોધનો સામનો કરવામાં સક્ષમ છે. તેનો પરાભવ કરવો તે હવે કોઈની તાકાતની વાત નથી.

વિજય પછી ભારતે શક્તિ, સાધના, અને સિદ્ધિના ક્ષેત્રમાં દિન પ્રતિદિન પ્રગતિ સાધી છે. તેના ભાગ્યમાં પહેલેથી જ આ લખાઈ ચૂક્યું હતું. ભારતના પહેલા વડાપ્રધાન જવાહરલાલ નહેરુએ ૧૫ ઓગષ્ટ, ૧૯૪૭ના પોતાના પ્રસિદ્ધ ભાષણમાં જેને નિયતિથી સાક્ષાત્કારની ઉદ્‌ઘોષણા કરી હતી, તે નિયતિ પણ વર્ષો પહેલાં આલેખાઈ ગઈ હતી, પરંતુ તેના અક્ષરો જે સમયે ઊપસી આવતા દેખાઈ રહ્યા હતા, તે ૧૯૧૧નું વર્ષ હતું, જે વર્ષમાં આચાર્યશ્રી શ્રીરામ શર્માનો જન્મ થયો હતો. (ક્રમશઃ)



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

**આત્મીય અનુરોધ**

# સાધના તથા સંગઠન સશક્તિકરણ વર્ષ

પરમ પૂજ્ય ગુરુદેવ વસંત પર્વ પર દરેક વર્ષે નવું લક્ષ્ય નક્કી કરી તેના સુધી પહોંચવા માટે નવા ઉત્સાહ સાથે વિશિષ્ટ તપ-પુરૂષાર્થની ઘોષણા કરતા, શક્તિ અનુદાન પામતા અને આપતા રહ્યા છે. અમને પણ એ કરવાની પ્રેરણા મળી છે. આ વર્ષ સાધના તથા સંગઠન સશક્તિકરણ વર્ષ ઘોષિત કરવામાં આવ્યું છે. આપણે નૈષ્ઠિક સાધકોએ તથા પ્રામાણિક સંગઠિત વ્યક્તિઓએ પોતાના માટે કંઈક વિશેષ લક્ષ્ય સામે રાખી સંકલ્પોની સાથે આગળ રહેવું જોઈએ. સંગઠન વર્ષમાં આપણું સમર્પણ શિખર સુધી પહોંચે, યુગ ઋષિની પાવન પ્રાણ ચેતનાને જન-જન સુધી પહોંચાડી શકીએ તેના માટે પૂજ્ય ગુરુદેવના વિચારો પર આપણે ચિંતન-મનન કરીએ અને કાર્ય કરવા માટે સંગઠિત થઈ લાગી જઈએ.

આ ઐતિહાસિક વર્ષ આત્મમંથનનું પર્વ છે. દેવ પરિવારના સદસ્યો માટે આ આત્માવલોકન, આત્મચિંતન તથા આત્મમંથનનો સમય છે. નવ સૃજન માટે સમર્પિત જુસ્સાદાર સૈનિક ભલે તે ગાયત્રી તપોભૂમિ, શાંતિકુંજ અથવા બ્રહ્મવર્ચસ્ શોધ સસ્થાનના કાર્યકર્તાઓના રૂપમાં આગળની લાઈનમાં ઉભા હોય અથવા તો પોત-પોતાના ક્ષેત્રમાં નવ નિર્માણ માટે ઝઝૂમી રહ્યા હોય, કર્મઠ યુગ સેનાની હોવ, યુગના આ અલૌકિક મહાભારતમાં બધાની ભૂમિકા એક એકથી ચઢીને છે. કોઈ કોઈનાથી ઓછું નથી. માનવતા દ્વારા ઈંચ-ઈંચ ભૂમિ પર લડાઈ રહેલ આ યુધ્ધમાં આમ તો પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે બધા જ કોઈને કોઈ રીતે ફસાયેલા છે, પરંતુ પોતાના પરિજનોને, ગાયત્રી પરિવારના સદસ્યોને આ લડાઈમાં આગલી લાઈનમાં ઉભા રહીને લડવું પડે છે. એ જ કારણ છે કે અસુરતાના ચક્રો, કુટિલ ચાલો તથા વિનાશક આઘાતોના નિશાન સૌથી પહેલા તે બને છે.

આપણે કંઈ પણ, કયાંય પણ અને કોઈ પણ કેમ ન હોઈએ, આપણા ચિંતન અને કાર્ય પર એક નજર નાખી જોઈ લે. કયાંક આપણે અસુરતાના પક્ષધર તો નથી થઈ ગયા ? કયાંક આપણે પોતાના હઠધર્મીમાં પોતાના જ નવ સૃજન અભિયાનને નુકશાન તો નથી પહોંચાડી રહ્યા, જેને આપણે વર્ષોથી રક્ત પ્રવાહ, પ્રાણ પ્રવાહથી સીંચતા આવ્યા છીએ. સંગઠન આપણા પ્રભુનું વિરાટ શરીર છે. પારસ્પરિક સહયોગ તથા સહકાર જ તેમની આ વિરાટ મૂર્તિની અર્ચના-આરાધના છે. થોડું આત્માવલોકન કરી જુઓ કે કયાંક આપણે પોતાના કૃત્યોથી પોતાના પ્રભુના શરીર પર આઘાત તો નથી કરી રહ્યા.

ગુરુવરનો શાખાઓ તથા શક્તિપીઠો માટે સંદેશ હતો કે જ્યાં પણ શાખાઓની સ્થાપના થઈ છે ત્યાં કાર્યકર્તા તેને પોતાના સ્વેદ બિંદુઓથી સીંચતા રહે તેને મરવા ના દે. મરેલી શાખા તેમને એટલું જ કષ્ટ આપશે, જેટલું કોઈ પિતાને પોતાના પ્યારા અને નાના સંતાનનું મૃત્યુ કષ્ટદાયક હોય છે. જો પોતાના શ્રમ સ્વેદ તથા છલકતા ભાવ બિંદુઓથી એને સીંચતા રહે તો કોઈ શાખા કદી કોઈ પણ સ્થિતિમાં ન તો મુરઝાશે અને ન તો તેના ઉપર ઉદાસી છવાશે. જે લોકો એક બીજાની ફરિયાદ કરે છે, પરસ્પર દોષારોપણ કરે છે તેમના વિષે કહેવું પડશે કે તે કદાચ અસુરતાની માયાજાળમાં ફસાઈ ગયા છે. જેમને આગલા ત્રણ ડગલામાં વિજય મેળવનાર કેવી રીતે મૂંઝવાય. મનુષ્ય જે કાર્યને મહત્ત્વ આપે છે તેને સૌથી પહેલા સ્થાને રાખે છે. અહંની પ્રતિષ્ઠા સ્વાર્થી નજરિયા એનાથી શ્રધ્ધા તથા સમર્પણને કોઈ સંબંધ નથી. નવ નિર્માણ અભિયાનને જો નિરર્થક ન સમજે તેના પ્રત્યે સાચી શ્રધ્ધા હોય તો પછી આંતરિક મુશ્કેલીઓને કોઈ સ્થાન નથી. જીંદગીની ઘોર સમસ્યાઓ વચ્ચે પણ પોતાની શાખાઓ અને શક્તિપીઠોને સીંચતા રહેવું સભવીત થશે. શાખા સદસ્ય આ કસોટીમાંથી પાર ઉતરશે અને સંગઠનને વધુને વધુ સશક્ત બનાવશે, એવી વિશ્વાસ ભરી આશા કરી છે. જ્યાં પોતાની વિચારધારા નો વિસ્તાર અને સન્માન બહુ છે પણ સંગઠન નથી બન્યું ત્યાં એ પ્રયત્ન કરવો જોઈએ કે બંધાયેલ વ્યક્તિ શાખા સૂત્રમાં બંધાય એટલે કે સંગઠિત થઇ જાય. કહેવું ન પડે કે આ સંગઠન યુગ છે. એમાં સંઘ શક્તિ સૌથી મોટી શક્તિ છે. યુગ પરિવર્તન માટે આ ચેતનાને વિકસિત કરવી ખૂબ જરૂરી છે.

**આપણે સૌ પરીક્ષણની ઘડીમાં :**

વિનાશનો સરંજામ એકઠો કરનારી અસુરતા પ્રબળ છે કે પછી ઈશ્વરના સેવક, સહચર વધુ શક્તિશાળી છે. આ પ્રશ્ન વાણીથી નહીં વ્યવહારથી, જવાબથી ઉદાહરણથી પોતાનું સમાધાન માંગે છે. આ દેવત્વની પ્રતિષ્ઠાનો સવાલ છે. આપણે પૂજ્ય ગુરુદેવના શિષ્ય થયાની સાર્થકતા આ ક્ષણોમાં, આ દિવસોમાં સિધ્ધ કરવી પડશે જેથી ચારેબાજુ છવાયેલ નિરાશામાં આશાનો પ્રકાશ જાગી શકે. કોઈ આગળ નહીં ચાલે તો પાછળવાળાનું સાહસ કેવી રીતે જાગશે ? વ્યવસાયી બુધ્ધિ લઈને નહીં, શૂરવીરોની સાહસિકતા અપનાવી આપણને એ કરવાનો અવસર મળશે, જે ખાસ, જરૂરી ઉપયોગી જ ન નહીં, પરમ પૂજ્ય ગુરુદેવના શિષ્યો, સહચરોના અવતરણનું લક્ષ્ય છે. યુગ સૃજનના પુણ્ય પ્રયોજનની યોજના બનાવતા રહેવાનો સમય વીતી ગયો. હવે તો કરવાનું જ બાકી છે. વિચારણાને અમલમાં મૂકવાની ઘડી આવી પહોંચી છે. ભાવનાઓનો પરિપાક સક્રિયતામાં થવાની પ્રતીક્ષા કરાઈ રહી છે. મૂંઝવણમાં બહુ સમય વ્યતીત ન કરવો જોઈએ. પૂજ્ય ગુરુદેવે આપણા સામે જે લક્ષ્ય રાખ્યું છે તેના માટે સાધનોની જરૂર તો છે જ એની સાથે એવી પ્રખર/પ્રતિભાઓ જોઈએ, જેની નસોમાં ભાવભર્યું ઋષિ રક્ત પ્રવાહિત થાય છે. ગુરુદેવે આપણી પાસેથી ઋષિ પુત્ર, ઋષિ પુત્રીઓ બનવાની અપેક્ષા રાખી છે. આદર્શો પ્રત્યે અતૂટ આસ્થા તથા ગુરુ પ્રત્યે ભાવભરી ભઠ્ઠીમાં એવી અષ્ટધાતુ તૈયાર થાય છે. જરૂર એવા જ લોકોની છે જે અષ્ટધાતુમાં ઢળાયેલ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

હોય, લોકસેવાનું ક્ષેત્ર વિશાળ છે. તેના કોતરોમાં એવા કેટલાય ઢોંગી વેશધારી લૂંટફાટની તક શોધી બેઠા છે છતાં તેનાથી કંઈ કામ બનતું નથી. પ્રકાશ તો પ્રગટેલ દીપક જ આપે છે.

આપણામાંથી પ્રત્યેક ભાવનાશીલનું કર્ત્તવ્ય છે કે આપણા દ્વારા અપાયેલ આશ્વાસનને નિભાવીએ તથા ગુરુદેવના વિશ્વાસની રક્ષા કરીએ, જેને ગુરુદેવ આજના દિવસોમાં પણ નિશ્ચિંતતાપૂર્વક પોતાના મનમાં જમાવી બેઠા હશે. એમના જતા જ હાથ ઉંચા કરી દઈએ, મોં ફેરવી લઈએ પારસ્પરિક વિગ્રહ પેદા કરી દઈએ, પ્રયત્નોને શિથિલ કરી નાખીએ તો એ શિથિલતા ગુરુદેવ સાથે જ નહીં વિશ્વ માનવતા સાથે પણ વિશ્વાસઘાત જ હશે, જે એ આશા લગાવી બેઠા છે કે વ્યક્તિ અને સમાજના નવ નિર્માણના, યુગ પરિવર્તનના મહાન કાર્યનું નેતૃત્વ વિચારક્રાંતિ અભિયાનના કર્મવીર સદસ્ય જ આગળ ઉભા રહી સંપન્ન કરશે.

આપણે સૌ ચાર રસ્તા પર ઉભા છીએ. જો ઉઠવાની દિશામાં આગળ વધીએ તો આપણો બેડો પાર કરીશું અને સાથીઓને તારીશું. જો લોભ અને મોહની સાંકળોમાં જકડાયેલ સ્વાર્થતાના તાણા-વાણા ગૂંથતા રહે તો ન સ્વાર્થ જ સધાશે અને ન તો પરમાર્થ પણ. બંને હાથોથી હલેસું છૂટી જશે અને તે તોફાનમાં ફસાઈ જઈશું. જેનાથી ફરી ઉગરવું મુશ્કેલ બનશે.

જેના આત્મામાં જાગૃતિ નથી, એને કંઈ ન કહી શકાય પણ જેનામાં કર્તવ્ય અને જવાબદારીની ભાવના બાકી છે, તેના માટે તો આ ઐતિહાસિક ઘડીઓમાં એ યોગ્ય છે કે તુચ્છ સ્વાર્થોના સીમા બંધનો ઢીલા કરી નવ નિર્માણના આ પુણ્ય પ્રયોજનમાં પોતાનું ભરપૂર યોગદાન આપે. કેમકે માનવ જાતિના ઉજ્જ્વળ ભવિષ્ય દેવ સંસ્કૃતિના સૂત્રો પર જ આધારીત છે. જાગ્રત આત્માઓ ઉપર સમયે જે જવાબદારી છોડી છે અને ગુરુદેવે જે મશાલ તેમના હાથમાં સોંપી છે. એ બંને પ્રત્યે કર્તવ્ય નિભાવવા માટે આ જ યોગ્ય છે કે હાલના દિવસોમાં ચાલી રહેલ પ્રયાસોમાં જરા પણ શિથિલતા આવવા દેવી જોઈએ નહિં.

સ્થૂળ શરીરમાં ગુરુદેવ ન રહેવાથી આપણા માટે આ કાર્ય પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની ગયો છે. સંસાર સામે સુયોગ્ય પિતાના અયોગ્ય પુત્ર-પુત્રીઓની માફક આપણે હલકી દૃષ્ટિથી ન જોવામાં આવે. જ્યાં સુધી તે હતા પોતાના પ્રયત્નોથી આ મહાન અભિયાન ચલાવી રહ્યા હતા. હવે જ્યારે જવાબદારી આપણા પર આવી છે તો તેને કોઈ પણ કિંમત પર નિભાવવી જોઈએ. પાછળ હટવાની સંભાવના નથી રહી. સમયે આપણને તે કસોટી આગળ લાવી દીધા છે જ્યાં અસફળ થવા પર આપણે પેઢીઓ સુધી પશ્ચાતાપની આગમાં જ બળવું પડશે. આગળ વધવા અને સર્વસ્વ ન્યોછાવર કરવા સિવાય બીજો કોઈ માર્ગ નથી. જીત પર યશ અને મરવા પર સ્વર્ગ પામવા જેવી ઘડીઓમાં આપણે અર્જુનની માફક હવે ગાંડીવને તાણી રાખવું પડશે.

ગુરુદેવે જીવન સુધી પોતાને અગણિત પરીક્ષાઓમાં હસતા-હસતા ઝંપલાવી અનેક સિધ્ધિઓમાં સફળતા મેળવી. આપણને તેમની પાછળ ચાલવા માટે, લોકમંગળ માટે ત્યાગ-બલિદાન કરવાનો ઈશારો કરતા ગયા છે. તે ન ગયા હોત તો વાત બીજી હતી. જે કંઈ થઈ રહ્યું છે તેનો યશ, દોષ તેમના માથે હતો પણ હવે જ્યારે તેમણે પોતાના અતિ આત્મીય જનોને કંઈક આગળ વધવા માટે સ્પષ્ટ સંકેત કર્યો છે. મહાપ્રયાણના અવસરે ભાવનાપૂર્વક આગ્રહ કરી ગયા છે કે જ્ઞાનયજ્ઞની લાલમશાલમાં મારા દરેક પ્રિયજને શ્રધ્ધા અને સ્નેહ જાળવવાના છે અને તેને કોઈ પણ કીંમતે બુઝાવા દેવાના નથી. આ આગ્રહ તરફથી મોં ફેરવી લઈ જો આપણે કૃપણતાનો પરિચય આપીશું તો આત્મધિક્કાર અને લોકોની ટીકા અને ઈર્ષ્યા જ હાથમાં આવશે.

યુગ સૃજન માટે સંપન્ન પ્રતિભા, શિક્ષા, શ્રમશીલતા જેવી વિભૂતિઓ સારા એવા પ્રમાણમાં જોઈએ. પરંતુ તેનાથી વધુ જરૂર તે દેવાત્માઓની છે, જેનામાં આત્મિક વર્ચસ્વ વિપુલ પ્રમાણમાં ભરેલું છે. વર્ચસ્વ જ આત્મબળ છે. ઓજસ્વી, મનસ્વી અને તેજસ્વી વ્યક્તિ તે હોય છે, જેનામાં આ આંતરિક વૈભવની દૈવી અનુદાનની પૂરી માત્રા વિદ્યમાન હોય. એની શોધને હાલના દિવસોમાં સૌથી વધુ મહત્ત્વ અપાઈ રહ્યું છે. કપરી જવાબદારી સામે છે. તેમને નિભાવવા યોગ્ય પ્રતિભાઓને આગળ આવવા અને લાવવાની જરૂરિયાત એવી છે, જેને એક ક્ષણ માટે પણ આગળ ટાળી ન શકાય. આ ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને યુગ શક્તિ ગાયત્રીનો ફેબ્રુઆરી ૨૦૦૨ નો અંક 'પ્રતિભા વિશેષાંક' પ્રકાશિત કર્યો છે. આપ સર્વે ભાઈ-બહેનોને નિવેદન છે કે આપ તેને ઓછામાં ઓછું બે વાર વાંચ્યા પછી અન્ય ૧૦ પરિજનોને જરૂર વંચાવો. સમર્થ વિચારશીલ પરિજનોને પ્રેરણા આપી ઓછામાં ઓછા ૧૦૦, ૫૦૦, ૧૦૦૦ અંક મંગાવવા પ્રયત્ન કરશો.

એક વિચાર, એક ઉદ્દેશ્ય તથા એક લક્ષ્યનાં લોકોનું સંગઠન આશ્ચર્યજનક કાર્ય કરી શકે છે. આ યુગની સૌથી મોટી શક્તિ સંગઠન જ છે. યુગ પરિવર્તન જેવા મહાન અભિયાન સંગઠનની શક્તિ પર જ સફળ બનાવી શકાય છે. એટલે જ આપણે તે લોકોને શોધવા અને સંગઠિત કરવા જોઈએ, જે નવ નિર્માણના ઉદ્દેશ્ય આદર્શ તથા કાર્યક્રમોમાં આસ્થા રાખતા હોય. સંગઠન આ યુગની એકમાત્ર પ્રેરક શક્તિ છે. આપણે સમસ્ત સમાજને ધાર્મિક આધાર પર સંગઠિત કરવા પડશે. અમારે એવા કર્મઠ અને પ્રબુધ્ધ સાથી જોઈએ, જે યુગ નિર્માણની ભૂમિકા પ્રસ્તુત કરવા માટે પોતાના તુચ્છ સ્વાર્થોની ઉપેક્ષા, અવહેલના કરી શકે, જે પોતાની સમસ્યાઓમાં અટવાયેલ રહીને જ જિંદગી વ્યતીત કરવાની વ્યર્થતાને સમજે અને ભારતીય આદર્શો માટે કંઈક ત્યાગ-બલિદાન કરવાની સાધના અંદર ઉપસાવી શકે. પ્રબુધ્ધ વ્યક્તિઓ માટે આ જવાબદારીઓથી વિમુખ થવું કે ના પાડવી અસંભવ છે. જે સત્તાએ આપણને આ દિશામાં બળપૂર્વક લગાવ્યા છે તે અન્યોન્ય ભાવનાશીલ લોકોના અંતઃકરણમાં પણ તેવી જ પ્રેરણા ભરી રહ્યા છે. આપણું પરિવાર સંગઠન ત્યારે સફળ કહી શકાશે. જ્યારે તેમાં સંમિલિત વ્યક્તિ ઉચ્ચ અને આદર્શવાદીતાની કસોટી પર પાર ઉતરશે, નહીંતર સંખ્યાવૃધ્ધિની વિડંબનાથી ખોટું મન બહેલાવાથી કશું જ નહીં થાય. ●



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

# યુગ નિર્માણ સમાચાર

**મહુવા**–ગવર્મેન્ટ સર્વિસમાંથી જુલાઈ ૨૦૦૧માં રીટાયર્ડ થયેલ પ્રજ્ઞા પરીજન શ્રી વામનરાય ત્રિવેદીએ ૧૩ આજીવન સભ્ય માત્ર ૫૦ % ટકા રકમ લઈ બનાવ્યા. પોતાનો નવો ઉત્સાહ લોકમંગળમાં લગાવતા પૂ. ગુરૂદેવનું ધ્યેય જલ્દી સાકાર થશે તેમની શ્રધ્ધાને અભિનંદન.

**અમદાવાદ**–ઋષિ યુગ્મના સૂક્ષ્મ સાંનિધ્યમાં સાબરમતીના દક્ષિણ તટે સ્થિત અમરાઈવાડી અમદાવાદ (પૂર્વ)માં ગાયત્રી શક્તિપીઠ કાંતિકુંજનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના વડા ડૉ. પ્રણવભાઈના વરદ હસ્તે ૨૦/૧ના સંપન્ન થયો.

તા. ૧૮ના રોજ બપોરે ભવ્ય કળશ યાત્રાથી કાર્યક્રમનો શુભારંભ થયો. સાજે ૮.૦૦ વાગ્યાની ગોષ્ઠીમાં શ્રી શ્યામ બિહારી દૂબેજીએ અવતાર ચેતનાના મહાન કાર્ય માટે સંકલ્પ ''મનુષ્યમાં દેવત્વનો ઉદય અને ધરતી પર સ્વર્ગનું અવતરણ'' કરાવ્યો.

તા. ૧૯ના રોજ ઋષિ પરંપરા મુજબ ગાયના છાણથી લીપેલ, કેળના પાનથી તૈયાંર સુંદર યજ્ઞ શાળામાં સવારથી યજ્ઞ શરૂ થયો. અનેક સંસ્કારો સંપન્ન થયા. રાત્રે મંચ ઉપર સાંસ્કૃતિક કાર્યક્રમ પણ ફ્ળ થયા.

તા. ૨૦ના રોજ સવારે શુભ મુહુર્તમાં ડૉ. પ્રણવભાઈએ વૈદિક કર્મકાંડ દ્વારા પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન કર્યો. આ પ્રસંગે રૂા. ૮૦,૦૦૦નું બ્રહ્મભોજ સાહિત્ય વેચાણ થયું.

**શામળાજી**–ગાયત્રી શક્તિપીઠ શામળાજીના ઉપક્રમે ભીલોડા તાલુકાના ધોલવાણી ગામે સ્વાવલંબી ગ્રામ વિકાસ પ્રશિક્ષણ શિબિરનું આયોજન સંપન્ન થયું. ગામના ૬૦ યુવા ભાઈઓ અને બહેનોએ આ શિબિરમાં ભાગ લીધો. પ્રથમ દિવસે ગામના અગ્ર ગણ્ય વડીલો અને સંતશ્રી રામજી બાપાએ ઉપસ્થિત રહી દિપ પ્રાગટ્ય દ્વારા શિબિરનું મંગલાચરણ કર્યું.

**પામોલ**–ગ્રામ પંચાયતના નવા સરપંચશ્રી તથા નવા સભ્યોએ ચાર્જ સંભાળતાં પહેલા પંચાયત ઘરના આંગણે ગાયત્રી મહાયજ્ઞનું આયોજન સવારે ૧૦.૩૦ કલાકે યજ્ઞની શરૂઆત થઈ ચૂંટાયેલા નવા સરપંચશ્રી બાબુભાઈ ચૌધરી પત્નિ સહિત મુખ્ય યજમાન તરીખે પૂજામાં ભાગીદાર બન્યા તેમની સાથે ડે. સરપંચ તથા બીજા સભ્યો એ યજ્ઞમાં ભાગ લીધો. પ.પૂ.ગુરૂદેવ દ્વારા લેખીત ''ગ્રામ ઉત્થાન કી ઔર'' પુસ્તકના આધારે તથા ''પ્રજ્ઞા પુરાણ'' ના ઉદાહરણો લઈ ગાયત્રી પ્રજ્ઞાપીઠ પામોલના પરિવ્રાજક ''શ્રી કિરીટભાઈ જોષી''એ પોતાની આગવી શૈલીમાં કર્મકાંડનું કાર્ય સંભાળ્યું હતું

યજ્ઞની પૂર્ણાહુતિમાં બધા જ સભ્યોને તથા સરપંચશ્રી ને યુગ સાહિત્ય ભેટ આપ્યું અને દરેકે સંકલ્પ કર્યો કે ગુરૂદેવના વિચારો વાળુ પામેલ ગામ બનાવીશું.

**ભાણવડ**–ગાયત્રી પ્રજ્ઞાપીઠ પર ભાણવડ તાલુકાના ૨૩૦૯ વિદ્યાર્થીઓ જે ભારતીય સંસ્કૃતિ જ્ઞાન પરીક્ષામાં બેઠા હતા તેઓની પુરસ્કાર વિધિ રાખવામાં આવી હતી. જેમાં ખાણ અને ખનિજ ખાતાના ગુજરાત રાજ્યના રાજ્ય પ્રધાન શ્રી મુળુભાઈ બેરા પ્રમુખ સ્થાને હતા તથા ભાણવડ તાલુકાના મામલતદાર તથા તાલુકા વિકાસ અધિકારી તથા વી.એમ. ઘેલાણી હાઈસ્કૂલના આચાર્ય શ્રી અને જામનગર જીલ્લા ગાયત્રી પરિવારના મહામંત્રી શ્રી હેમંતભાઈ મિસ્ત્રી અતિથિ વિશેષ પદે હતા. તદ્ઉપરાત ભાણવડ તાલુકાના ૨૨ સ્કૂલોના આચાર્યો શિક્ષક ભાઈ બહેનો અને તળપદ્ના વિદ્યાર્થી મિત્રોની બહોળી સંખ્યામાં હાજરી હતી.

રાજ્ય પ્રધાનશ્રી તરફથી દરેક વિદ્યાર્થીઓને શિક્ષક મિત્રોને અને પરીક્ષા વખતના સ્વયં સેવકોને ગાયત્રી પરિવાર નામની બોલપેન તથા પ્રધાનશ્રીની સહિવાળું સર્ટી એનાયત કરવામાં આવ્યું.

**આણંદ**–ગાયત્રી જ્ઞાન પ્રચાર કેન્દ્ર દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ પેટલાદમાં ૧૧ કુંડીય ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવેલ. તે વખતે ૩ બહેનોના પુંસવન સંસ્કાર તેમજ ૩ ભાઈઓનો જન્મ દિવસ ઉજવવામાં આવેલ પેટલાદમાં ગઈ સાલ સત્યનારાયણ કથાનું આયોજન કરવામાં આવેલ તે જગ્યાએ ફરીથી આ સાલ કાર્યક્રમ થયો. ગઈ સાલ જે એરીયામાં ગુરૂજી વિશે કોઈ જાણતું ન હતું તેની આ સાલથી જાગૃતી આવેલ અને નાનો મોટો રોજગાર ધંધા કરતા ગરીબ પરીજનો એ પોતાનો રોજગાર ધંધા બંધ રાખી પ્રેમથી ભાગ લીધેલ સાહિત્ય સ્ટોરનું આયોજન પેટલાદ પરિવારે કરેલ.

ગાયત્રી જ્ઞાન પ્રચાર કેન્દ્ર દ્વારા ઋષિ ચિંતનના સાંનિધ્યમા હમણા લખાયેલ બુકનું બ્રહ્મભોજમાં વિતરણ કરવાનો સંકલ્પ લીધેલ છે અને અમદાવાદ શાખાથી બુકો મંગાવવામાં આવેલ છે. નરસંડામાં પ્રજ્ઞા પુરાણ કથા વખતે ૨૫ બુકનું બ્રહ્મભોજમાં વિતરણ કરેલ કેન્દ્ર દ્વારા આ વર્ષ ૨૫૧ બુકનું વિતરણ કરવાનું આયોજન છે.

**બાયડ**–પ.પૂ. ગુરુદેવ અને પ વંદનીયા માતા ભગવતીદેવી શર્માના સૂક્ષ્મ સાનિધ્યમાં તા. ૧૪થી ૧૮ડિસે. ૨૦૦૧-પાંચ દિવસ પ્રજ્ઞા પુરાણની કથા ગાયત્રી શક્તિપીઠ બાયડ ખાતે સંપન્ન થઈ. ડભોઈથી પધારેલ શ્રીમતી રશ્મીબેન ભગત દ્વારા આ કથાનું રસપાન કરાવવામાં આવ્યું. કલયુગની સમાપ્તિ અને સતયુગની શરૂઆતના આ સંધિકાળમાં માણસ માત્રને ગાયત્રી મંત્ર સિવાય ચાલશે નહિં તેવી પ્રતિતિ સૌને થઈ. વ્યસન, ફેશન, ભ્રષ્ટોચાર, પાપાચાર, સામે ઝઝુમવા માટે હિંમત મળી. નારી જાગરણ, પર્યાવરણ, સ્વાસ્થ્ય, સ્વાવલંબન, શિક્ષા, સાધના, વ્યસનમુક્તિ જેવા સપ્તસૂત્રી કાર્યક્રમોને પણ કથામાં ખૂબજ સુંદર રીતે વણી લેવામાં આવ્યા.

કુલ ૧૦,૦૦૦ જાગૃત આત્માઓએ આ કથામાં ભાગ લીધો. આટલી મોટી સંખ્યા મંડળમાં સમાઈ ન શકે તેથી ટી.વી. ઉપર આ કથાનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું. ૧૫૦ ગામડામાંથી જાગૃત આત્માઓએ યુગઋષિ, યુગવ્યાસ પંડિત શ્રીરામ શર્મા આચાર્યજી દ્વારા રચીત ૧૯મી પ્રજ્ઞા પુરાણ કથાનું રસપાન કર્યું. કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી મનહરભાઈ પટેલ, ભરતભાઈ ઉપાધ્યાય, ચંદુભાઈ પટેલ, સુરેશભાઈ ગોસ્વામી, મહેન્દ્રભાઈ પટેલ, હરીભાઈ પટેલ, કાંતિભાઈ પટેલ તથા યુવાનો અને સક્રીય બહેનો દ્વારા આ કાર્યક્રમની સફળતા પ્રાપ્ત થઈ અને પૂ. યુગઋષિ, યુગવ્યાસની શક્તિની પણ અનુભૂતિ થઈ.



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.

R. N. I. 23434/71 YUG SHAKTI GAYATRI GUJARATI MONTHLY REGD. No. AG / MTR-39 Licenced to post without Prepayment. LICENCE-AG/MTR-01



નશા નિવારણ રેલીનું નેતૃત્વ કરતા પૂ. પં. લીલાપત શર્મા



નશા નિવારણ રેલીમાં સામેલ ભાઈ–બહેનો



ગાયત્રી તપોભૂમિથી પ્રારંભ થયેલ નશા નિવારણ રેલી.

માલિક યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરા માટે લીલાપત શર્મા દ્વારા પ્રકાશિત તથા યુગ નિર્માણ પ્રેસ મથુરામાં મુદ્રિત અને
યુગ નિર્માણ યોજના ટ્રસ્ટ મથુરાથી પ્રકાશિત-સંપાદક પં૦ લીલાપત શર્મા, સહ સંપાદક-ઘનશ્યામ પટેલ



**Disclaimer / Warning:** All literary and artistic material on this website is copyright protected and constitutes an exclusive intellectual property of the owner of the website. Any attempt to infringe upon the owners copyrights or any other form of intellectual property rights over the work would be legally dealt with. Though any of the information (text, image, animation, audio and video) present on the website can be used for propagation with prior written consent.